દયા, ક્ષમા અને શાન્તિ.

દાવાદ પ્રાર્થના સમાજમાં

નરસિંહરાવ ભોળાનાથે

આપેલું.

વ્યાખ્યાન.

અમદાવાદ

આર્યોદય પ્રેસ.

૧૯૪૮. સને ૧૮૯૨

दया क्षमा शान्ति । तेथें देवाची वसति ॥

આ મરાઠી અભંગનો અર્થ એ છે કે—"જ્હાં દયા, ક્ષમા, અને શાન્તિ હોય, ત્હાં ઈશ્વરનો વાસ છે."

આજ આ વચન ઉપર યથામતિ વિવેચન કરવાનું ધાર્યુંછે. ઈશ્વર અમૂર્ત, અદૃશ્ય, ઇન્દ્રિયાતીત આપણે માનિયે છિયે. તેથી હેનું નિવાસસ્થાન અમુક જ એમ કદી કહી જ સકાય નહિં. તેમજ એ ઈશ્વર સર્વવ્યાપક છે એમ પણ આપણે માનિયે છિયે. તેથી અમુક સ્થાન તે હેનું નિવાસસ્થાન નહિં એમ પણ ના કહી સકાય. પરંતુ એટલું તો અર્થાત્ જ સિદ્ધ થાયછે કે અમુક જ સ્થળમાં ઈશ્વરના વાસસ્થાનનું નિયંત્રણ કરી મર્યાદિત કરી સકાય નહિં. કેમકે એથી હેના સર્વવ્યાપકત્વને, અમૂર્તત્વને, અભેદ્યત્વ અચ્છેદ્યત્વ અમેયત્વ ઇત્યાદિક મૂર્ત પદાર્થથી વિરુદ્ધ ગુણોને બાધ આવે. ઈશ્વરનું સર્વવ્યાપકત્વ તે કાંઇ વાયુ આકાશ ઇત્યાદિકના જેવું વ્યાપકત્વ પણ નથી. એ સર્વવ્યાપકત્વ ઈશ્વરના અનિર્વાચ્યત્વની સાથે જ અનિર્વાચ્ય છે. **सत्तार्थी जें व्याप्त छे** એટલું જ કદી કહિયે તો કહી સકાય. ઈશ્વરના અસ્તિત્વનો સર્વત્ર આપણા આત્માને વિલક્ષણ રીતે બોધ થાયછે; આપણે એ અસ્તિત્વને આપણા આત્માના અસ્તિત્વ જેટલું જ નિકટ રીતે જાણે અડકીને જાણિયે છિયે. આ રીતે જ હેનું સર્વવ્યાપકત્વ સમજાયછે. એ સર્વવ્યાપક ઈશ્વરને **अंतर्गुहालीन**—આત્માની ઊંડી ગુહામાં લીન—થયેલો સોધીને જોવાનું તો અત્યન્તધ્યાનાભ્યાસવાળા ભક્તોને ભાગ્યે રહેલું છે. પરંતુ તેટલામાટે નિત્યવ્યવહારમાં, જીવનના સામાન્ય પ્રવાહમાં, પણ સાધારણ ભક્તજનોને એ ઈશ્વરનું જ્ઞાન થવું અશક્ય નથી; પોતાની અપાર અને સર્વ બાલક ઉપર સમભાવ રાખનારી કરુણાને બળે ઈશ્વર હેવા ભક્તોને પણ હેના સામાન્ય પ્રસંગોમાં પણ પોતાના સ્વરૂપનું ભાન કરાવે છે. હેવા પ્રસંગોને વિશેજ આ અભંગ કહેછે:—**द[या क्ष]मा शान्ति तेथें देवाची वसति.** જ્હાં દયા, ક્ષમા, અને શા[ન્તિ ...] ઈશ્વરનો વાસ છે. તીર્થનાં જળમાં, કે યાત્રાના સ્થળ[...]

પાષાણાદિ મૂર્તિમાં, કે હેવા કોઇ માત્ર પાર્થિવ પદાર્થમાં તેમજ પદાર્થોમાં ઈશ્વર નથી વસતો; હેવે સ્થળે ભટકી ભટકીને ઈશ્વર શોધ્યો નથી જડતો. તેમજ ગંભીરસમાધિલીન થઈને આત્મગુહામાં અંતર્લીન ઈશ્વરને જોવાનું સર્વ સામાન્ય જનોને બની આવતું નથી; જો કે એ વિધિ અશક્ય અથવા અપ્રાપ્ય છે એમ નથી. માટે જ્યહાં દયા, જ્યહાં ક્ષમા, જ્યહાં શાન્તિ,—ત્યહાં ઈશ્વરનો નિવાસ છે, અને તે સર્વ વિચારવંત જનોને સહજ જડે એમ છે.

ત્હારે જ્યહાં દયા, ક્ષમા, શાન્તિ, ત્યહાં ઈશ્વરનો વાસ શી રીતે તે સમઝવાને અર્થે પ્રથમ દયા, ક્ષમા અને શાન્તિ એ ત્રણ વસ્તુનું સ્વરૂપ શું તે જોવું જોઇયે. તો આ વચનમાં પ્રથમ કહેલી છે તેથી, તેમજ મનુષ્યહૃદયમાં ઉત્પત્તિક્રમમાં પણ પ્રથમ છે તેથી, **दया** પ્રથમ લઇયે: **दया** એટલે **समभावजनित हृदयनी आर्द्रता.** કોઇ પણ ઇતર મનુષ્ય અથવા બીજા પ્રાણીની અવસ્થા સાથે પોતાના મનનો સમભાવ—એક રસ રાખીને જે હૃદયમાં આર્દ્રતા થાય, તે મનુષ્ય અથવા પ્રાણીની સાથે તન્મયતા થાય, ત્હેના દુઃખે દુઃખી થવાય, ત્હેના સુખે સુખી થવાય,—એ સ્થિતિ અથવા ગુણનું નામ **दया.** આ **दया**ની બે સ્થિતિ છે; (૧.) **भावपर्यवसायिनी** અને (૨.) **कृतिपर्यवसायिनी.** કોઇ પણ મનુષ્ય અથવા પ્રાણીનું દુઃખ જોઈ હૃદયમાં દુઃખી થવું—એટલેજ અટકી રહિયે તો તે **भावपर्यवसायिनी दया.** અને તેમ આર્દ્રતા થવા ઉપરાંત તે દુઃખિતને મદદ કરવાને પોતે યોગ્ય મહેનત કરવી તે **कृतिपर्यवसायिनी दया. कृतिपर्यवसायिनी दया** તે **भावपर्यवसायिनी दया** વિના સંભવતી જ નથી; કેમકે સમભાવ થઈ આર્દ્રતા ઉત્પન્ન થયા વિના સહાય થવાની કૃતિ ઉત્પન્ન થાય જ નહિં. જનમંડળમાં કીર્તિના લોભે, અથવા રાજસત્તા તરફથી માન મળવાના લોભે, અથવા હેવા કોઇ હલકા હેતુથી **दया**ની કૃતિ જેવી કૃતિ થાય,—ઔષધાલય સ્થપાય, ઇનામો અપાય, ગરીબને દાન અપાય, તો તે કાંઇ **दया**નાં કાર્ય નહિં, પણ **दया**નો
...ળુ કરનારા પેલા અધમ હેતુનાં જ કાર્ય. માટે **कृतिपर्यवसायिनी**
...**वपर्यवसायिनी दया** વિના સંભવેજ નહિં. પરંતુ **भाव**-
... તે **कृतिपर्यवसायिनी दया** વિના હોઈ શકે ખરી.

કેમકે એ તો હેની પૂર્વસ્થિતિ જ છે.‡ પણ **भाव**માંજ અટકી રહેનારી **दया** એકલી નકામા જેવી જ છે. હેનો મહિમા **कृति** કરાવનારી **दया**ના સાધન તરીકે જ છે. શાથી કે ગમે એટલું પારકાના દુઃખથી દુઃખી થઈને આપણે બેશી રહિયે, તો ત્હેમાં તે દુઃખિતને અને જગત્‌ને શો લાભ? આપણને કાંઇક લાભ એટલો થાય ખરો કે આપણે એ સમભાવ રાખવાના અભ્યાસને લીધે આપણા સુખમાં ઉન્મત્ત ના થઇયે, તેમ દુઃખપ્રસંગે દુઃખથી દબી ના જઇયે. પરંતુ એટલોજ લાભ પ્રમાણમાં બસ નથી. અને એ લાભ તો અન્ય રીતે પણ—જેમકે, આપણા કરતાં વધારે સુખીની સાથે આપણી સ્થિતિ સરખાવીને મદ રોકવાથી, તેમ જ આપણા કરતાં વધારે દુઃખી સાથે આપણી સ્થિતિ સરખાવીને ઉપકાર માની સંતોષ પામવાથી—સિદ્ધ થઈ સકેછે. માટે **भाव** આગળ અટકી ના રહેતાં **कृति** ઉપર જનારી **दया** તેજ ખરી **दया** છે. કોઇ નિર્બળ મનુષ્યને કોઇ દુષ્ટ પીડા કરતો હોય, અને આપણે માત્ર—"અરેરે! બિચારાને કહેવી પીડા કરેછે!"—એમ બોલીને જોયાં કરિયે તો તે **दया** નહિં, પણ **अदया** જ; અને જો આપણામાં સાહાય્ય કરવાની શકિત હોય છતાં "મ્હારે શી પડી છે? એ હેનું ભોગવી લેશે" એમ વૃત્તિ આણીને ઊભા રહિયે તો તો તે **अदया** એટલું જ નહિં પણ **निर्दयता**. અને જો તરત આપણા બળનો સદુપયોગ કરીને, અથવા શાન્તિવચન કહી સલાહ આપીને, આપણે પેલાને છોડવિયે તો તે ખરી **दया**. ખરી **दया**નો ઉદય મનમાં થાય તો **कृति** કર્યા વિના મનને નિરાંત વળે જ નહિં, સંતોષ થાય જ નહિં. કોઇ કહેશે કે એ બધું તો ખરું, પણ આપણે આખા જગત્‌માંનાં દુઃખિત જનોનું દુઃખ

---

‡ અહિં કેટલેક સ્થળે **भावपर्यवसायिनी** એ શબ્દ જરાક અયોગ્ય જણાય છે; કેમકે જો **भावपर्यवसायिना दया** હોય તો તો પછી તે **भाव**માંજ અટકે અને **कृतिपर्यवसायिनी** કદી થાયજ નહિં; **पर्यवसायिनी** એ શબ્દ જ આગળ ગતિનો બાધક છે. માટે જ્યહાં આવો અર્થવિરોધ જણાય ત્યહાં **भावपरायणा** અથવા **भावपरा दया** એમ કહેવું જોઇયે. પરંત પ્રથમ ભેદમાં તે શબ્દ ના રાખ્યાથી આગળ પણ મૂળના જ શબ્દ રાખ-જે **भावपर्यवसायिनी** હતી તે કોઇ રીતે ત્હેવી મટીને **कृतिप** થઈ એમ અર્થ બેસાડવો.

નિવારણ શી રીતે કરી સકિયે? આ ટૂંકા આયુષ્યમાં, ધનાદિક સાધનના સંકોચમાં, સર્વને સાહાય્ય શી રીતે કરાય? પરંતુ આ માત્ર અનિચ્છા-જનિત શંકા છે. કાંઈ પણ ના કરવું એ વૃત્તિથી આ વાંધો ઉત્પન્ન થાયછે. આખા જગતનું દુઃખ ના નિવારાય માટે શું એક જણનું પણ ના નિવારવું? તેમજ ધનથી જ શું કાંઈ **दया**નાં કાર્ય થાયછે? ધન નહિ તો બળથી, બળ નહિ તો વચનથી,—એમ અનેક રીતે **दया**નાં કાર્ય થઈ સકેછે. રસ્તામાં જતાં ગરીબને પીડતા દુષ્ટને દૂર કરી ગરીબને છોડવવો હેમાં તો ધનનું કામ કાંઈ પડતું નથી કની? કદી કહેશો એ દુષ્ટ આપણા કરતાં બળવાન્ હોય તો શું કરવું? પરંતુ હૃદયના બળ આગળ શરીરનું બળ નિર્બળછે. અને તેમ રહ્યું તો વચનબળથી સલાહ આપીને તો છોડવવામાં કાંઈ ભાય છે? અને બળ હોય તો પણ કેટલા થોડાં મનુષ્યો એમ પીડિતનો બચાવ કરવામાં બળ વાપરે છે? એ તો રહ્યું; પણ રસ્તે જતાં અશક્ત વૃદ્ધ માણસ બિચારો લથડતો હોય અને પોતાને બચાવી ના સકતો હોય તો ત્હેવાને માત્ર હાથ ઝાલીને રસ્તાની બાજૂએ કરવામાં તો ધનનો કે બળનો કે કશાનો ખપ નથી પડવાનો. એટલું પણ જાતે **सुखत्याग**નું સાધન કર્યા વિના તો પછી કદી **दया**ની કૃતિ થવાની નથી. જો ખરો **दया**ભાવ મનમાં ઉછળતો હશે તો 'હું શી રીતે **दया**નાં કાર્ય કરીશ?' એ વિચાર જ ઉત્પન્ન નહિં થાય. કોઇ પણ રીતે સર્વ સ્થળે **दया**નાં કાર્ય કરવાને માટે ખરા **दया**યુક્ત મનુષ્યને પ્રસંગ મળ્યા વિના નહિં રહે. સાધનની ખામી હેવા મનુષ્યને નહિં નડે. એક બે ઉદાહરણોથી આ વાત વિશેષ સ્પષ્ટ થશે.—

†એક દહાડો બ્રિસ્ટલની એક ગુલામ વેચવાની દુકાન ઉપર એક વૃદ્ધ હબસીને વેચવા માટે વેચવાના પાટ ઉપર રાખવામાં આવ્યો હતો. હેવી વખતે એક બાલિકા રમતી રમતી ત્યહાં આવી પ્હોચી. વૃદ્ધપણાને લીધે હબસી પાટીઆ ઉપર ઊભો ઊભો ધ્રૂજતો હતો. આ દેખાવ જોઇને બાલિકાના કોમળ પ્રાણમાં આઘાત લાગ્યો. તે હવે રહી સકી નહિં, એકદમ વેચનારના ચરણ નીચે પડી ત્હેના મ્હો સામું જોઈને બોલી, "મહારાજ! હું આપની આગળ વિનીતભાવથી પ્રાર્થના કરું છું કે આપ આ વૃદ્ધ ગુલામને ઘો, તેમ નહિં કરવા ઇચ્છતા હો તો ત્હેને બદલે મ્હને વેચી નાંખો!" [illegible] કરુણાજનક વાક્યથી ગુલામ વેચનારનું સખ્ત હૈયું થોડી

†હેમચંદ્રકૃત 'સદ્બોધવાર્તાવળી.'—પૃ. ૧૩૮.

ારને માટે રડ્યું! પેલી છોકરીને પોતાને ખોળે લઈને સાદરથી મુખચુમ્બન કરીને કહેવા લાગ્યો, "બેટા! આટલી ન્હાની ઉમ્મરમાં કોણે ત્હને દુઃખીને માટે રોતાં શીખવ્યું? તું શા માટે આટલી બધી રુવેછે? શું માગે છે? તે ખુલ્લે ખુલ્લું કહે." બાલિકા રોતી રોતી કહેવા લાગી, "મહારાજ! મ્હારી આટલીજ ભિક્ષા છે, વૃદ્ધને છોડી મૂકો." વેચનારે બાલિકાને કહ્યું, "ઈશ્વર ત્હને દીર્ઘજીવિની કરો! મ્હેં આ વૃદ્ધને ત્હારા હાથમાં સોંપ્યો, જેવી ત્હારી ઇચ્છા હોય તે કરવાને તું મુખ્તિયાર છે." બાલિકા તે વેળાએ વેચનારના ખોળામાંથી ઉતરીને ધન્યવાદ આપીને તે આખી ઉમ્મરના દુઃખી હબસીનો હાથ ઝાલીને આલ્હાદિત મનથી માતાની પાસે લઈ ગઈ.

આ બાલિકાને ધનની, બળની, કશાની પણ જરૂર હતી? માત્ર પોતાના વચનબળે, ખરી આર્દ્રતાથી પ્રેરિત થયેલાં વચનને બળે વૃદ્ધ હબસીનું રક્ષણ કર્યું. **દયા**પ્રેરિત વચન તે જ હેનું ધન હતું, તે જ હેનું બળ હતું. ના; હેનું ધન એથી પણ વિશેષ હતું. હબસીને બદલે પોતે જાતને ગુલામગિરીમાં વેચાવવા એ તૈયાર થઈ હતી; પોતાની અમૂલ્ય સ્વતન્ત્રતાનો ભોગ આપવાને તૈયાર થઈ હતી.

બીજું એક ઉદાહરણ લઈએ.—† ઇ. સ. ૧૫૮૫ માં રાણી ઇલિઝાબેથના રાજ્યમાં જ્યહારે સ્પેનની સાથે ઈંગ્લાંડને લડાઈ ચાલતી હતી, ત્યહારે હાયલેંડમાં ઝટફેન નગરની બ્હારચ એ બંને પક્ષ વચ્ચે એક ન્હાનીસરખી લડાઈ થઈ હતી. તે લડાઈમાં સેનાપતિ સર ફિલિપ સિડ્નીને સખ્ત જખમ લાગ્યો. સિડ્ની કાર્યદક્ષતા અને ચરિત્રની સાધુતાને લીધે ગરીબોને પ્રિય થઈ પડ્યો હતો. ત્હેને લડાઈના મેદાનમાંથી બીજી જગાપર દવાદારૂ કરવા લઈ જતા હતા, ત્હારે તે ઘણો તરસ્યો હોવાથી ત્હેણે પાણી માગ્યું. ભીષણ રણક્લેશ પછી જખમી થઈને તરશ છિપાવવાને માટે સિડ્ની ગ્લાસ મ્હોં આગળ લઈ જાયછે, હેવી વખતે જોયું કે બીજો એક સિપાઈ મરણની પથારી ઉપર પડેલો ત્હેને રસ્તેથી ઉચકનારા લઈ જાયછે. જવાની વખતે પેલો શુષ્કકંઠ મરવા પડેલો સિપાઈ અનિમેષ નયનથી સિડ્નીના હાથમાંના ગ્લાસ ઉપર જોતો ગયો. વીર, ઉદારહૃદય સિડ્ની સમજ્યો કે ત્હેને પાણી પીવાની ઘણી તરશ લાગીછે. તેથી પોતાને ઘણી તરશ લાગવા છતાં તરત તે પાણીનો ગ્લાસ સિપાઈ હાથમાં આપીને બોલ્યો "ત્હારી ગરજ મ્હારા કરતાં પણ વધારેછે

† નારાયણ હેમચંદ્રકૃત 'સદ્‌બોધવાર્તાવળી' પૃ૦

અહિં પણ સિડનીનું ઉદાર દયાળુપણું શું બતાવેછે? ધન કે બ કે હેવાં સાધનથી જ दयाનાં કાર્ય થાયછે એમ નથી. હેવા પ્રસંગો આ છે કે જ્યહાં એ સાધન તો તુચ્છ થઈ જાયછે. અહિં સિડનીએ પોતાન પ્રાણ કરતાં વધારે પ્રિય પેલા સામાન્ય સિપાહીનો પ્રાણ ગણીને, પોતા પીવાનું પાણી હેને આપ્યું. આ સાધારણ સ્વાર્થત્યાગ ન્હોતો. ઘવાયે પુરુષની અવસ્થામાં પાણીની આવશ્યકતા કેટલીછે, તથા એ યુદ્ધપ્રસંગે પા મળવું કેટલું દુર્લભ હતું, તે વિચારતાં આ સ્વાર્થત્યાગનું ખરું માપ જણાશે. પોતાના જીવને જોખમમાં નાંખીને આ दयाનું કાર્ય થયું.

આ दयाનાં ઉદાહરણોથી શું જણાયછે? એ જ કે दयाની કૃતિ કરવામાં **स्वार्थत्याग**—ન્હાનો કે મ્હોટો **स्वार्थत्याग**—બીજરૂપ રહેલોછે. પછી એ બલિ આપેલા સ્વાર્થના સ્વરૂપ ઉપર એ दयाના કાર્યની મહત્તા નો આધાર રહેવાનો. પરંતુ निर्दयत्वનું માપ તે ભોગ આપવાના સ્વાર્થના પરિમાણથી વિપરીત પ્રમાણમાં થવાનું. રસ્તામાં જતા અંધને પછાડી આવતી ગાડીથી બચાવવા માટે હાથ પકડીને બાજૂ પર દોરી જનારની दया ની કૃતિ ન્હાની કૃતિ જ છે; પરંતુ તેમ ન દોરી જનારની निर्दयता તે થી જ કરીને વધારે છે. કેમકે એટલો ન્હાનો સરખો સ્વાર્થ—પોતાને શ્રમ પડે એટલોજ સ્વાર્થ—ત્યાગ ના કરી સકે એ મ્હોટી निर्दयता. તેમજ દરિઆમાં ડૂબતા બે જણને હાથ આવેલું પાટિયું જો એક છોડે તો જ બીજો બચે નહિં તો બંને ડૂબે ત્હેવી અવસ્થામાં પાટિયું છોડી દેનારની મ્હોટી दया, પરંતુ ન છોડી દેનારની ન્હાની निर्दयता; કેમકે અહિં ભોગ આપવાનો સ્વાર્થ પોતાનું જીવન એ સ્વાર્થ—મ્હોટો હતો.

दयाની કૃતિનું બીજ **स्वार्थत्याग** એ છે તે આપણે જોયું. અને એ **स्वार्थत्याग** તે વળી **समभाव**નું—તન્મયતાનું—પરિણામ છે; તન્મયતા કરતાં પણ વધારે ચઢતી વૃત્તિનું પરિણામછે. કેમકે તન્મય થાય તે તો પારકાના દુઃખ જેટલું દુઃખ ભોગવે. પરંતુ પારકાનું દુઃખ માત્ર દૂરથી જ અનુભવી સકીને, પોતે વાસ્તવિક સુખી છતાં—પારકાના દુઃખથી ત્હેની પેઠે અસ્પૃષ્ટ છતાં,—પોતાના સુખનો, સ્વાર્થનો ત્યાગ કરવાને તત્પર થાય તે માણસ ન્મયતા કરતાં વધારે તીવ્રભાવ અનુભવી સકતો હોવો જોઈયે.

આપણે **भावपर्यवसायिनी दया** અને **कृतिपर्यवसायिनी दया**નો ... જોઈ લીધો. એ બેમાં એક તત્ત્વ **स्वार्थत्याग** છે.

भावपर्यवसायिनी दयाમાં **स्वार्थत्याग** ભળ્યો,—અથવા બીજી રીતે કહિયે તો, **भावपर्यवसायिनी दया**નો ઉદ્રેક એટલો થયો કે **स्वार्थत्याग**ની તત્પરતા ઉત્પન્ન થઈ અને **स्वार्थत्याग** કરાયો, એટલે તે **कृतिपर्यवसायिनी दया** બની. ત્હારે હવે આપણે **कृतिपर्यवसायिनी दया**નો જે આધારભૂત તત્ત્વ છે તે **भावपर्यवसायिनी दया**નું સ્વરૂપ જરાક તપાસિયે. આ **दया**નું તત્ત્વ **समभाव** છે. **समभाव** એ પ્રેમનું જ મૂળરૂપ છે. **समभाव** થતે થતે **प्रेम** ઉત્પન્ન થાય છે; અને અંતે એમ લાગેછે કે **प्रेम** હોય તો જ **समभाव** થાય, અને **प्रेम** તે **समभाव**નું મૂળ છે. આમ કરવામાં **प्रेम**નું મૂળ કિયું તે પછી જડતું નથી; **प्रेम**ને અનિમિત્ત માનવો પડેછે. તેમ **समभाव**ને પ્રેમનું મૂળ માનવામાં **समभाव**ને અનિમિત્ત માનવો પડશે. આમ આખર આત્માના બંધારણમાં જ કોઈ **प्रेम**ના દિવ્ય અંશ ઉપર આધાર રાખવો પડશે. અને બારીક વિચાર કરતાં **प्रेम** તે પ્રથમ અને **समभाव** તે પછી એમ માનવાનું ઠીક લાગેછે. **समभाव** તે માત્ર **प्रेम**ની એક પ્રવૃત્તિ, એક ક્રિયા (Function) છે. ઝીણો ભેદ નજરમાં ન રાખિયે તો **प्रेम** અને **समभाव** એ એક એકના પર્યાય છે એમ કહી સકાય. ત્હારે **दया—भावपर्यवसायिनी दया**—નું તત્ત્વ **प्रेम**માં આવ્યું. એ **प्रेम**, એ **समभाव**, એ **तन्मयता** નો ઉદ્ભવ શી રીતે થાય ? ઉદ્ભવ કદી આત્માના બંધારણમાં જ અનિમિત્ત માનિયે, તો પણ હેનો વિકાસ શી રીતે થાય ?—આ પ્રશ્ન તપાસવો જોઇયે. પારકાની સ્થિતિ શી છે, પારકો શું દુઃખ શી મનોવ્યથા ભોગવેછે,—એ સ્થિતિની યથાર્થ કલ્પના કરવાની શક્તિ, એ સ્થિતિનો તદ્રૂપ અનુભવ પોતાના મનમાં કલ્પનાની મદદથી કરવાની શક્તિ જો મનુષ્યમાં કેળવાય તો એ **समभाव, प्रेम, तन्मयता** સહજ ઉત્પન્ન થશે અને વિકાસ પામશે. એ શક્તિ તે **समभाव**નો (અને તેદ્વારા **दया**નો) પાયોછે. એ શક્તિને આપણે **तद्रूपानुभव** કહીશું. **कृतिपर्यवसायिनी दया**નો વ્યાપાર થતાં—**तद्रूपानुभव, समभाव, हृदयार्द्रता, स्वार्थत्याग.**

परता, અને છેવટે ज्ञात એમ સર્વ સ્થિતિઓ ક્રમવાર થવાની ખરી, પરંતુ ક્રિયા બિન્દુઓ એક સ્થિતિ બાંધ પડી અને બીજી શરૂ થઇ એ પૃથક્કરણ કરી સકાવાનું નહિં. ડૂબતા માણસને કાઢવાને પોતાની મેળે ઝંપલાવી પડનારના મનમાં આ સર્વ ભાવ ક્રમવાર ઉદ્ભવ પામવાના ખરા, પરંતુ પ્રત્યેકના ઉદ્ભવ અને લયની મધ્યરેખા જડવાની નહિં. માટે તે ભાવ ઉત્પન્ન જ નથી થયા એમ નહિ કહેવાય. આપણે સ્વરૂપાન્વીક્ષણથી ઉપર જોયું જ છે કે એ સર્વ ભાવ એકએકની સાથે હેવા શૃંખલિત છે, કે એક વિના બીજો સંભવે જ નહિં.

ત્હારે બધી दयाનું મૂળ બીજ છેક तद्रूपानुभवમાં આપણે જોયું. પરંતુ આ નિષ્ઠુર સંસારમાં એ तद्रूपानुभव કેટલો વિરલ છે તે સર્વને માલૂમ હશે. જાતે વિપત્તિમાંથી નીકળીને સંપત્તિના શિખર ઉપર ચઢેલા પુરુષો પણ પોતાની પૂર્વાવસ્થા એટલી ભૂલી જાયછે કે પછી કોઇ બીજાને વિપત્તિ આવે તો ત્હેના દુઃખની, મુશ્કેલીઓની, કલ્પના પણ તે કરી સકતા નથી. સુવર્ણના ઢગલા ઉપર બેઠેલા ધનિકને મન સ્વપ્નમાં પણ નથી આવતું કે ગરીબ મનુષ્ય દમડી દમડી એકઠી શી રીતે કરેછે. "વાહ! આ તે કહેવો છે? એક રૂપિયો ફક્ત વરશે દહાડે આપવાને માટે શી તકરાર?"—એમ બોલનાર ધનિક નથી જાણતો કે એ એક રૂપિયો પેદા કરતે ગરીબ મનુષ્યના અંતરનાં લોહીનાં ટીપાં કેટલાં પડેછે. હેવો ધનિક પછી પશુવધ ના કરે અથવા પશુવધની વિરુદ્ધ કમ્મર કસે તોપણ શું થયું? હેવાને निर्दय શિવાય બીજું વિશેષણ ઘટતું જ નથી. दयाનું મૂળ બીજ तद्रूपानुभव તે તત્ત્વની જ જેના હૃદયમાં ખામી તે માણસમાં दया—ખરી दया—નો અંકુર પણ કેમ ફૂટે? વિપત્તિમાંથી સંપત્તિમાં આવેલા પુરુષોનાં મનમાં પણ હાવી निर्दयता સ્થળે સ્થળે જોવામાં આવેછે. તેમ છતાં પણ એટલું તો ખરું કે तद्रूपानुभवને માટે વિપત્તિ એ એક મ્હોટું સાધન છે. વિપત્તિ જાતે વેઠી હોય તો બીજાને કેહવી પીડા થાયછે ત્હેનું અનુમાન કરવું કાંઇક સ્હેલું પડેછે. જો પારકી અવસ્થાનો વિચાર કરવાની ઇચ્છા હોય તો વિપત્તિ ન ભોગવેલા મનુષ્ય કરતાં વિપત્તિ ભોગવેલા મનુષ્યને વિશે એ વિચાર કરી સકવાનો સંભવ વિશેષ રહેશે—ઉપર કહેલી સંપત્તિમાં આવેલા મનુષ્યની અંધતાના અપવાદ છતાં. માટે વિપત્તિની કસોટીમાં કસાવું એ એક ઇષ્ટ સાધન ગણવું જોઇયે. મ્હોટા

મ્હોટા ભકતોએ ઈશ્વર પાસે વિપત્તિ ચાહીને માગીછે ત્હેનું કારણ આ એક મુખ્ય છે. સંપત્તિમાં ઈશ્વરને ભૂલી જવાયછે અને વિપત્તિમાં નથી ભૂલાતો—એટલા માટે પણ ભકતો વિપત્તિ માગેછે એ પણ ખરું છે. પણ **તદ્રૂપાનુભવ**નો લાભ એ પણ એક હેતુ છે ખરો. સંપત્તિમાં મદ ઇત્યાદિકને લીધે **દયા, ક્ષમા, શાન્તિ** એ ઈશ્વરી ગુણોનો ત્યાગ થવાનો, વિસ્મરણ થવાનું,—એટલે અર્થાત્ જ ઈશ્વરનું વિસ્મરણ થવાનું. તેથી વિપત્તિની પ્રાર્થનાના ઉપર કહેલા બંને હેતુનો નિકટ સંબન્ધ પણ આ રીતે જણાયછે.

પરંતુ વિપત્તિ કાંઈ બધાને આવતી નથી, તેમ જ આવેછે ત્હેને હમેશાં વિપત્તિ રહેતી નથી; તેથી વિપત્તિભિન્ન પુષ્કળ અવકાશ છે. તો તે અવકાશમાં **તદ્રૂપાનુભવ** માટે સાધન શું? તે માટે સાધન એક એ છે કે આપણે આ જીવનની ઊંચી નીચી સર્વ સ્થિતિનો અનુભવ જનમંડળમાં ફરીને કરવો. પોતાના સુખમંદિરના કેદખાનામાંથી નીકળીને જગત્માં અનેક દુ:ખી, ગરીબ, રોગી, વગેરે પીડાગ્રસ્ત મનુષ્યોના જીવનનો અભ્યાસ તેઓનાં નિવાસસ્થાનમાં જઈને સહવાસથી કરવો. એ સાધનથી પારકાની અવસ્થાનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ તે સ્થિતિનું પરોક્ષ સ્થિતિમાં પણ અનુમાન કરવાની સામગ્રી બંધાશે, અને અભ્યાસે કરીને **તદ્રૂપાનુભવ**ની શક્તિ વિકસિત થશે. આ અભ્યાસની સાથે બીજા એક અભ્યાસની જરૂર છે. એ ગંભીર મનનનો અભ્યાસ. "જે વખતે હું મિષ્ટ મિષ્ટ ભોજન જમુંછું, તે જ વખતે આ વિસ્તીર્ણ જગત્માં કેટલા બધા કંગાલ સૂકા રોટલા માટે પણ ફાંફાં મારતા ભૂખે મરતા હશે! જે વેળાએ હું ગાડીઘોડે ફરુંછું, તે જ વેળાએ આ જગત્માં કેટલા બધા અશકત અપંગ પગ ઘસડતા પીડા પામતા જતા હશે! મારા ઘરમાં સારાં વસ્ત્રથી સુરક્ષિત શરીર રાખી ઊંઘમાં હું જે વખત ઊંઘુંછું, તે જ વખતે આ જગત્માં કેટલા નિર્ધન ફાટાંચીથરાના પણ સાંસા હોવાને લીધે ઘરવિનાના બેહાલ રસ્તામાં, જંગલમાં, ટાઢથી થરથર ધ્રૂજતા મરણશરણ થતા હશે! હું શરીરબળ અને આરોગ્યના ઉછળતા પૂરમાં સ્વચ્છન્દ નાચતા તરંગની પેઠે આનંદમય ફરુંછું,—હા! તે જ સમયે આ વિશ્વ જગત્માં કેટલા અનાથ અશક્ત રોગથી પીડાતાં પીડાતાં મૃત્યુને પણ ઇષ્ટ ગણનાર ઔષધ ન મળતાં સેવાચાકરીનું સુખ ન પામતાં તરફડતા હશે"—આવા આવા વિચારનો અભ્યાસ કરી ગંભીર મનન કરવાથી પણ **તદ્રૂપાનુભવ, સમભાવ, દયા** જાગૃત થશે. ખરા અંત:કરણથી આવા વિચાર-

થવા જોઇયે; ક્ષણિક સ્મશાનવૈરાગ્યની પેઠે ના થવા જોઇયે. આ **मनना-भ्यास** તે **दया, प्रेम, समभाव**નું સાધનછે, પરિણામ નથી. પરિણામ છે એમ માત્ર આભાસ થાયછે. **दया** હોય તો હાવા વિચાર આવે કની ? એમ કોઇને વખતે લાગશે. પણ હેનો ઉત્તર "હાવા વિચાર આવે તો **दया** ઉત્પન્ન થાય કની ?" એ પ્રશ્નથી જ થશે. અને આ કાંઇ અન્યોન્યાશ્રયદોષ પણ નથી થતો. કેમકે બારીક રીતે જોતાં જણાશે કે આ ગંભીર વિચાર પ્રથમ સ્વતન્ત્ર વિચારની જ દશામાં હોય છે; પછી એ નિરંતર **मननाभ्यास**ને લીધે કલ્પના પ્રબળ થઇ, પારકી સ્થિતિની પૂર્ણ છાપ હૃદયમાં પડીને **दया**નું બીજ વવાઇ **समभाव**નો અંકુર ફૂટેછે. આ પ્રમાણે જ ક્રમ છે.

આ **मननाभ्यास** તે માત્ર સાધન છે. એથી સિદ્ધ થતો **तद्रूपानुभव** તે પણ **समभाव**નો અને **दया**નો સાધનભૂત છે. અને એ **दया** પણ **भावपर्यवसायिनी** હોય ત્હાં સુધી **कृतिपर्यवसायिनी दया**ની સાધનભૂત, પૂર્વાભ્યાસરૂપ, કસરત જેવી જ છે. પરંતુ એ પૂર્વાભ્યાસ, પ્રથમની કસરત, અત્યન્ત આવશ્યક છે; **कृति**ને માટે **स्वार्थत्याग**ની તત્પરતા ઉત્પન્ન કરવાને માટે આવશ્યક છે. શાક્યમુનિની અગાધ **दया**નો ઉત્પત્તિક્રમ એ પ્રમાણે જ થયો હતો. એ **दया**ની મૂર્ત્તિરૂપ મહાપુરુષનું જીવન આ સંબન્ધે ખરેખર નિરીક્ષણ કરવા લાયક છે. શાક્યમુનિ બુદ્ધ થયાની પૂર્વે કપિલવસ્તુના રાજા શુદ્ધોદનનો પુત્ર હતો. રાજાએ કુમારને સુખમય મહેલમાં સર્વ આનંદમય સામગ્રીની વચમાં પૂરી રાખ્યો હતો; ગાન, સુગંધમય પદાર્થ, રમ્ય લીલાસ્થાન, સુંદર પરિજન, પ્રેમમૂર્ત્તિ પત્ની યશોધરા,—હેવી સર્વ સૌન્દર્યની અને આનંદની સામગ્રીમાં રાત્રિદિવસ એ રાજકુમાર, સિદ્ધાર્થ, રહેતો હતો. એ ન્હાના સરખા સ્વર્ગની બ્હાર દુનિયામાં શું દુઃખ છે, શા રોગ છે, શા કલહ, ક્લેશ, પીડા છે, બ્હાર દુનિયાં છે કે નહિં, ત્હેનું પણ જ્ઞાન સિદ્ધાર્થને ના થાય હેવી તજવીજ રાજાએ રાખી હતી. તોપણ એ કૃત્રિમ સ્વર્ગના સુગંધમય પવનો ઉપર જ સવાર થઇને કોઇ કોઇ વાર સિદ્ધાર્થને ઊંડી શોકગંભીરતામાં નાંખનારાં જાગૃત સ્વપ્ન આવતાં હતાં, અને બ્હારની દુનિયાંનું શોકગાન એ મધુરનાદી પવનોમાં ગુપ્ત રહી વ્હેતું એ કુંવર સાંભળતો હતો. એમ કરતાં કરતાં એક દિવસ સાંજે પરિચારિકાનું ગાન ચાલતું હતું, અને યશોધરાના કરમાં કર રાખી પોતે બેઠો હતો તે વેળાએ સિદ્ધાર્થના મનુ-

માં ઊર્મિ ઊઠી આવી, અને એ બોલ્યોઃ—"યશોધરા ! શું આ જગત્ નિશાળ છે ? આ જગતમાં આપણા જેવાં બીજાં અસંખ્ય, અજાણ્યાં,—કદાચ દુઃખી—હૃદયો હશે? અને આપણે જો એ હૃદયને ઓળખતાં હોઇયે તો શું આપણે ત્હેમને સાહાય્ય ના કરી સકિયે ?"—આમ કહી બ્હારનું જગત જોવાની ઇચ્છાથી રાજાને વિનંતિ કહાવી કે આવતી કાલે બ્હાર ફરવા જવું છે. માટે ચન્ન સારથિને રથ જોડવાની આજ્ઞા આપવી. રાજાએ આજ્ઞા આપી, પણ તે સાથે નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે સર્વ સ્થળે આનંદોત્સવ કરવો અને કોઇયે દુઃખ, શોક, વગેરેનાં ચિહ્ન કુંવરની નજરે પડવા દેવાં નહિં. બીજે દહાડે સિદ્ધાર્થ રથમાં બેસીને નીકળ્યો. રમણીય નગર જોઈને આનંદ પામ્યો. આખરે એક ઝૂંપડીમાંથી મન્દગતિયે નીકળીને એક કંગાળ, ચીંથરેહાલ, વાંકો વળેલો, મડદા જેવો, વૃદ્ધ ભિખારી માણસોની ભીડમાંથી આવ્યો અને ધીમે સાદે ભીખ માગવા લાગ્યો. લોકોએ ત્હેને "કુંવર આવે છે; દેખતો નથી ?" કહીને ધક્કા મારીને બાજૂ ઉપર કાઢવાનું કર્યું. પણ સિદ્ધાર્થે ત્હેને રહેવા દીધો; અને ચન્ન સારથિને પૂછ્યું—"હાવાં માણસો જન્મથી જ હોય છે કે શું ? 'હું આજકાલમાં મરીશ' એમ એ કેમ કહે છે ? ત્હેને શું ખોરાક નથી મળતો ? હાને શું દુઃખ પડ્યું છે ?"

ચન્ન બોલ્યો—"કુંવર ! આ એક સાધારણ બુઢ્ઢો માણસ છે. એંશી વરસ ઉપર એ ટટાર ચાલતો હતો; તેજસ્વી આંખ્યો અને મજબૂત શરીર ધારણ કરતો હતો. હવે વૃદ્ધાવસ્થાથી ત્હેનું બળ, તેજ, જ્ઞાન, સર્વ ક્ષીણ થયાં છે. હોય; વૃદ્ધાવસ્થા હેવી જ છે. ત્હેમાં કાંઇ લક્ષ દેવાની જરૂર નથી."

સિદ્ધાર્થે પૂછ્યુંઃ—"પણ શું આ પ્રમાણે સર્વેને આ દશા આવવાની છે શું ? કે આમ કોઇકને જ થવાનું ?"

ચન્ને ઉત્તર દીધોઃ—"કુંવર ! એટલે લગી જીવે તો સર્વેને એમ થવાનું."

પછી સિદ્ધાર્થ પાછો વળ્યો અને મહેલમાં ગયો. પરંતુ ખેદ અને ગંભીર વિચારના ભારથી ત્હેનો ચહેરો છવાઇ રહેલો હતો. યશોધરાએ પગે પડીને પૂછ્યું—"મહારાજ ! મ્હારાથી ત્હમને સુખ નથી થતું?" સિદ્ધાર્થે ખેદનું કારણ કહ્યું. "સર્વ સૌન્દર્ય, સર્વ તેજ, કાળે કરીને જતું રહેવાનું ! શું કોઇ પ્રયત્નથી કરીને માણસને વૃદ્ધ બનાવી દેનાર ઘાતક કાળના પંજામાંથી પ્રેમની મધુરતા ના બચાવી લેવાય?"—આ ચિન્તન પોતાનું સિદ્ધાર્થે કહી

બતાવ્યું.

વળી કેટલાક દિવસ ગયા પછી ફરી સિદ્ધાર્થને બ્હાર નીકળવાની ઇચ્છા થઈ. અને આ વખત તો રાજાને વિનંતિ કરી કે "જેવી દુનિયાં છે ત્હેવી મ્હારે જોવી છે. માટે મ્હને ગુપ્ત રીતે નોકરની સાથે નગરના માર્ગોમાં ફરવા ઘો." રાજાએ રજા આપી. નગરના સર્વ વર્ગની વિચિત્ર રચના જોતો જોતો સિદ્ધાર્થ ચાલ્યો. આખરે રસ્તાની બાજૂ ઉપરથી એક શોકસ્વર સંભળાયોઃ—"ઓ! કોઇ મ્હને મદદ કરો! મ્હને જમીન ઉપરથી ઊભો કરો; નહિં તો ઘેર પ્હોંચતા સુધીમાં તો હું મરી જઈશ!"—આ એક રોગગ્રસ્ત કંગાલ હતો; રસ્તાની ધૂળમાં એ પીડાથી આળોટતો હતો; શરીરે ગુમડાં બ્યાપ્યાં હતાં; કપાળે ઝોબા વળતા હતા; પીડાથી મ્હો વાંકું તણાતું હતું; અને આંખ્યો અંદરની પીડાથી બ્હાવરી તરતી હતી. હાંફતો હાંફતો શ્વાસ પકડીને જરાક ઊઠ્યો, પાછો પડ્યો અને ધ્રૂજવા તથા ચીસો પાડવા મંડ્યો. "અરે! રે! આ વેદના! ઓ ભલા માણસો! મ્હને કોઇ ઉઠાડો!" એકદમ સિદ્ધાર્થ દોડ્યો; પીડિત મનુષ્યને મૃદુ હાથે ઉચક્યો, અને મધુર દૃષ્ટિથી ત્હેની તરફ જોતો જોતો રહ્યો, એ પીડિતનું મસ્તક પોતાના ખોળામાં મૂક્યું; અને કોમળ કરસ્પર્શથી આશ્વાસન આપીને બોલ્યોઃ— "ભાઇ! ત્હને શું દુઃખ થાયછે? શી વિપત્તિ પડીછે? કેમ તું ઊઠી સકતો નથી?—ચન્ન! એ હાંફેછે અને ઊંકારા કરેછે તે કેમ વારુ? અને બોલતો અટકેછે અને આમ કરુણનિઃશ્વાસ નાંખેછે એ શું?"

ચન્ન બોલ્યોઃ—"કુંવર! આ માંદો માણસ છે. હેનો રોગ ભયંકર છે. કુંવર! હેને આમ ઝાલી રાખવો ઠીક નથી; એ રોગ વખત છે ને આપને ચઢશે." પણ સિદ્ધાર્થ તો એમનો એમ રહ્યો અને એ રોગીને આશ્વાસન આપવા લાગ્યો. વળી ચન્નને પૂછ્યું:—"શું હાવા બીજા હશે? હાવા બીજા ઘણા હશે? અને શું હાના જેવું મ્હને પણ કદી થાય કે શું?"

ચન્ન—"મહારાજ! બધાંને જૂદી જૂદી રીતે આમ રોગ થવાનો."

સિદ્ધાર્થ—"હેવાં દુઃખ છાનાં માનાં પ્રવેશ કરેછે?"

ચન્ન—"હા. સર્પની પેઠે ગુપ્ત રીતે પેશીને પછી દંશ દેછે. વાઘની પેઠે એકદમ તડપ મારીને પકડેછે. વીજળીની પેઠે કોઇના ઉપર પડે-છે અને કોઇને અડકતાં પણ નથી."

સિદ્ધાર્થ—"ત્હારે શું સર્વે મનુષ્યોનું જીવન ભયથી જ ઘેરાયલુંછે?"

ચન—"હા મહારાજ! એમ જ છે."

સિદ્ધાર્થ—"અને કોઇ પણ એમ નહિં કહી સકે કે 'આ રાત્રે હું સુખ અને આરોગ્યમાં સુઉંછું; અને વ્હેલોજ જાગીશ?' "

ચન"—એમ કોઇ કહી ના સકે."

સિદ્ધાર્થ—"અને હાવા અનેક રોગનું પરિણામ શું આ ભાગેલું શરીર, અને દુઃખી મન, અને વૃદ્ધાવસ્થા—એ જ છે કે શું?"

ચન—"હા;—જો મનુષ્ય ત્ય્હાં સુધી જીવે તો."

સિદ્ધાર્થ—"પણ જો આ વેદનાઓ ખમાય નહિં; અથવા ખમવાની ઇચ્છા ના થાય અને છેડો આણુવો હોય; અથવા ખમીખમીને, આ માણુસની પેઠે, ઊંકારા કરવા જેટલું જ જોર રૂહે અને છતાં જીવે, અને ઘયડા થાય અને તેથી પણ ઘયડા થાય;—તો પછી શો પરિણામ થાય?"

ચન—"પછી તેઓ મરી જાય."

સિદ્ધાર્થ—"મરી જાય ?"

ચન—"હા;—અંતે મૃત્યુ આવવાનું; ગમે તે રીતે, ગમે તે સમયે, મૃત્યુ આવવાનું. કોઇ વૃદ્ધ થાયછે, ઘણું વેઠેછે અને માંદા પડેછે; પણ સર્વે મરવાના ખરા.—જુવો! પેલું મૃત્યુ જાય!"

આ ક્ષણે એક શબ લઈ જતા માણુસો આવતા હતા તે તરફ ચને સિદ્ધાર્થની નજર ખેંચી; અને મોત તે શું તે સમઝાવ્યું. આખરે સિદ્ધાર્થે દિવ્ય અશ્રુથી ચળકતાં નેત્ર આકાશભણી ફેંકયાં; દિવ્ય દયાથી ચળકતાં નેત્ર પૃથ્વીભણી ફેંકયાં;—અને અંતે અગાધ હૃદયના ઉછાળાસાથે બોલ્યો:—"અરે! દુઃખપીડિત સંસાર! હે મ્હારા સમાન પંચભૂતનાં બનેલાં ઓળખીતાં અને અજાણ્યાં, મૃત્યુ અને દુઃખની સર્વગ્રાહિણી જાળમાં સપડાયલાં, અને મૃત્યુ અને દુઃખને સાંધનાર જીવનથી બંધાયલાં,—ઓ! મ્હારાં મનુજ-બન્ધુઓ! પૃથ્વીની વેદના વિશાળ છે, પૃથ્વીનાં સુખ વૃથા છે, પૃથ્વીનું સર્વ સારામાં સારું તે કપટજાળ છે, પૃથ્વીનું સર્વ જે નઠારું છે તે અત્યન્ત પીડા-કર છે;—હા, એ સર્વ હું જાણુંછું, અનુભવુંછું. સુખને અંતે દુઃખ છે; યૌવનને અંતે વૃદ્ધાવસ્થા છે; પ્રેમને અંતે વિયોગ છે; અને જીવનને અંતે કાલ કરાલ મૃત્યુ છે. * * * * જે પડદાએ મ્હને આજસુધી આંધ કર્યો હતો તે

પડદો હવે ખશી ગયોછે. હું આજસુધી છેતરાયો હતો, અને ધારતો હતો કે જીવવું સુખકારક છે, અને જીવન તે એકધારી શાન્તિમાં નિરન્તર વ્હેનારું સ્મિતમય વ્હેળિયું છે; પરંતુ ખરું જોતાં એ પ્રવાહના મૂઢ તરંગ આનંદથી નાચતા નાચતા, ખિલેલી અને લીલી ભૂમિમાંથી, અંતે નઠારા ખારા સમુદ્રમાં પોતાનો નિર્મળ ઓઘ જલદી રેડવાને દોડેછે. હું આ સર્વ મનુષ્ય જેવો સહાય માગતો અસહાય છું—પરંતુ સાહાય્ય કાંઈક પણ હોવું જોઇયે; સર્વ મનુષ્યને માટે અને મ્હારે માટે સાહાય્ય હોવું જોઇયે. * * એક મનુષ્યને પણ હું બચાવી સકું એમ હોય, તો, જરૂર, હું ત્હેને અશ્રુ પાડવા નહિં દઉં."—આમ ચિન્તન કરતો કરતો સિદ્ધાર્થ પાછો મહેલમાં ગયો.

અંતે **મહાભિનિષ્ક્રમણ**ની રાત્રિ આવી. મહાન્ સ્વાર્થત્યાગ કરીને એકદમ બ્હાર નિરંતરને માટે ચાલી જવાની રાત્રિ આવી. તે રાત્રિયે યશોધરા એકદમ ઊંઘમાંથી જાગી ઊઠીને ભેદભરેલાં નઠારાં સ્વપ્નને લીધે રોવા લાગી. સર્વ સાંભળી લઇને પછી સિદ્ધાર્થ, પોતાની રુદન કરતી પત્ની ઉપર દયાપ્રેમયુક્ત સ્મિત કરીને, બોલ્યો:—"ધૈર્ય રાખ્ય! અચલ પ્રેમમાં જો કાંઇ ધૈર્યનો આધાર હોય તો ધૈર્ય રાખ્ય. કેમકે, ત્હારું સ્વપ્ન તે ભાવ બનાવની પૂર્વસૂચના હશે, અને કદાચ ઉદ્ધારનો માર્ગ જાણવાને આ જગત્ તત્પર થયું હશે,—તોપણ, એ ખાતરી રાખજે કે, ત્હને અથવા મ્હને ગમે તે આઓ પણ, હું યશોધરાને ચ્હાતો હતો અને ચ્હાઉંછું. તું જાણેછે, આ અનેક મહિનાથી હું ચિન્તન કર્યાં કરુંછું, અને મ્હેં જોયેલી આ દુઃખમય પૃથ્વીનો ઉદ્ધાર કરવાનો માર્ગ સોધુંછું; અને વખત આવશે ત્હારે જે ભાવિ હશે તે થશે. પરંતુ એ વિચાર કર્ય કે, જો અજાણ્યા આત્માઓને માટે મ્હારો આત્મા અત્યંત તલસેછે, અને જો જે દુઃખ મ્હારાં નથી તે દુઃખને માટે હું દુઃખી થાઉંછું, તો મ્હારા જીવનમાં ભાગ લેનાર અને મ્હારા જીવનને મધુર કરનાર આ સર્વ મ્હારાં પ્રિય જીવનો ઉપર, અને તે સર્વમાં પ્રિયતમ, મૃદુતમ, ઉત્તમ, અને હૃદયની સમીપ વસનારા ત્હારા જીવન ઉપર મ્હારા ઊંચે ઊડતા વિચાર કહેવા આવીને તલપતા ભટકતા હશે! હે મ્હારા ભવિષ્યના બાલકની માતા! ભૂમિ અને સાગર ઉપર પ્રેમદયાથી ભટકતું મ્હારું મન જ્યારે વધારેમાં વધારે દૂર ફરતું હોયછે, ત્હારે હમેશાં તે પાછું ફેર આનંદમય પાંખથી અને પ્રેમપૂર્ણ વેગથી ત્હારી કને આવેછે; કેમકે ત્હારી જાતિ—મનુષ્ય જાતિ—ની ઉત્તમ મધુરતાની, મૃદુ પ્રેમની—સર્વ યાનવની

મૃદુપ્રેમની અને સર્વ કરતાં મ્હારા મૃદુપ્રેમની મૂર્ત્તિ તું છે. માટે, આ ક્ષણ પછી ગમે તે બનાવ બને, પણ તું એટલો નિશ્ચય રાખજે કે હમેશાં મ્હેં ત્હારા ઉપર પૂર્ણ પ્રેમ રાખ્યોછે અને રાખુંછું; અને જે વસ્તુનો શોધ હું સર્વને માટે કરૂંછું, ત્હેનો શોધ સર્વ કરતાં વિશેષ ત્હારે માટે કરૂંછું. પણ તું આશ્વાસન પામ્ય; અને, કદી શોકનો બનાવ બને તોપણ એટલું વિચારીને દિલાસો લેજે કે આપણાં દુઃખની દ્વારા આ પૃથ્વી ઉપર શાન્તિ-સુખનો માર્ગ હશે. અને આ પ્રેમચિહ્નની દ્વારા એટલું તું જાણજે—જે બીજું કોઇ નહિં જાણે—તું જાણજે કે સર્વ જીવતાં મનુષ્યો ઉપર હું અત્યંત પ્રેમ રાખુંછું માટે જ ત્હારા ઉપર સર્વ કરતાં વિશેષ પ્રેમ મ્હેં રાખ્યોછે.”

આમ બોલીને યશોધરાને ઉંઘાડી, અને સિદ્ધાર્થ પોતે તારાઓ તરફ જોતો બેઠો. પછી મનમાં બોલ્યોઃ— “હું હવે વિદાય થઇશ. હવે વખત આવ્યોછે. આ રાજ્યપાટ સર્વ છોડી દઇશ. રણવિજય મેળવી મેળવીને મ્હારા રથનાં ચક્રને રુધિરથી નહિં ધોઉં, અને મ્હારું નામ જગત્માં રુધિરના અક્ષરે નહિં લખાવું. આ જીવનનો પંથ ધીમા, નિષ્કલંક ચરણથી કાપીશ; ભૂમિ તે શય્યા, શૂન્ય અરણ્ય તે મ્હારું ઘર, અને હલકામાં હલકાં પ્રાણી તે મ્હારાં બન્ધુ કરીશ; ભિખારીનાં વસ્ત્ર અને દાનશીલનું આપેલું અન્ન સેવીશ. આ સર્વ શા માટે કરીશ?—જીવન અને જીવતાં પ્રાણીનો આક્રંદ મ્હારા કાનમાં સંભળાયછે, અને આ સંસારના રોગને માટે દયાથી મ્હારો સર્વ આત્મા પૂર્ણ થયોછે માટે આ માર્ગ સ્વીકારીશ. અને અત્યન્ત સ્વાર્થત્યાગ અને ગંભીર હૃદયમથનથી જો જડી સકે એમ હોય તો એ સંસારના રોગ-નું ઔષધ હું સાધીશ. * * * * હા; શું જગત્નો ઉદ્ધાર નહિં થાય? શું એ ઉદ્ધારનો ઉપાય નહિં હોય? કાંઇપણ ઉપાય, આશ્રય, હોવો જ જોઇયે. બળ, રાજ્ય, ધન, વૈભવ, સુખથી ભરેલો, દુઃખ, ખોટય, શોક વગરનો,— માત્ર મ્હારી નહિં હેવી શોકપીડાથી જ પીડિત;—હાવો હું જો માનવજાતિ ઉપર પ્રેમને ખાતર આ સર્વનો બલિ આપું અને સત્ય શોધવામાં,—આકાશ-માં હો કે પાતાળમાં હો, જ્યાં હોય ત્યાંથી ઉદ્ધારનો માર્ગ શોધી કાઢવામાં— જીવન ગાળું;—તો, જરૂર, અંતે દૂર દૂર સમયમાં, ગમે ત્યારે, ગમે ત્યાં, મ્હારી ઊંડો શોધ કરતી દૃષ્ટિ આગળથી પડદો ખસશે, પીડિત ચરણ માટે માર્ગ ખુલ્લો થશે, જેને માટે સંસારનો ત્યાગ કર્યો તે જડશે, અને મૃત્યુનો પણ જય કરાશે. તો હું આમ કરીશ જ. મ્હારે રાજ્ય છે તો તે રાજ્ય ખોઇશ. શા માટે? મ્હારા રાજ્ય ઉપર પ્રેમ છે માટે; ઓળખીતાં

અને અજાણ્યાં, મ્હારાં છે તે અને થશે તે, હેવાં આ ક્ષણે હું બલિ આપું છું તેથી ઉદ્ધાર પામનાર, લક્ષાવધિ પીડિત હૃદયોના પ્રત્યેક ધબકારાની સાથે મ્હારું હૃદય ધબકેછે માટે.” અંતે પૂર્ણ આવેગથી સિદ્ધાર્થ ફરી બોલ્યોઃ— “હે તારકવૃન્દ! ત્હમે મ્હને બોલાવોછો? તો આ આવ્યો! હે શોકનિમગ્ન પૃથ્વી! ત્હારે માટે, ત્હારા ઉપર વસનારાં માટે, હું મ્હારું યૌવન, મ્હારી રાજગાદી, મ્હારાં સુખ, મ્હારા આનંદમય દિવસો, રાત્રિયો, રાજમહેલ, —અને સર્વ કરતાં છોડવું કઠણ હેવું, ઓ મધુર રાણી! ત્હારું ભુજ-બન્ધન—આ ક્ષણે છોડીને કોરાણે મૂકું છું. પણ ત્હારો પણ, ઓ પ્રિય રાણી! હું ઉદ્ધાર કરીશ, આ સર્વ પૃથ્વીનો ઉદ્ધાર કરીને ત્હારો પણ ઉદ્ધાર કરીશ; અને હમણાં ત્હારી અંદર આપણા પ્રેમનો અંકુર ગૂઢ રહેલોછે—આપણું ભાવિ બાળક—ત્હેનો પણ ઉદ્ધાર કરીશ. એ બાળકનું મુખ જોઈ આશીર્વાદ દેતા સુધી જો હું થોભું તો રખે ને મ્હારું મન ડગે એમ થાયછે. પત્ની! બાળક! પિતા! રાજ્યની પ્રજા! ક્ષણવાર આ વેળાની શોકવેદનામાં ત્હમારે ભાગ લેવો પડશે. કેમકે તેથી જ જ્યોતિનો પ્રકાશ થશે.” આમ બોલી અંતે દૃઢનિશ્ચય કર્યો; નિદ્રાવસ્થ યશોધરાના ચરણમાં પ્રણામ કર્યો; હજી આંસુથી ભીના, નિદ્રિત વદન ઉપર આખરની, પ્રેમપૂર્ણ, શબ્દથી ન દર્શાવાય હેવી, એક દૃષ્ટિ ફેંકી; અને હાથ જોડીને ધડકતા હૃદયથી, હલકે રહીને ભક્તિ-ભાવથી ત્રણવાર યશોધરાના પલંગની પ્રદક્ષિણા કરી; અને બોલ્યોઃ—“ફરી કદી પણ આ શયનમાં હું સૂઈશ નહિં!” પછી ચાલ્યો; ત્રણવાર જરાક ગયો અને ત્રણવાર પાછો આવ્યો. અંતે મહાકષ્ટે છૂટ્યો અને ચાલ્યો!! તે ચાલ્યો! ત્યાગી થયો; જ્ઞાની થયો; અનેક હૃદયમથન અને શોધથી જ્ઞાની બુદ્ધ થયો.

આ ઉન્નતજીવન, આ મહાન્ **સ્વાર્થત્યાગ**, જોયા પછી હવે શું જોવું બાકી છે? હાવો **સ્વાર્થત્યાગ** ઘણો કઠણછે, દુર્લભછે. એમ ના ધારશો? આ ત્યાગ કરવામાં સિદ્ધાર્થે પત્ની, પુત્ર, પિતા, સર્વ તરફની પોતાની ફરજમાં ચૂક કરી. એ ફરજ કરતાં પણ વિશેષ આકર્ષણ કરનારી બીજી દિવ્ય ફરજે હેને બોલાવ્યો માટે જ આ ત્યાગ કર્યો. પરંતુ એ દિવ્ય ફરજ બજાવવામાં જ પત્ની, પુત્ર, વગેરે તરફની પણ ફરજ, જુદા જ પ્રકારની ફરજ, હેણે બજાવી. બુદ્ધ થયા પછી અનેક વર્ષે એ પાછો પિતાના નગરમાં આવ્યો; અદ્‌ભુત દિવ્ય ઉપદેશ આપીને, પિતાને, પુત્રને, પત્નીને સર્વને

દિવ્યજ્ઞાન, દિવ્યજીવન, દેખાડ્યાં; અને સર્વે હેને વિશેષ અભિનન્દ્યો. ઉપરના જીવનવર્ણનમાં આ ભાવ ગૂઢ રીતે રહેલોછે તે તપાસતાં જણાશે.

પરંતુ આપણે તો બુદ્ધની દયા સાથે કામછે. એ અગાધ દયાનો પ્રવાહ આપણે અમૃતસાગર જેવો ફેલાતો જોયો. એ દયાનો ઉત્પત્તિ ક્રમ,- જનસ્થિતિનું પ્રત્યક્ષ અવલોકન, **तद्रूपानुभव, समभाव, प्रेम, भावपरायणा दया, स्वार्थत्याग,** અને અંતે **कृतिपरायणा दया**—એ રીતે આ જીવનવર્ણનમાં જણાશે. આ દયા તે માત્ર પશુવધવિરોધિની દયા ન્હોતી. જગતમાં અનેક જણ રોગ, આધિ, કલહ, દ્વેષ ઇત્યાદિથી પીડિત છે તે સર્વનું દુઃખ શી રીતે શમાવું? એઓને હેવું જ્ઞાન આપું, હેવાં ઉન્નત ધર્મતત્ત્વ બતાવું કે જેથી તેઓનાં હૃદય ઐહિક દુઃખથી અસ્પૃષ્ટ રહે, ઐહિક દુઃખથી ઉન્નત ભૂમિમાં જ વિચરે, મ્હોટામાં મ્હોટું દુઃખ મૃત્યુ ત્હેનો પણ જય કરે—હાવા મહાન્ ભાવથી બનેલી એ દયા હતી. મૃત્યુનો જય કરવો એટલે મુએલાં જીવતાં થાય અથવા જીવતાં અમર થાય એમ નહિં. પરંતુ પૂર્ણ દિવ્યજ્ઞાનનો માર્ગ જડે તો પછી મૃત્યુનો ભય, મૃત્યુનું દુઃખ, મનમાં ના રહે, મૃત્યુ તે તુચ્છ પદાર્થ છે, હેનાથી પણ ઊંચી ભૂમિમાં રહી મન ઊંચા વિચારના ઉડ્ડયનમાં રહે—એ ઉન્નત ભાવના બતાવવાનો ઉદ્દેશ છે. મોત ના આવે અથવા મુઆં જીવતાં કરાય હેવો હક બુદ્ધે કર્યો જ નથી. એ સંબન્ધે તો "કિસગોતમીનો મૃત પુત્ર અને એક તોલો રાઈ" એ વાત પ્રસિદ્ધ છે. પરંતુ એ અહિં અપ્રસ્તુત છે.

બુદ્ધની વિશાળ, ઉદાર, અને ગંભીર દયા જોઈ. હેવી દયા તો સર્વ માણસોને સંપાદન કરવી કઠણ છે. પરંતુ તેટલા માટે કાંઇ પણ દયાનો અંકુર આપણાં હૃદયમાં ના ઉગાડવો એમ કાંઇ નથી. ઉલટું હેવી ઉન્નત દયાના આદર્શનું નિરીક્ષણ કરીને એ દયાના અમૃતપ્રવાહમાંથી થોડાં બિન્દુ પણ શું આપણા હૃદયમાં લઈ હૃદયને આર્દ્ર નહિં કરી સકિયે? તો પછી હાના વિશુધ્ધ ચરિત્રનું અવલોકન કર્યું તે વ્યર્થ ગયું કહેવાશે. આપણ નિત્યજીવનમાં અનેક પ્રસંગો પગલે પગલે આવશે કે જ્યહાં દયાભાવની પ્રવૃત્તિ કરી સકાય; એટલુંજ નહિં પણ ના કરિયે તો અપરાધ ગણાય. અસહાય ને સહાય થવું, અનાથની સેવા કરવી, રોગીનો ઉપચાર કરી ત્હેને આરામ આપવો,—એ આપણી શક્તિની બ્હાર નથી. Sisters of Mercy નામની ક્રિશ્ચન ધર્મની કેટલીક બાઇયો પોતાનું જીવન દવાખાનાંમાં રોગીની સેવા કરીને ગાળેછે,

ત્હેનું અનુકરણ કરનાર કોઇ આપણામાં છે? સગાં મિત્ર માંદાં હોયછે ત્હેની પણ અવગણના કરનાર નિર્દય માણસો કેટલાંક હોયછે, તો પછી અપરિચિત, અજાણ્યાં, માંદાં પડેલાંને માત્ર સેવાને ખાતર સેવોપચારથી સુખી કરવાં એ કર્તવ્યજ્ઞાન તો ક્‌ય્હાંથી મળે? પરંતુ એ સર્વ તો દૂર રહ્યું. માત્ર જીવનના નિત્યવ્યવહારમાં અન્યોન્યમાં મધુર ભાષણ, પ્રેમમય વર્તન,–એટલામાંથી પણ શું આપણે જઇશું? મનુષ્યના દુઃખમય જીવનમાં આશ્વાસનની કેટલી જરૂર છે! તો શું તે જીવનને કટુવચનથી, પ્રેમહીન વર્તનથી, વધારે દુઃખી કરવું કે આપણાથી બને તેટલી મધુર અને પ્રેમમય વૃત્તિથી તે દુઃખનો ભાર ઓછો કરવો? એમાંથી કર્તવ્ય કિયું? કર્તવ્ય તો દૂર રહ્યું, પણ કટુવચન અને પ્રેમહીન વર્તન એ નિર્દયત્વના જ પ્રકાર છે એ પણ શું આપણે ભૂલી જવું? બીજાના મનને ખેદ થશે,—સહજ એક કટુ વાક્યથી, એક તિરસ્કારદૃષ્ટિથી ગ્લાનિ થશે, તે વિચારવું જોઇએ. તે બાબતની દરકાર ના રાખવી એ નિર્દયતાનું જ રૂપ છે; અને હેવી ઝીણી બાબતની કાળજી રાખવી એ દયાનું સ્વરૂપ છે. આપણા બ્રાહ્મમાર્ગીની દયા તો એટલી સત્ય અને તીવ્ર જોઇયે. અને એટલી દયાવૃત્તિ કેળવવામાં મુશ્કેલી શી આવેછે? સિદ્ધાર્થે આટલો મહાન્ સ્વાર્થત્યાગ કર્યો ત્હેવો તો હામાં કાંઇ સ્વાર્થત્યાગ નથી? માત્ર "હું શું હેની ખુશામત કરું?" હેવું વૃથા અભિમાન અથવા હેવો જ કોઇ ક્ષુદ્રભાવ આડે આવેછે. મનુષ્યબંધુ તરફ મૃદુભાવે વર્તવાનું જે કર્તવ્ય ત્હેને આપણું વૃથા અભિમાન ખુશામતનું રૂપ આપેછે. એ અભિમાન અને એ ક્ષુદ્ર ભાવનો બલિ આપવો એટલો પણ સ્વાર્થત્યાગ ના કરિયે તો પછી મ્હોટો સ્વાર્થત્યાગ કરવાની યોગ્યતા આપણામાં ક્‌ય્હારે આવવાની? તેમ જ બીજા મનુષ્યબન્ધુનો ઉપહાસકરીને ચીઢવવો એ પણ નિર્દયતા છે. બીજાને આપણા ઉપહાસનો વિષય ક્રૂરતાથી કરવાનો આપણો હક શો છે?—એ વાત તો દૂર રહી. પરંતુ દયાવૃત્તિના દૃષ્ટિબિન્દુથી જોતાં પણ એમ બીજાના મનને વ્યથિત કરવું એ પ્રેમની વિરુદ્ધ કૃતિ જ કહેવાય, સમભાવની ન્યૂનતાનું જ ફળ કહેવાય. એમ નિર્દય વ્યવહારથી આપણને લાભ કશો ના થવાનો, અને જગત્‌માં માત્ર કટુતાનો પ્રવાહ વધારવાની કૃતિ થવાની. એક કટુવચનનાં પરિણામ કેટલાં દૂરગામિ થાયછે તે વિચારવા જેવું છે. તેમ જ અનેકવાર એક કટુવચન તે પાછળ પશ્ચાત્તાપનો ભારો મૂકી જાયછે. એક મિત્રનું મરણ સાંભળીને એક જણે

એકદમ અશ્રુપાત કરીને કહ્યું;—" અરે ! હું હેને છેલ્લો મળ્યો ત્હારે હું ન્હોતો જાણતો કે આ હું હેની સાથે છેલવેલ્લો બોલુંછું." એ બે છેલ-છેલ્લા મળ્યા ત્હારે હેણે એ મિત્રને કટુવચનનો નિર્દય આઘાત કર્યો હતો. અને તે છેવટનું કટુવચન તે આ વખતે હેના હૃદય ઉપર ભારરૂપ થઈ પડ્યું હતું. આ તો સહજ શિખામણ લેવા જોગ વિચાર છે. પરંતુ નિર્દય-ત્વની પ્રવૃત્તિ ક્યહાં ના થાય તે કહેવાય નહિં એ વાત પણ આથી જણાશે. તેમ જ આ જીવનમાં એક બીજાના દુઃખમાં ભાગ લેવો એ પણ દયાનો વિષય છે. દુઃખ આધિદૈવિક હોય તો આપણા દુઃખભાગી થવાથી કાંઇ એ દુઃખ હતું ન હતું થતું નથી; પરંતુ મનની વ્યથા કાંઇક આશ્વાસનના બળે ઓછી થાયછે; એ દુઃખની કટુતામાં કાંઇક પ્રેમના અમૃતબિન્દુથી મધુરતા આવેછે; અને આશ્વાસનની સાથે આપણે જો વિપત્તિમાં સ્થિરતા-નો બોધ આપી સકિયે અને તે સફળ થાય, તો તે પીડિત માણસને દુઃખ, વિપત્તિ, ઇત્યાદિથી અસ્પૃષ્ટ રહી ઉન્નત ભૂમિમાં ચાલવાની શકિત આપીને ત્હેના દુઃખનું નિવારણ પણ કરી સકાયછે. તો આ કર્તવ્ય કરવું એ પણ દયાની કૃતિ છે. જો કે આ દયાનું સ્વરૂપ ઘણે ભાગે **भावपर्यवसायिनी दया** જેવું છે, તોપણ આશ્વાસન દેવાની કૃતિ, વચન, વગેરેને લીધે **कृतिपर्यवसायिनी दया**નો જ એ પ્રકાર છે. હાવાં હાવાં અનેક દયાનાં કૃત્ય કરવાં એ આપણી શકિતની બ્હારની વાત નથી. બુદ્ધ જેવો સ્વાર્થ-ત્યાગ કરી બધાને ત્યાગી થવાની જરૂર પણ નથી તેમ યોગ્યતા પણ નથી. પરંતુ હાવાં દયાકાર્ય કરવાં એ આપણું અવશ્ય કર્તવ્ય છે. જૈન દયાની જરૂર નથી; માત્ર **भावपर्यवसायिनी दया**એ આપણે અટકવું નથી. આપણે તો ન્હાની સરખી પણ **कृतिपर्यवसायिनी दया**નો જ અભ્યાસ કરવોછે.

दयाનો અનાદર કરવાની કૃતિનું એક બીજું ઉદાહરણ અધમ વર્તમાનપત્રોમાં મળેછે. પારકાની નિન્દા (Libel)—અપરાધરૂપ નિન્દા—ઉપર જીવનાર અથવા ત્હેમાં આનંદ માનનાર અધમ પત્રો આપણા દેશમાં અનેક છે. આ ખેદ તથા શરમની વાત છે. પારકા સત્પુરુષના મનને ખેદ થશે એ વાત તો આ નિન્દકોના સ્વપ્નામાં પણ નહિં આવતી હોય. પણ એ વાત ઉપર તો હેમની નિન્દાના **निर्दय**ત્વનું બીજ રહ્યુંછે. એ જ પત્રો દયાના ઉપદેશ અનેક કરતાં હશે, પણ આગ નિન્દાનું ઝેર ફેલાવીને પોતે

दयाધર્મ તજેછે તે ભૂલી જ જતાં જણાયછે. બન્ધુભાવ, **समभाव–प्रेम**–એ તો એ લોકો કોરાણેજ મૂકેછે;—ન્યાય અન્યાયની વાત તો દૂર જ રહી. આ ત્હારે નિર્દયતા દૂર કરવાને માટે એક વિચારવા લાયક વિષય છે. હાવી રીતે **दया**ના વિષય અનેક જડી આવશે. આટલા દિગ્દર્શનથી બસ કરીશું.

પરંતુ **दया**નાં ઉદાહરણો આપણે કેટલાંક કહ્યાંછે તે સંબન્ધે એકાદ શંકા કોઇ ઉઠાવે એમ છે. ક્હેશે કે કોઇને કટુવચન ના ક્હેવું, સર્વ ઉપર પ્રેમવૃત્તિ રાખી પ્રેમવર્તન કરવું, મૃદુવર્તન કરવું–ઇત્યાદિ વાતોને **दया**ના વિષયમાં આણવામાં જરા અર્થક્લેશ થશે, **दया**નો અર્થ તાણીતૂશીને બેસાડ્યા વિના નહિં થાય; કેમકે **दया** તો ત્હારે ક્હેવાય કે જ્હારે કોઇ આપણી કૃતિભિન્ન કૃતિથી દુઃખી હોય ત્હેની જોડે સમભાવ થઈ ત્હેનું દુઃખ-નિવારણ કરવાની કૃતિ કરિયે; અને અહિં તો આપણી કૃતિથી બીજો દુઃખિત ના થાય—એટલે કે આપણાં કટુવચનાદિકથી થવાનું જે **भावि** દુઃખ તે ના થાય—એમ એ **भावि** દુઃખમાં સમભાવ થઈને તે કૃતિ ના કરવી, આમ નિવૃત્તિપર અર્થ અહિં તો થશે. આ શંકા પ્રથમદર્શને તો સબળ લાગેછે. પરંતુ **दया**નાં બીજાં ઉદાહરણોના પ્રકાશથી **दया**નું સ્વરૂપ તપાસતાં જણાશે કે **दया**નો અર્થ માત્ર પ્રવૃત્તિપર જ છે એમ નથી; નિવૃત્તિપર પણ છે. આંધળાને પાછળથી આવતી ગાડીના રસ્તામાંથી દોરીને બાજૂએ કારવાનું ઉદાહરણ પુર્વે ગયુંછે તે તો **दया**નું છે એમ સ્વીકારાશે. તો હેમાં શું છે? થયેલા અથવા થતા દુઃખની વાત જ નથી, પરંતુ થવાના—ગાડી નીચે આવે તો જે પીડા થાય તે ભાવિ—દુઃખમાં જ સમભાવ થવાનો પ્રસંગ હેમાં છે. ત્હારે સમભાવવિષય દુઃખ તે વર્તમાન જ જોઇયે એમ નથી પરંતુ ભાવિ પણ હોઈ સકે. પરંતુ આ તો પરકૃતિજનિત અથવા પરકૃતિથી જન્ય દુઃખની વાત થઈ, પણ પોતે જ કૃતિ કરે ત્હેનાથી થનાર ભાવિ દુઃખ તે **दया**નો વિષય કેમ બનશે? આમ હજી કોઇ ક્હેશે. હેનો ઉત્તર એટલો જ કે આપણી કૃતિથી થનાર દુઃખ તે **दया**નો વિષય કેમ ના બને? ના બને એમ ક્હેવાને કાંઇ પણ યોગ્ય કારણ અથવા આધાર છે? આપણી કૃતિભિન્ન નિમિત્તથી થયેલા દુઃખમાં સમભાવ થવું અને તે નિવારવા કૃતિ કરવી તે જેમ **दया** છે, તેમ જ આપણી કૃતિથી થવાના દુઃખમાં સમભાવ થઈ તે કૃતિથી નિવૃત્ત થવું તે પણ **दया** છે. પછી ગમે તો હેને **निवृत्ति-पर दया** ક્હો તો ભલે; પણ તે **दया** છે જ. પરંતુ વળી હાવી—કટુવચન

ના બોલવું વગેરે જેવી—ન્હાની ન્હાની વાતોમાં તે **दया** ક્યહાંથી આવી? એમ કોઇ કહેશે. પણ પ્રથમ જોવાનું એ છે કે એ બાબતોનો પૃથક્કરણથી તપાસ કરતાં **दया**ના લક્ષણમાં સમાવેશ થાયછે તો તે **दया**ના વિષય નથી એમ કહેવાને કાંઇ પણ આધાર? કાંઇજ નહિં. માત્ર ન્હાની વાતો પણ તેથી જ કરીને કષ્ટસાધ્ય, એટલે એ સાધવાની અનિચ્છાથી જ આ શંકા થાયછે. જો—જેમ કોઇ દુષ્ટ બીજા ગરીબને પીડતો હોય અને ત્હેનો બચાવ કરવામાં **दया**છે તેમ—તે ગરીબને આપણે પણ ના પીડવો હેમાં નિવૃત્તિપર **दया** છે, તો બીજાને કટુવચનાદિક ના કહેવામાં પણ ત્હેવી જ **दया** છે હેમાં સંશય નહિં. તેમ વળી પૂર્વે કહ્યું જ છે કે આપણા સામાજિકોની **दया** તો હેવી તીવ્ર અને સૂક્ષ્મ હોવી જોઇયે કે હાવાં નિત્યવ્યવહારનાં ન્હાનાં જણાતાં આચરણોમાં પણ ત્હેની પ્રવૃત્તિ કરવી જોઇયે. **दया** એ **प्रेम**મૂલક છે. **प्रेम** તે જ **भ्रातृभाव**નું લક્ષણછે; અને ઈશ્વરનો **पितृभाव** અને મનુષ્યમાત્રનો **भ्रातृभाव** માનવો એ આપણા બ્રાહ્મ ધર્મનું ખાસ સ્વરૂપ છે; તેથી **भ्रातृभाव**ને બાધ કરનારી—કટુવચન, પ્રેમહીનવર્તન ઇત્યાદિકથી થતી—**निर्दयता** તે કાંઇ ઝીણી ઝીણી નજીવી વાત છે એમ આપણે બ્રાહ્મધર્મીઓએ તો ના જ ગણવું જોઇયે. **दया**ના મુખ્ય વિષય તરીકે હેવી વાતોને ગણીને માન આપીશું તો જ **भ्रातृभाव** ખરો વધશે, અને આપણું બ્રાહ્મમંડલ—આપણાં બ્રાહ્મ કુટુંબો—સુખસ્થાન, ઈશ્વરનિવાસસ્થાન થશે.

ઉપર હમણાં નિવૃત્તિપર **दया**ની વાત કરી, તે સંબન્ધે જોતાં **दया**ના બીજી રીતે—બીજા વિભાજક તત્ત્વને અનુસરીને—ભેદ થાયછે તે અત્યાર સુધી કહ્યા નથી તેથી ઉપરની શંકાઓને માર્ગ રહેછે. એ ભેદ આ પ્રમાણે છે:—

दया

- **वर्तमानदुःखविषया** (१.)
  - **स्वकृति-विषया** (३.)
  - **परकृति विपया** (४.)
  - **तत्कृति-विषया** (५)
- **भाविदुःखविषया** (२.)
  - **स्वकृति-विषया** (६.)
  - **परकृति-विपया** (७.)
  - **तत्कृति-विषया** (८.)

(૧.) **वर्तमानदुःखविषया**—એટલે દુઃખ થતું હોય તે ઉપર સમભાવતા થાય તે **दया**. હેના ત્રણ પ્રકાર.

(૩.) **स्वकृतिविषया**—એટલે **दया** કરનારની જ કોઇ પ્રથમ કૃતિથી દુઃખ થયું હોય તે ઉપર સમભાવતા થાય તે **दया.** જેમકે આપણાથી કોઇને ક્રોધપરવશતામાં અથવા હેવી રીતે કટુવચનથી અથવા બીજી કોઇ રીતે વ્યથા થઈ જાય, તો તરત પશ્ચાત્તાપ થઈને તે વ્યથામાં સમભાવતા થઈ વ્યથિત ઉપર **दया**ભાવ ઉપજીને હ્હેને પોતાનો અનુતાપ બતાવિયે.

(૪.) **परकृतिविषया**—આ **दया**નાં ઉદાહરણ તો ઘણાં આવી ગયાંછે. કોઇ પારકો દુઃખ દેતો હોય અને હ્હેમાંથી આપણે દુઃખિતને બચાવિયે ત્ય્હારે તે **दया,** પારકાની કૃતિથી થયેલા દુઃખને વિષયીકૃત કરનારી **दया** છે.

(૫.) **तत्कृतिविषया**—**तत्** એટલે દુઃખિત જન પોતે જ. પોતે જ પોતાના કોઇ પાપકૃત્યવડે અથવા દોષયુક્ત કૃત્યવડે દુઃખ પામે તે દુઃખથી સમભાવતા થઈને ઉત્પન્ન થનારી **दया** આ છે. માણસ કોઇ પોતાના જ પાપમાં ફસાઈને દુઃખી થતો હોય, અને આપણે **दया**ભાવથી હેને સહાય થઈ આશ્વાસન ઉપદેશ ઇત્યાદિથી હેનું દુઃખ ઓછું કરિયે અથવા નિવારિયે તો આ પ્રકારની **दया** છે.

(૨.) **भाविदुःखविषया**—એટલે થવાનું દુઃખ હોય તે થતું રોકાય એમ એ દુઃખ ઉપર સમભાવ થઈને થનારી **दया.** હેનાપણ ત્રણ પ્રકાર, પ્રથમ જેવા જ.

(૬.) **स्वकृतिविषया**—જેમકે કોઈને કટુવચન કહેવું, પ્રેમહીન રીતે કોઇ જોડે વર્તવું,—ઇત્યાદિ આપણી કૃતિથી હ્હેને દુઃખ થશે એમ જાણીને તે દુઃખને સમભાવનો વિષય બનાવી એ કૃતિ કરતા આપણે અટકવું, એ કૃતિમાંથી નિવૃત્ત થવું તે આ પ્રકારની **दया**નું ઉદાહરણ.

(૭.) **परकृतिविषया**—કોઇ મનુષ્યને કોઇ બીજો પાપી મનુષ્ય ફસાવવાને જાળ પાથરતો હોય તો હ્હેમાંથી ચેતાવીને પેલાને બચાવિયે તો આ પ્રકારની **दया**નું ઉદાહરણ બને.

(૮.) **तत्कृतिविषया**—**तत्**=જે દુઃખ પામે તે જ મનુષ્ય. કોઇ માણસ પોતાની જ મેળે પાપના ગર્તમાં પડવાને તત્પર થયો હોય, અને ત્હેને ચેતવીને બચાવિયે તો આ પ્રકારની **दया**નું ઉદાહરણ બને. વૃથા અભિમાન, સ્વસંતોષ, મદ, બડાઈ, ઇત્યાદિ ખોડ્યો અંતે તે જ માણસને દુઃખકારી છે એમ ગણી તે તજાવવાને પ્રયત્ન કરવો; કોઇ નિર્દય થતું હોય, બીજાને અપમાન, પ્રેમહીન વર્તન ઇત્યાદિથી નિર્દયતાના આઘાત કરતું હોય, તો ત્હેની એ નિર્દયતા અંતે ત્હેને દુઃખકારિણી થશે એમ જાણી તે દોષથી છોડવવા ઉપદેશઆદિક માર્ગે પ્રયત્ન કરવો.—આ સર્વ આ પ્રકારની **दया**નાં ઉદાહરણ છે. આ પ્રકારનાં **दया**કૃત્ય તે આપણા કર્તવ્યની બ્હાર જઈને કર્યા જેવું થાયછે એમ માનવું ના જોઇયે. એક ફારસી વચન છે—

> અગર બીનમ્ કે નાબીના ઓ ચાહ્અસ્ત
> વગર ખામોશ બિનશીનમ્ ગુનાહ્અસ્ત.

"જો હું જોઉં કે આંધળો અને પાસે ખાડો એમ છે, અને છતાં જો હું ચૂપ બેશી રહું (હેને ખાડામાં પડવાનો ભય છે તેથી વાકેફ કરું નહિં) તો તે અપરાધ, પાપ, છે."—આ વચનમાં આ પ્રકારની **दया**કૃતિને—**तत्कृतिविषया भाविदुःखविषया दया**ની કૃતિને—કર્તવ્ય રૂપે સબળ રીતે બતાવીછે.

કોઇ કહેશે કે આ તો **दया** નહિ, પણ **परोपकार** કહેવાય. પરંતુ જરાક વિચાર કરતાં જણાશે કે એ **दया** પણ છે અને **परोपकार** પણ છે. **दया** અને **परोपकार** એ માત્ર જૂદા જૂદા દૃષ્ટિબિન્દુને યોગે બને છે. **परोपकार** તે **दया**નું કૃત્ય કરનાર અને જે'ના ઉપર તે કૃત્ય કર્યુંછે તે બંનેને સાંધનારો અર્થ બતાવેછે. **दया** તે માત્ર કૃતિકરનારના ભાવની સ્થિતિને લક્ષ્ય કરનારો અર્થ છે. **उपकृत**ના દૃષ્ટિબિન્દુથી **परोपकार** છે તે જ **उपकृतिकार**ના દૃષ્ટિબિન્દુથી **दया** છે.

ત્હારે **दया**નું મૂળ **समभाव**માં જોયું; અને **समभाव**નું મૂળ અનિમિત્ત—આત્માના બંધારણમાં જ દિવ્ય અંશરૂપે રહેલા—**प्रेम**માં જોયું.

એટલે અર્થાત્ **પ્રેમ** તે **દયા**નું બીજ ગણી સકાય. આ **પ્રેમ**નું તત્ત્વ તે **દયા** અને **ક્ષમા**ને શૃંખલામાં જોડનાર સુવર્ણનો અંકોડો છે. શી રીતે છે તે તપાસિયે. તે માટે પ્રથમ **ક્ષમા**નું લક્ષણ શું તે જાણવું જોઇયે. **અન્યના અત્યાચારનું ઉદારતાથી સહન તે ક્ષમા;**—આમ **ક્ષમા**નું લક્ષણ કરી સકાય. આપણને બીજો કોઇ માણસ કોઇ પણ પ્રકારનો અત્યાચાર કરે—અન્યાય આપે, ક્રૂર થઈ દમે, નિર્દય થઈ દુઃખ દે, અપમાન કરે, અવગણના કરે, કટુવચન કહે, પ્રીતિહીન નજરે જુવે—તો ક્ષોભ પામીને, અથવા અશક્તિને લીધે, અથવા હેવા કોઇ ઉદારતાભિન્ન હેતુથી નહિં, પરંતુ ઉદારતાથી—એ અત્યાચાર કરનાર ઉપર પ્રેમ, દયા, ઇત્યાદિ મૃદુભાવથી—તે અત્યાચાર ખમી રહિયે તો તે **ક્ષમા**ગુણની પ્રવૃત્તિ થઈ કહેવાય. **ઉદારતા**નો અંશ **ક્ષમા**ના સ્વરૂપમાં તત્ત્વભૂત છે, અત્યંત આવશ્યક છે. જો **ઉદારતા**નું તત્ત્વ હેમાંથી લુપ્ત થયું તો પછી તે **ક્ષમા**નું **ક્ષમા**પણું જ જતું રહ્યું સમઝવું. શી રીતે તે જોઇયે. કોઇ બલવાન્ મનુષ્ય કોઇ નિર્બળ મનુષ્યનું અપમાન કરે, અથવા પીડા કરે, અને તે છતાં પેલો નિર્બળ પેલા બલવાન્ને સ્હામું અપમાન અથવા પીડા ના દેતાં સહન કરી રહે, તો તે શા કારણથી? હું હેની બરોબર નહિં આવું, પૂરો નહિં પડું,—હેવા ભયથી જ જો એમ થાય તો એ અશક્તિમાનની સાધુતા કહેવાય, ખરી **ક્ષમા** ના કહેવાય. બદલો દેવાની શક્તિ છતાં તે શક્તિ—અત્યાચાર પામતાં—ના વાપરવી હેનું નામ **ક્ષમા** છે. આ ઉપરથી જ જણાશે કે **ક્ષમા** તે નિર્બલતાનું ચિહ્ન નથી, પરંતુ **ઉદારતા**એ લગામ ખેંચીને રોકી રાખેલી સબલતાનું ચિહ્ન છે. એ તો ઉલટી મ્હોટી સબલતા—હૃદયની સબલતા—છે. માટે **ક્ષમા** તે નિર્બલતા નથી, પણ સબલતા છે; પ્રતિદાનાસમર્થની કાયિક નિર્બલતા નથી, પણ પ્રતિદાનસમર્થની માનસિક સબલતા છે. માટે જે લોકો ક્ષમાશીલ પુરુષોને બાયલા, નબળા, કહેછે તે લોકો **ક્ષમા**નું આ ખરું સ્વરૂપ ભૂલી જાયછે; અને **ક્ષમા** તે બદલો દેવાની શક્તિ ન હોવાને લીધે થતું મૌન, નિવૃત્તિ, એમ ખોટું માનવાને લીધે એ ભૂલ થાયછે.

ક્ષમાનો વેસ ધારણ કરનારો બીજો ભાવ કદી કદી જોવામાં આવેછે. એ ભાવનું ઉદાહરણ 'ટપલો મારનાર હજામ અને ઇનામ આપનાર વાણિયા'ની લૌકિક કથામાં સારી રીતે આવેછે. એક હજામને હેવી ટેવ હતી કે હમેશાં હજામત કરી રહ્યા પછી તે હજામત કરેલા માણસના માથામાં

ટપલી એક મારવી. એક વાણિયાની હજામત કરીને ટપલી મારી, ત્હારે વાણિયાએ હજામને એક મ્હોરનું ઇનામ આપ્યું. લોકોએ કહ્યું "શેઠ! આ શું?" શેઠ કહે "તમે જોઈ તો લેજો, શું થાયછે તે." પછી પેલો હજામ એક પઠાણની હજામત કરવા ગયો. અહિં પણ હજામત કરી રહ્યા પછી ટપલી મારી. પણ મ્હોર મળવાની તો દૂર રહી, પરંતુ પઠાણે એક તલવારના ઘાથી હજામનું માથું ઉડાવી દીધું. આ ઉદાહરણ તો હાસ્યજનકછે, પણ એ ઉપરથી આપણે સાર બીજો લેવાનોછે. ટપલીને બદલે મ્હોર આપી તે **ક્ષમા**ના ખરા ગુણને લીધે નહિં; પરંતુ પોતાનાથી અત્યાચારના પ્રતિદાનની અશક્તિને લીધે કાંઇ થાય નહિં; માટે આમ કર્યું. પણ અશક્તિમાન્‌ની **ક્ષમા** કરતાં વધારે વાત થઈ. માત્ર ખમી ના રહ્યા, પણ પ્રતિદાન પરભાર્યું અને ક્રૂર રીતે લેવડાવ્યું. આ કૃતિ તો અશક્તિમાન્‌ની સાધુતાથી વધીને અશક્તિમાન્‌ની રાક્ષસતા જ થઈ એમ ગણાય. કેમકે એ ટપલી સહન કરવાનો હેતુ **ઉદારતા** નહિં, પણ પ્રતિદાનની અશક્તિ અને પરભાર્યું પ્રતિદાન અપાવવાની ક્ષુદ્ર ઇચ્છા.

ક્ષમાનું રૂપ ધારણ કરનારી બીજી એક વૃત્તિ છે. To heap coals of fire,—અત્યાચાર કરનારના ઉપર અંગારાનો ઢગલો નાંખવાની વૃત્તિ તે એ છે. એટલે અત્યાચાર કરનારને પ્રતિદાન ના દઈને ત્હેને—તે જ કારણથી થતા—અનુતાપના અંગારા—પશ્ચાત્તાપના અગ્નિ—થી દગ્ધ થવા દેવો એ હેતુથી અત્યાચાર કેટલાક સહન કરેછે. આ પણ **ક્ષમા** ના કહેવાય. કેમકે આ અત્યાચારસહનનો હેતુ **ઉદારતા** નથી, પરંતુ પ્રતિદાન દેવાની અશક્તિને લીધે અથવા અનિચ્છાને લીધે અત્યાચારીને પશ્ચાત્તાપદ્વારા પ્રતિદાન દેવું—એ છે. કેટલેક અંશે આ હેતુમાં સારાપણું છે; તે એ કે અત્યાચારીને પશ્ચાત્તાપ થાય તો તેથી એ સુધરે, હેનું હિત થાય. આટલે દરજ્જે આ હેતુ કાંઇક ઠીક છે. પરંતુ અત્યાચારસહનનું સહજ પરિણામ અત્યાચારીનો અનુતાપ છે તે સહજ પરિણામને સહજ રીતે થવા દેવું એ ઠીક, પરંતુ ત્હેને સહનનો હેતુ જ કરીને સહન કરવું એ તો **ક્ષમા**નું **ક્ષમાત્વ** કાઢી નાંખવા જેવું થયું; કેમકે **ઉદારતા**થી નહિં પણ અન્ય **ઉદારતા**ભિન્ન હેતુથી એ સહન થયુંછે.

કાંઇક આ જ પ્રકારનો **ક્ષમાભાસ** બીજી એક રીતે થાયછે. અનુતાપના અંગારા નાંખવાના કરતાં વધારે અનુદાર હેતુ હેમાં આવેછે. અત્યાચાર કરનારનો અત્યાચાર સહન કરીને પ્રતિદાન ના દેવાથી પેલો અત્યાચારી

એમ કરીને નિરાશ થાય અથવા બળે—કે—"અરેરે આ તો મ્હારા અત્યાચારથી, અપમાનથી, લગારે પીડિત થતો નથી,—હાના ઉપર તો મ્હારું અપમાન ફૂલની પેઠે ખરી પડેછે!"—આમ થાય ત્હારે અત્યાચારસહનહેતુ વધારે અનુદાર થાયછે. અનુતાપના નહિ પણ, નિરાશાજનિત દાહના અંગારા નાંખવાના હેતુથી આ સહન થાયછે. માટે આ પણ ખરી **क्षमा** ના કહેવાય.

એક જણે કહ્યું છે કે:—

जो तो कूं कांटा बुवे ताहि बोइ तुं फूल ।
तोकों फूलके फूल है ताको है तिरसूल ॥

એટલે—"જે ત્હને કાંટા વાવે ત્હેને તું ફૂલ વાવજે; તેથી ત્હારે તો ફૂલનાં ફૂલ જ છે, પણ હેને તો એ ત્રિશૂલ થઈ પડશે." આ વચન પણ **क्षमा**ને હલકા દરજ્જા ઉપર ઉતારી દેનારું છે. **क्षमा**નો ચાલક હેતુ **उदारता** મટાડી દઈ, પશ્ચાત્તાપના અથવા અત્યાચારના વૈફલ્યથી ઉત્પન્ન થયેલી નિરાશાના દાહને એ હેતુ બનાવેછે, એટલે **क्षमा** નહિ પણ **क्षमाभास**નો જ ઉપદેશ કરનારુ વચન આ છે, તેથી ત્હેની કિમ્મત તેટલી જ આપણે ગણવાનીછે.

ઉપર જે ઉદાહરણો આપ્યાં ત્હેમાં, અશક્તિથી પ્રતિદાન ના દઈને બેશી રહેનારના ઉદાહરણ શિવાયનાં, બાકીનાં ઉદાહરણમાં તો **क्षमा**નો એક બીજો અંશ પણ ખૂટેછે, લુપ્ત થયેલો હોય છે; હેતુ **उदारता**ભિન્ન હોયછે એટલું જ નહિં પરંતુ **सहन**નો અંશ પણ લુપ્ત થાયછે. કેમકે **सहन** એટલે **प्रतिदानाभाव**;—બદલો ના દેવો. અને અહિંનાં ઉદાહરણોમાં જે સહન થાયછે તે **सहन** નહિં પણ **सहनाभास**. શાથી કે જાતે નહિં પણ બીજાને હાથે,—સાક્ષાત્ નહિં પણ પરંપરાએ—પ્રતિદાન દેવાનો હેતુ એ અત્યાચાર ખમનારના મનમાં હોયછે જ. ટપલી ખમનાર વાણિયાનો હેતુ પઠાણ જેવા બીજાને હાથે પ્રતિદાન દેવડાવવાનો ખરો જ; અનુતાપના અંગારા નાંખનારનો હેતુ અનુતાપદ્વારા પ્રતિદાન દેવાનો ખરો જ; તેમ જ અત્યાચાર સફળ ના થવાથી થતી નિરાશા પમાડનાર—બાળનાર—નો હેતુ પણ એ દાહદ્વારા પ્રતિદાન દેવાનો ખરો. તો આ રીતે પ્રતિદાન ન દેનારા આ પુરુષો નથી; પરંતુ વધારે વાંકી રીતે પ્રતિદાન દેનારા છે. તેથી **प्रतिदानाभाव** આ લોકોની કૃતિમાં

નથી આવતો, અને તેથી જ કરીને **सहन**નો અંશ પણ નથી આવતો; અને તેથી જ (ગુપ્ત રીતે પ્રતિદાન દેવાયછે માટે જ) આ સહન તે **सहनाभास** થાયછે. માટે આ ઉદાહરણોમાં તો **उदारता** તેમ **सहन** એ બંનેનો અભાવ છે. એટલે **क्षमा**ના લક્ષણુમાંનાં બે અંગ લુપ્ત થાયછે. તો તે **क्षमा** ના જ કહેવાય.

ત્હારે **उदारता** એ અંશ **क्षमा**ના લક્ષણમાં તત્ત્વભૂત છે, આવશ્યક છે, એ આ ઉપરના વિવેચનથી જણાયું. એ અંશ ના હોય, તો પ્રતિદાન દેવાની અશકિતને લીધે થયેલું અત્યાચારસહન; બીજા કો પરમાર્થે પ્રતિદાન થવાની સગવડ થાય ત્હેવી કૃતિ; અનુતાપથી જ પ્રતિદાન કરવાની કૃતિ; અને અત્યાચારનું ફળ ના થયું જોઈને બીજો એમ કરવાની કૃતિ;—ત્હેવી ત્હેવી કૃતિમાં **क्षमा**ના લક્ષણની અતિવ્યાપ્તિ થાય. એટલે જે **क्षमा** નથી ત્હેવી કૃતિને **क्षमा**નું લક્ષણ લાગૂ પડી જશે. માટે **उदारता** એ **क्षमा**ના લક્ષણમાં આવશ્યક અંગ છે. અને **उदारता**નું સ્વરૂપ હેવું છે કે અત્યાચારી ઉપર **प्रेम, दया,**—"હોય; એ અજ્ઞાન છે, ક્રોધપરવશ છે,"—"અરે! આ અત્યાચારની નિર્દય કૃતિમાટે હેને ઈશ્વરઆગળ જવાબ દેતાં કેટલું અનુતાપનું દુઃખ વેઠવું પડશે! એ દુઃખ મ્હારાથી ના નિવારાય?" અથવા તો—"અરે! હું હાણે કરેલા આઘાતથી મ્હને અન્યાય થયો માનુંછું; પરંતુ હેણે આઘાત કરવાનો ઉદ્દેશ રાખ્યો જ નહિ હોય અને માત્ર ગેરસમજથી હું આઘાત માનુંછું, તો હું હેને જ કેટલો અન્યાય આપુંછું! હું કહેવો દુષ્ટ છું!" અથવા તો "હું આ આઘાતને અન્યાય કેમ માનુંછું? મ્હને મ્હારા યોગ્ય વર્તન જ મળતું હશે તો? હું દયાનો, પ્રેમનો, અયોગ્ય હક કરુંછું એ ખોટું."- ઇત્યાદિ વિચારથી થતી **दया** અને **भ्रातृभाव**ને લીધે જ એ અત્યાચારનું સહન થઈ સકેછે. એટલે **उदारता**માં **प्रेम**નું બીજ આવ્યું જ; તેથી **दया**નું મૂળ **समभाव**માં, **समभाव**નું મૂળ **प्रेम**માં,-**प्रेम उदारता**માં, અને **उदारता क्षमा**માં—આ શૃંખલા આપણી નજર આગળ હવે ઊભી થશે, અને જણાશે કે આ રીતે **प्रेम** તે **दया** તે **क्षमा**ની શૃંખલાનો મધ્યસ્થિત સુવર્ણનો અંકોડો છે.

આ અંકોડાનો તપાસ કરતાં કરતાં આપણે **क्षमा**નું લક્ષણ—**अन्यना अत्याचारनुं उदारतार्थी सहन,** એમ—કરીને ત્હેમાંનો **उदारता**નો

અંશ તપાસ્યો. હવે એ લક્ષણના બાકીના અંશ તપાસિયે. એ અંશ (૧.) **अन्य**; (૨.) **अत्याचार**, અને (૩.) **सहन** છે. એ તપાસતા પ્હેલાં આટલું કહેવું યોગ્ય છે; તે એ કે **क्षमा**ના આ લક્ષણમાં **अत्याचार**નો વિષયભૂત પુરુષ તે અને **सहन**નો કર્તા બનનાર પુરુષ એ અભિન્ન જ, એક જ, હોવા જોઇયે; અર્થાત્—જે **सहन** કરે ત્હેના ઉપર **अत्याचार** થયો હોવો જોઇયે;—એ વાત તો સ્પષ્ટ છે એમ ગણી ગૃહીત જ માની લીધીછે. કદી કોઇ ક્હેશે કે **अत्याचार**નો વિષયભૂત પુરુષ એક, અને **सहन**કર્તા બીજો એમ પણ કદી સંભવેછે;—ઉદાહરણ જેમકે, એક જણને કોઇ પીડા કરે, અને તે જણનો બન્ધુ કે મિત્ર પેલા પીડા કરનારને **क्षमा** કરે. પરંતુ હાગાં જોવાનું એ છે કે જો પીડા કરનારનો ઉદ્દેશ પેલા બન્ધુમિત્રને અન્યના પીડનદ્વારા થતા દુઃખથી દુઃખિત કરવાનો ના હોય, તો પછી તે બન્ધુમિત્રની **क्षमा**નો પ્રસંગ નથી, એ **क्षमा** અપ્રસ્તુત થાયછે. અને જો પીડા કરનારનો ઉદ્દેશ પેલા બન્ધુમિત્રને એ પરંપરાએ ખેદ કરવાનો હોય, તો વાસ્તવિક રીતે જોતાં પેલી સાક્ષાત્ પીડા તે **अत्याचार** નથી, પણ પેલા બન્ધુમિત્રને કરવા ધારેલી મનની વ્યથા તે **अत्याचार** છે, અને તેથી કરીને **अत्याचार**નો વિષયભૂત પુરુષ પેલો બન્ધુમિત્ર થાયછે, સાક્ષાત્ પીડા જેને કરી-છે તે નથી થતો; અને એ બન્ધુમિત્ર તે જ **सहन**નો કર્તા છે. તેમ જ કોઇ આપણા બન્ધુમિત્રને પીડા કરે અને ઉદ્દેશ આપણને વ્યથા કરવાનો ના હોય, છતાં આપણે વ્યથા હવી પામિયે કે **अक्षमा** ઉત્પન્ન થવા જેવું થાય, (ઉદાહરણ તરીકે—કોઇ છોકરાને બીજું છોકરું મારે, અથવા બીજું મ્હોટું માણસ મારે, અને ત્હેની માને તેથી ક્રોધ આવવા જેવું થાય, ત્હેવે વખતે માએ **क्षमा** રાખવાની જરૂર આવેછે;—હાવો પ્રસંગ હોય,) તો ત્હાં **क्षमा**-નો માર્ગ આવેછે; કેમકે અહિં પેલી આપણને થયેલી વ્યથા તે જો કે **अत्याचारी**ના ઉદ્દેશનો વિષય નથી, તોપણ આપણી દૃષ્ટિયે તો—પછી ભ્રાન્તિથી કે ગમે તે કારણથી—તે વ્યથા **अत्याचारी**એ આપણને કરવી ધારી જ છે એમ લાગેછે, એટલે આપણને થતી વ્યથા તે **अत्याचार** બનેછે, અને **सहन**કર્તા પણ ત્હાં આપણે જ થવાનું છે. એટલે **सहन**નો કર્તા અને **अत्याचार**નો વિષયભૂત પુરુષ એ બે એક જ થાયછે; અને એમ જ થાય તો જ **क्षमा**નું ઉપર લક્ષણ આપ્યુંછે ત્હેના જૂદા જૂદા અંશો સુઘટિત થઈને અર્થમાં જોડાય.

હવે ત્હારે એ લક્ષણના રહેલા અંશ તપાસિયે. (૧) **अन्य**. આ અંશ તો આવશ્યક જ છે. બીજો કોઇ અપમાન કરે, દુઃખ દે, તે જ ખમવાનું બને. આ તો સ્પષ્ટ છે. પરંતુ **अन्य** એ શબ્દમાં માત્ર મનુષ્યનું જ ગ્રહણ કરવું કે મનુષ્યભિન્ન પદાર્થોનો પણ સમાવેશ કરવો? એટલું વિચારવાનું છે. મનુષ્યભિન્ન પદાર્થોનો કરેલો **असाचार** કહેવે પ્રસંગે સંભવે? માણસે ન કરેલાં દુઃખ, જેવાં કે બન્ધુમિત્રનું મરણ, રોગની પીડા, ધનસંપત્તિનો વિનાશ,—ઇત્યાદિક દેખાતી અકર્તૃક વિપત્તિયો આવી પડે, ત્હારે મનુષ્યભિન્નનો **असाचार** કદી સંભવે. પરંતુ હામાં **असाचार** કરનાર અજ્ઞાત હોયછે તેથી; તથા કદી જ્ઞાત કોઇ ગણિયે—જેમકે ઈશ્વર, તોપણ ત્હેને પ્રતિદાન આપવાનો માર્ગ જ નહિ એટલે પ્રશ્ન પણ નથી આવતો તેથી; તેમ જ સામાન્ય રીતે **क्षमा**નો અર્થ **क्षमा** વિષય મનુષ્ય હોય ત્હારે જ જણાય છે તેથી;—**अन्य**ના અર્થનો આમ વિસ્તાર ના કરતાં મનુષ્યમાં જ નિરોધ કરવો વાજબી છે. જેને **क्षमा** કરવી તે તો કોઇ હોય નહિ, અથવા આપણી **क्षमा** પ્હોંચે હેવો હોય નહિ,—તો પછી ત્હાં **क्षमा**નો વિષય જ ક્યહાં આવ્યો? માટે **अन्य** એટલે **अन्य** મનુષ્ય જ. મનુષ્યભિન્ન પશુ વગેરેનો પણ સમાવેશ ના કરવો જોઇયે. કેમકે, વાઘ જેવાં પશુ વગેરે આપણને મારવા આવે તો તે ખમી રહેવું અને આપણો બચાવ ના કરવો એ **क्षमा** કહેવાય જ નહિ. શાથી કે એ બાબતમાં **प्रतिदान** નથી થતું પરંતુ આત્મસંરક્ષણ થાયછે; તેમ વળી **असाचार** કરનાર પશુનામાં **असाचार** કરવાનો ઉદ્દેશ કે હેતુ ઉત્પન્ન થાય હેવી બુદ્ધિ જ હોતી નથી, અને બુદ્ધિપૂર્વક, ઉદ્દેશપૂર્વક, કરેલી પીડા હોય તો જ **असाचार** થાય; માટે **क्षमा**નો **असाचार**રૂપ અંશ જ લુપ્ત થવાથી **क्षमा**નો પ્રસંગ જ હેવાં સ્થળમાં આવતો નથી.

હવે બીજો અંશ (૨.) **अत्याचार** તપાસિયે. **अत्याचार** એટલે **निर्दय व्यवहार.** કોઇ આપણને અપમાન આપે, કટુવચન કહે, પ્રેમહીન નજરે જુવે, ઇત્યાદિ રીતે આપણા મનને વ્યથા આપનારું આચરણ કરે; અથવા માર મારે, કેદ કરે, ઇત્યાદિક કાયિક પીડા આપનારું આચરણ કરે; તો તે આચરણ કરવાને લીધે આપણને દુઃખ થાય તે વિશે તે પુરુષના હૃદયમાં **सममाव** થઈ **आर्द्रता** ન થવાથી જ તે તેમ વર્તે, એટલે ત્હેવી **आर्द्रता** થાય તો તેમ ના વર્તે, માટે એ વર્તન તે **निर्दय व्यवहार**

જ કહેવાય. અલબત, આ સર્વ આચરણમાં **अन्याय**નો અંશ હોય તો જ તે **निर्दय** થઈને **अत्याचार** કહેવાય. કારણ કે **न्याय**યુક્ત કૃતિમાં **निर्दयता** આવે નહિ. **न्याय** જે પીડા કરવાની આજ્ઞા કરેછે ત્હેમાં **दया**નો હેતુ બહુધા અપ્રસ્તુત રહેછે, અથવા તો કદી કદી તે પીડા કરવી પડવા છતાં **समभावजनित आर्द्रता** થવી અસંભવિત નથી, અથવા તો તે પીડાનો દૂરતમ ઉદ્દેશ પીડા ખમનારના હિત માટેનો હોયછે એટલે દૂરતમ **दया**નો ભાગ જ ત્હેમાં આવેછે. કોઇ માણસ બીજાને દમતો હોય અને આપણે ત્હેને યોગ્ય ક્રોધવચનથી ઠપકો આપિયે, અથવા પુત્રસેવકાદિકને કર્તવ્યમાં ગફલત કરવા માટે યોગ્ય રીતે યોગ્ય કારણસર ધમકાવિયે, તો પેલાના મનને વ્યથા થવાથી કાંઇ આપણે **अत्याचार** કર્યો નહિ કહેવાય. તેમ જ ચોરી કરનાર છોકરાને ફટકા મારવાની સજા અથવા મ્હોટી ઉમરના ચોરને કેદની સજા કરનાર રાજપુરુષ તે કારણથી **अत्याचार** કરનારો નહિ કહેવાય; કારણ કે આ સર્વ કૃતિયો **न्याय**ની આજ્ઞાથી, **न्याय**નો હક સાચવવાને, થાયછે. એટલે તે કૃતિ કરવામાં પીડા દેવી એ હેતુ પ્રધાનભૂત તો નથી જ હોતો. એટલું જ નહિ પણ—શું કરું? આ સ્ખલનશીલ મનુષ્યને વ્યથા તો થશે, પણ ન્યાયનું કર્તવ્ય પણ બજાવવું જોઇયે."—આમ હૃદયની **समभावजनित आर्द्रता** પણ તે જ સમયે કદી કદી થાયછે; એટલે **न्याय**યુક્ત **अत्याचार** અથવા **अत्याचाराभास** અને **दया** એ એકી વખતે સંભવેછે, પરસ્પરવિરોધી નથી થતાં. તેમ જ સજા ઠપકો વગેરેથી પીડા કરવાનો પરિણામિ ઉદ્દેશ તે મનુષ્યને સુધારવાનો છે એટલે એ તત્ત્વ પણ **दया**ની જોડે સંબન્ધ રાખનારું છે. અલબત, એ પીડા દેવામાં હદ રહેવી જ જોઇયે; એટલા માટે જ ઉપર "યોગ્ય" શબ્દ વાપર્યોછે. નહિંતો તો પછી **न्याय**નો હેતુ અથવા **दया**નો હેતુ જતો રહીને પીડા કરવાનો જ હેતુ છે એમ થઇ જઇને એ **निर्दयता** જ તેટલે અંશે થવાની. તેમ વળી **निर्दय व्यवहार** કહ્યોછે એટલે **निर्दयता**નું મુખ્ય બીજ **अनुदारता** આવશે જ (જેમ **दया**ના લક્ષણમાં **उदारता**, તેમ **निर्दयता**માં **अनुदारता**); અને **न्याय**ને અનુસરીને કરેલી પીડામાં **अनुदारता**નો હેતુ રૂપ અંશ આવવાનો જ નહિ; **न्याय** અને **अनुदारता** એ પરસ્પરવિરુદ્ધ જ વસ્તુ છે. માટે **अत्याचार**ના અર્થમાં જ **अन्याय**યુક્તતા સમાયછે.

તેમ વળી આ **अत्याचार** તે બુદ્ધિપૂર્વક—પીડા કરવાના ઉદ્દેશથી પ્રેરિત—હોવો જોઇયે. અને એ બુદ્ધિપૂર્વકપણાનો અંશ **क्षमा**ના લક્ષણમાં, ગૃહીત જ ગણીને, ઉમેર્યો નથી. કેમકે બુદ્ધિપૂર્વક કોઇ પણ કૃતિ ના હોય તો તે કૃતિ ગણાય જ નહિં એ માનસશાસ્ત્રનો સર્વમાન્ય સિદ્ધાન્ત હોવો જોઇયે. પશુ વગેરે આપણને આઘાત કરે તે બુદ્ધિપૂર્વક નથી એમ આપણે પૂર્વે કહ્યું જ છે. પશુની હેવી કૃતિ તે અનિમિત્ત, સહજ અંતઃપ્રવૃત્તિથી પ્રેરિત થયેલી હોયછે. પણ કોઇ કહેશે કે એક માણસની વર્તણુક કદી હેવી બને કે જેથી, હેનો ઉદ્દેશ લગારે અપમાન વગેરે આઘાત કરવાનો ના હોય છતાં, બીજાને ગેરસમઝને લીધે આઘાત લાગે, તો તે આઘાતનું પણ **उदारता**થી **सहन** કરવું તે **क्षमा** જ ગણાય; તો અહિં આ **अत्याचार** બુદ્ધિપૂર્વક ન છતાં **क्षमा**નો વિષય થાયછે; ત્યારે **क्षमा**ના લક્ષણમાં **अ-त्याचार**ને બુદ્ધિપૂર્વક એમ વિશેષણ કેમ ના આપવું? હાનો ઉત્તર એટલો જ છે કે—યદ્યપિ **अत्याचार** જેવું વર્તન કરનારને સંબન્ધે એ વર્તન—બુદ્ધિપૂર્વક ન હોવાને લીધે—**अत्याचार** નથી, તથાપિ **क्षमा** કરનારના દૃષ્ટિબિન્દુથી તો એ વર્તન **अत्याचार**—બુદ્ધિપૂર્વક આઘાત—જ છે; હેને તો એમ જ લાગે છે કે મ્હને પીડા કરવાના હેતુથી જ એ આમ મ્હારી જોડે વર્તેછે; પછી ગમે તો આ સમઝ ભ્રાન્તિજનિત છે હેમાં શું થયું? ખમનારને તો આઘાત લાગ્યો જ એટલે આ તપાસમાં **अत्या-चार**ની ભ્રાન્તિમૂલકતા અથવા યથાર્થતા એ અપ્રસ્તુત બનેછે. કેમકે **क्षमा**-ના લક્ષણમાં પ્રધાન દૃષ્ટિબિન્દુ **क्षमा** કરનારનું છે, **अत्याचार** કરનારનું નથી. ભ્રાન્તિમૂલક અથવા યથાર્થ, ગમે હેવો **अत्याचार** હો,—પણ ખમ-નારને તો ખમવા માટે સામગ્રી ઉપસ્થિત થઈ જ; **उदारता**નો વ્યાપાર કર-વાનો વિષય ઉત્પન્ન થયો જ; **क्षमा** ગુણનો પ્રયોગ થવાને કારણ આવ્યું જ. માટે અચિન્તિત વર્તન હોય તોપણ, જો ખમનારને ચિન્તિતવત્ લાગ્યું (અને ખમવાનું આવ્યું એટલે તે કાર્ય માટે તો ચિન્તિતવત્ જ થયું), તો તે બુદ્ધિપૂર્વક જ આ ઠેકાણે ગણાશે. તેથી **क्षमा**ના લક્ષણમાં **बुद्धिपूर्वक** એમ **अत्याचार**ની પૂર્વે વિશેષણ મૂકવાની જરૂર નથી.

ઉપર કહ્યું છે કે કોઇકવાર **अत्याचार** સાક્ષાત્ બીજાને કરે, અને હેનો ખરો વિષયભૂત મનુષ્ય બીજો—પેલાનો બન્ધુમિત્રાદિક—હોય એમ બનેછે. એ **अत्याचार**ના બે ભેદ થાય;—(૧.) **साक्षात्** અને (૨.) **अन्यद्वारा**. આપણ-ને પોતાને જ આઘાત કરવાના ઉદ્દેશથી કરેલો **अत्याचार** તે **साक्षात्**

અત્યાચાર. અને આપણને આઘાત કરવાના ઉદ્દેશથી પરંતુ અન્યને કરેલો—અથવા તે ઉદ્દેશ ન હોવા છતાં આપણને તે ઉદ્દેશ છે એમ લાગે તે પ્રસંગે અન્યને કરેલો—**અત્યાચાર** તે **અન્યદ્વારા અત્યાચાર**. આપણા મનુષ્યને કરેલો પણ આપણને લાગનારો આઘાત તે **અન્યદ્વારા અત્યાચાર.**

હવે ત્રીજો અંશ (૩.) **સહન**,–ત્હેનું અવલોકન કરિયે. **સહન**નું લક્ષણ પૂર્વે જરાક સમજાવ્યુંછે. **પ્રતિદાનાભાવ** (અથવા **પ્રતિદાનનિવૃત્તિ**) તે **સહન**;—આમ લક્ષણ કરાય. એટલે (પામેલા **અત્યાચાર**નો) પાછો બદલો ના વાળવો, અથવા વાળવામાંથી નિવૃત્ત થવું, અટકવું,–હેનું નામ **સહન.** કોઇ આપણને શારીરિક દુઃખ દઈ દમે, તો ત્હેને સ્હામું દુઃખ દઈ ના દમવું; કોઇ આપણને કટુવચન કહીને અથવા ક્રોધવચન કહીને મનને વ્યથા આપે તો ત્હેને સ્હામું ત્હેવું જ વચન કહી બદલો ના આપવો; કોઇ આપણા તરફ પ્રેમહીન વર્તન કરે તો આપણે ત્હેની તરફ પ્રેમહીન વર્તન કરી ત્હેવો બદલો ના આપવો;—આ સર્વ **સહન**નાં ઉદાહરણ છે. **પ્રતિદાન**ના બે પ્રકાર છે;—(૧) **સાક્ષાત્** અને (૨.) **પર્યાય**થી. આ હમણાં કહેલાં ઉદાહરણ **સાક્ષાત્ પ્રતિદાન**નાં છે. અને પાછળ કહી ગયેલાં અનુતાપ અથવા નિરાશાના અંગારાથી બાળવા માટે **ક્ષમા** કરનારનું ઉદાહરણ, અને ટપલી મારનાર હજામને ઇનામ આપનાર વાણિયાનું ઉદાહરણ,—એ **પર્યાય**થી **પ્રતિદાન**નાં ઉદાહરણ છે. હાવાં **પર્યાયપ્રતિદાન**નાં ઉદાહરણોમાં દેખાતું **સહન** છે, પણ એ **સહન** નહિ પણ **સહનાભાસ** છે એમ આપણે પાછળ કહી ગયા છિયે. હેવા **સહનાભાસ**માં અતિવ્યાપ્તિ ના થવા માટે **ક્ષમા**ના લક્ષણમાં **સહન**ની આવશ્યકતા છે. તેમ **સહન** તે તો **ક્ષમા**નું મુખ્ય અંગ છે જ. કોઇ આપણા ઉપર કટુવચન, પ્રેમહીનવર્તન, ઇત્યાદિકનો આઘાત કરે તો મુખવિકૃતિથી અરુચિ બતાવવી હેનું નામ પણ એક પ્રકારનું **પ્રતિદાન** કહેવાય એમ કોઇ કદી કહે. પરંતુ બારીકીથી જોતાં જણાશે કે આ **પ્રતિદાન**નો વિષય નથી પરંતુ **ઉદારતા** અથવા **અનુદારતા** એમ ભાનનો વિષય છે. અરુચિ જણાવી એટલે જ **ઉદારતા**થી **સહન** ના થયું; **ઉદારતા**માં ખામી આવી. માટે આ પ્રકારનાં ઉદાહરણોમાં **સહન** તો છે (**પ્રતિદાનાભાવ** તો છે), પરંતુ **ઉદારતા**નું તત્ત્વ ખૂટેછે તેથી જ એ **અક્ષમા**ના પ્રકાર થાયછે.

ત્યારે **ક્ષમા**ના લક્ષણનાં સર્વ અંગ આપણે તપાસ્યાં. એ ઉપરથી **ક્ષમા**નું સ્વરૂપ બીજા શબ્દોમાં બાંધિયે તો એમ કહેવાય કે પ્રેમહીન નિ-

દયતાને પ્રેમદયાથી પ્રતિદાન ના દેનારી, અથવા પ્રેમદયાનું જ પ્રતિદાન દેનારી **ક્ષમા** છે. હામાં પ્રથમ કહેલી **ક્ષમા**માં **દયા** સાથે જોડનારો પ્રેમ-અંકોડો જણાશે. કોઇએ કાંઇ કટુવચન કહ્યું, અન્યાય આપ્યો, કે તરત પ્રતિવચન કહેવું, ક્રોધવચન કહેવું—એ અસહનશીલતા છોડી દઇને **ક્ષમા** થાય ક્યહારે? **પ્રેમ** હોય ત્યહારે; અથવા "રહામો માણસ ભૂલેછે, અજ્ઞાન છે," એમ—ઘૃણા નહિં પણ-**પ્રેમ**મૂલ **દયા** હોય ત્યહારે. આ **પ્રેમ**-અંકોડો. હમણાં ઉપર કહેલીમાંની બીજા પ્રકારની **ક્ષમા** તે અતિ ઉચ્ચ ભાવના છે. આપણી તરફ અન્યાયવર્તન, પ્રેમહીન આચરણ, કરનારના એ **અત્યાચાર**નું **ઉદારતા**થી **સહન** કરવું એટલું જ નહિં, કાંઇ પણ કટુ **પ્રતિદાન** ના આપવું એટલું જ નહિં, પરંતુ ત્હેને પ્રેમદયાનું **પ્રતિદાન** આપવું, ત્હેના ઉપર ઉલટું પ્રેમાચરણ કરી દયાભાવ રાખવો;—"એ અજ્ઞાન છે, ભૂલે છે," એમ સમજી ત્હેની તરફનો પ્રેમ વિશેષ આર્દ્ર બતાવવો—આ કહેવી ઊંચી ભાવના! અને માટે જ કેટલી કષ્ટસાધ્ય! આથી પણ ઊંચી ભાવના એ છે કે **ક્ષમા** કરીને **અત્યાચારી**ને બને તો હેના **અત્યાચાર**નો અન્યાય બતાવી આપવો અને ત્હેને સુધારવો. આ કરવામાં **ક્ષમા**નો વિષય અતિક્રાન્ત થઇને પાછો **પ્રેમ**નો, **દયા**નો વિષય આવેછે. "અરેરે! આ બિચારો મ્હારા ઉપર અત્યાચાર કરેછે; પણ એ કેવળ અજ્ઞાન છે!" અથવા—"એ અત્યાચાર માટે હેને ઈશ્વર આગળ જવાબ આપતાં કેટલું અનુતાપનું દહન વેઠવું પડશે! તો હું જ હેને અત્યારથી સમજાવીને હેની ભૂલ્ય બતાવીને એ ભાવી મહાનુતાપનું દુઃખ નિવારું અથવા ઓછું તો કરું!"—હાવી કોઇ પ્રેમલ, દયાળુ, આર્દ્ર વૃત્તિથી આ કૃતિમાં પ્રવૃત્તિ થાયછે. પરંતુ આમ કરવામાં અનેક અડચણો આવેછે. મનુષ્યસ્વભાવ બહુધા હેવો આત્મશ્લાઘી છે કે પોતાની કૃતિમાંનો ખોટો અંશ તે જોઈ સકતો નથી, અને કોઇ બતાવે તો બતાવનાર જ ભૂલેછે અથવા અન્યાય કરેછે એમ ત્હેને લાગેછે;—તેથી કરીને **અત્યાચારી**ને ત્હેના **અત્યાચાર**નો અન્યાય, નિર્દયતા બતાવવા જતાં નિષ્ફળતાનો ભય રહેછે એટલું જ નહિં, પણ **ક્ષમા**શીલને વળી બીજો અન્યાય મળવાનો ભય રહેછે, અને **અત્યાચારી**નો **અત્યાચાર** વળી બમણો અને વિશેષ દૃઢ થવાનો સંભવ રહેછે. પરંતુ સર્વ વાતને અપવાદ હોયછે. તેથી કર્તવ્યબુદ્ધિની આજ્ઞાને પ્રધાન ગણીને, **અત્યાચારી**ને પણ જો બોધ આપી

સહાય તો **क्षमा**શીલની **क्षमा** ઉચ્ચભાવનાના શિખર ઉપર ગઈ કહિયે તો અત્યુક્તિ નહિં ગણાય.

क्षमाનું લક્ષણ આપણે આપ્યું તે વિશે એક શંકા હેવી કદી નીકળશે કે **सहन** એ માત્ર નિવૃત્તિપર લક્ષણ જ આપ્યું તે બરોબર નથી, શાથી કે **क्षमा** કરવામાં માત્ર ખમવાની અકૃત્યાત્મક સ્થિતિ નથી પરંતુ કૃત્યાત્મક પ્રવૃત્તિપર સ્થિતિ કાંઇક છે. હાલનું સમાધાન એ છે કે **दया**માં જેટલી કૃતિ અને પ્રવૃત્તિ છે તેટલી તો **क्षमा**માં કદી નહિ જ આવે; **क्षमा**માં ઘણો ભાગ અકૃતિનો, નિવૃત્તિનો જ છે; જે થોડો અંશ (પરંતુ મહત્ત્વમાં તો સરખો જ પ્રધાન અંશ) કૃતિનો, પ્રવૃત્તિનો છે,—તે "ખમીને **મનમાં ન આણવું, ન ગણકારવું**" એ વૃત્તિમાં આવેછે; કેમકે 'ન ગણકારવું' એ વ્યાપારમાં એક પ્રયત્ન (Effort)—પ્રત્યાઘાત (Resistence) જેવો પ્રયત્ન—અંતવર્તી રહેલો છે. અને બારીક તપાસતાં જણાશે કે એ ન ગણકારવાની વૃત્તિનો સમાવેશ **उदारता**ના અંગમાં થાયછે. માટે **उदारता**માં આ પ્રમાણે પ્રવૃત્તિનો ભાગ આવેછે એટલે આપણે કરેલું **क्षमा**નું લક્ષણ અત્યંત નિવૃત્તિપર છે એ દોષ ખોટો થાયછે, અને પ્રવૃત્તિપર પણ છે એ સ્પષ્ટ જણાયછે. અને હમણાં છેલ્લછેલ્લા કહેલા **क्षमा**ના ઉદાહરણમાં—**अत्याचारी**ને **क्षमा** આપી હેના **अत्याचार**નો અન્યાય, નિર્દયતા બતાવવાં, એ ઉદાહરણમાં—તો પ્રવૃત્તિનો અંશ પ્રધાનભૂત જ છે. પરંતુ ખરું જોતાં આ ઉદાહરણ **क्षमा**ના ખાસ વિષયમાંથી બ્હાર જાયછે; પ્રેમદયાનું પ્રતિદાન દેનારની પ્રેમદયા ઉદ્રેક પામીને પરહિત કરવા તત્પર થાયછે તેથી એ કૃતિ બનેછે, એટલે એ કૃતિ તે **क्षमा**ના વિષયમાંથી નીકળીને પરહિતકારિણી પ્રેમદયાના વિષયમાં આવેછે. એટલે **क्षमा**માં પ્રવૃત્તિનો અંશ કાંઇક અપ્રધાન રહેછે એ કહેવું એકંદર રીતે ખરું જ છે. **उदारता**થી "મનમાં ન આણવું—ન ગણકારવું" એ કૃતિનું મહત્ત્વ ઘણું છે એ દૃષ્ટિથી તો પ્રવૃત્તિનો અંશ (જે એ ન ગણકારવાની વૃત્તિ ઉપર જ આધાર રાખેછે તે) **सहन**ની નિવૃત્તિના અંશ સાથે સમપ્રાધાન્ય જ છે.

क्षमाને સંબન્ધે **उदारता** એ અંગ મુખ્યમાંનું એક છે એમ ગણતાં **उदारता**ના સ્વરૂપમાં આપણે એમ જોયુંછે કે **क्षमा** કરનાર **क्षमा** પામનારને વિશે—"હશે; હોય; એ અજ્ઞાન છે; ભૂલેછે;" ઇત્યાદિ રીતના પ્રેમદયામય વિચાર કરીને **अत्याचार**સહન કરે તો **उदारता**ની પ્રવૃત્તિ થાય. પરંતુ હાલે સ્થળે **उदारता** તે જ **उदारता**નો નાશ કરનારી ના નીવડે

એ સંભાળવાનુંછે. આ **उदारता**ના અંશને લીધે જ **क्षम्य** કરતાં **क्षमक**માં કોઇક પ્રકારનું ઉપરિપણું સહજ આવેછે. પરંતુ આ ઉપરિપણાનું જ્ઞાન પણ **क्षमक**નામાં ઉત્પન્ન થવું ના જોઇએ. એ જ્ઞાન પણ થયું, એટલે ક્રમેક્રમે એ બાબતનું અભિમાન થવાનું, અને અભિમાન થયું એટલે **उदारता**ની શુદ્ધિમાં ખામી પડી. એટલે એ જ **उदारता** તે **उदारता**નો નાશ કરનારી થવાની; અને એ **क्षमा** તે ખરી **क्षमा** ના બનવાની.

क्षमाના સ્વરૂપ વિશે બીજો એક વિચાર કરવા જેવો છે. "**क्षमा** એટલે **क्षम्** ખમવું; પરંતુ ખમવું તે શું? આપણને જે વાજબી આઘાત પડે તે ખમાય; અન્યાય તે કેમ ખમાય? હું જેના ઉપર પ્રેમભાવ રાખુંછું, સ્નેહદૃષ્ટિથી જોઉંછું, મૃદુ વર્તન રાખુંછું, તે જ મ્હને પ્રતિદાનમાં પ્રેમને બદલે ઉપેક્ષા, સ્નેહદૃષ્ટિને બદલે ઉદાસીનદૃષ્ટિ, મૃદુવર્તનને બદલે કટુ-વચનાદિક આપેછે, પછી હેવો અન્યાય મ્હને ગળે તે તે કેમ ખમાય?"—આમ જે કોઇ કહેછે તે **क्षमा**નું ખરું સ્વરૂપ જ ભૂલી જાયછે. **क्षमा**નું લક્ષણ તપાસતાં **अत्याचार**ના લક્ષણમાં **अन्याय** તો અર્થાત્ જ આવ્યો-છે એમ આપણે પાછળ જોઈ જ ગયા છિયે. તે જોતાં **अन्याय** ના હોય તો **क्षमा** સંભવે જ નહિ. **अन्याय** ના ખમવાનો ત્યહારે પછી ખમવાનું શું? ન્યાય ખમવો? ન્યાય વળી ખમવો શું કામ પડે? માટે, અન્યાય કેમ ખમાય?—એ ફરિયાદ **अक्षमा**ને જ શોભેછે.

"**क्षमा**માં **अन्याय** ખમવાનો છે એમ જો કહોછો તો ઈશ્વર મનુષ્યને **क्षमा** કરેછે ત્હેમાં ઈશ્વર મનુષ્ય તરફથી શો અન્યાય ખમે છે? ઈશ્વર તો મનુષ્યથી અપરિમેય ઊંચો છે તો હેને વળી અન્યાય શો મળવાનો હતો?"—આમ કોઇ વળી શંકા કાઢશે. પરંતુ જરાક વિચાર કરીને તપાસિયે. ઈશ્વર **क्षमा** ક્યહારે કરે? મનુષ્ય પાપ કરે, અપરાધ કરે ત્યહારે. પાપ એટલે શું? ઈશ્વરના નિયમનું ઉલ્લંઘન; વિશુદ્ધ આચરણની ભાવનાનું ખંડન; સર્વ ભાવનાની દિવ્યભાવનારૂપ, નિદાનરૂપ, ઈશ્વરની વિશુદ્ધિનું અપમાન. અર્થાત્ મનુષ્યને ક્ષમાનો પ્રસંગ આવે ત્યહારે ઈશ્વરની વિશુદ્ધિનું અપમાન થયેલું હોય; ઈશ્વરની ન્યાયબુદ્ધિને આઘાત લાગ્યો હોય. આ જ **अन्याय**;—ઈશ્વરને આપેલો **अन्याय** તે આ જ. તે **अन्याय** ઈશ્વરને ખમવાનો છે. મનુષ્ય પામર, નિર્બળ, સ્ખલનશીલ, અસહાય (ઈશ્વરના કરુણાબળ વિના, ઇશ્વરદત્ત સદાચરણબળ વિના અસહાય) છે, તેથી ક્રોધને દૂર કરી, પ્રેમ-

દયાભાવ આણીને, આ **अन्याय**નું ઈશ્વર સહન કરેછે, અને અનુતાપાદિક-દ્વારા સન્મતિ સુઝાડેછે;—એ જ ઈશ્વરની **क्षमा**.

क्षमा કરતાં પણ એક પગથિયું ચઢે હેવો એક ગુણ છે; અને તે **क्षमा**ની સાથે નિકટ સંબન્ધ રાખેછે, તેમ જ કેટલીક રીતે **क्षमा**નો સાધન-ભૂત એ ગુણ થઈ પડેછે; તેથી આ સ્થળે તે વિશે થોડુંક બોલવું અયોગ્ય નહિં ગણાય. આ ગુણનું નામ **अत्याचार**નું **विस्मरण**. **अत्याचार**નું **उदारता**થી **सहन** કર્યા પછી એ સર્વ ભૂલી જવા એ મ્હોટો ગુણ છે. **अत्याचार** એક વાર તો જાણે **उदारता**થી **सहन** કર્યો; પરંતુ પછીથી તે વાતનું મનમાં પોષણ કરી રાખીને, તે ઉપર ગ્લાનિના વિચાર આણ્યા કરવા, હેમાં પાછી **उदारता**ની ક્ષતિ થઈને **अक्षमा** ઉત્પન્ન થાયછે. અને એ **अत्याचार** ભૂલી જવાથી **क्षमा**શીલતા વિકસિત થાયછે; **क्षमा** કરવાની શકિત દૃઢ થાયછે; એક **असाचार** ખમીને ભૂલી જવાથી, બીજા **असा-चार**ને પ્રસંગે **सहन** કરવું વધારે સ્હેલું પડેછે; **उदारता**નું સ્રોત વધારે જોરથી અને સ્વાભાવિક બળથી ફૂટી નીકળેછે. માટે હાવા પ્રસંગોમાં સ્મરણ-શકિતને બદલે **विस्मरण**શકિતને વાપરીને કેળવવી. સ્મરણશકિતની પેઠે વિસ્મરણની કાંઇ જૂદી શકિત નથી; એ તો માત્ર સ્મરણાભાવ છે; પરંતુ કહેવાનું તાત્પર્ય એ કે **अत्याचार**ના સ્મરણનો લોપ મનમાંથી જલદી થાય એમ સ્વભાવ રચવો જોઇયે. આ કૃતિને સરલતા માટે જ વિસ્મરણશકિત નામ આપિયે છિયે. અલબત, આ વિસ્મરણશકિત સિદ્ધ કરવી એ બહુ કઠણ પ્રયોગ છે; પરંતુ તેથી જ કરીને વિશેષ આવશ્યક છે. પરંતુ એમ ના માનવું કે એ સિદ્ધ કરવી અશકયછે. કેમકે અનુભવથી જણાયછે કે આપણે બધું યાદ રાખી સકતા નથી. મનુષ્યનું મન હેવું છે કે જીવનના આરંભથી જે જે બનાવો બને તે સર્વનો બોજો સ્મરણશકિત ઉપર નાંખે તો મનની કોણ જાણે શી દશા થાય. એટલે ઈશ્વરે પોતાના અગમ્ય દયાભાવે કરીને મનનું બંધારણ જ હેવું કર્યુંછે કે સ્મરણમાં સર્વે વાતો રહે એમ ના જ થાય; અનુભવ-માં આવનારી વાતોમાંથી અનેક ભુલી જવાય, અને મુખ્ય મુખ્ય, મહત્વની તેમજ વિશેષ મનન કરીને પોષણ કરી રાખેલી બાબતો જ સ્મરણમાં લાંબા કાળ સુધી પ્રતિબિમ્બિત રહે. ત્હારે જો આપણે **क्षमा**પ્રસંગના **असाचार**-ને મહત્ત્વ ઓછું આપવાની અથવા ના જ આપવાની અને તુચ્છ ગણવાની ટેવ પાડિયે, અને તે ઉપર મનન કરી પોષણ ના કરિયે, તો તે **असाचार** અસંશય વિસારે પડવાના; આ રીતે અભ્યાસબળે વિસારે પડવાના. અનુભવથી

આ વાત શક્ય જણાઈછે. ન્હાનપણમાં આપણને કિયાં કિયાં છોકરાંએ, ક્યારે ક્યારે, કેટલીવાર, માર્યા હતા? એ શું આજ આપણને બધું સાંભરેછે? ના; નહિં જ. તેમ જ યૌવનમાં મળેલા **असाचार** જતે દહાડે વૃદ્ધાવસ્થામાં ભૂલી જવાવાના. એમ નથી કહેવાનું કે **असाचार**નું વિસ્મરણ સ્હેલું છે. પરંતુ અશક્ય નથી એટલું તો આ ઉપરથી જણાશે. કષ્ટસાધ્ય છે એ તો ખરું.

આમ અભ્યાસથી વિસ્મરણશક્તિ કેળવવાની સાથે બીજી રીતે પણ વિસ્મરણ સુસાધ્ય થાય એમ છે. તે રીત્ય એ કે હાવા **अत्याचार**ના પ્રસંગો જેવી ક્ષુદ્ર વાતો મહત્ત્વહીન ગણીને ધ્યાન આપવાને અયોગ્ય, પોષણ કરવાને અયોગ્ય, છે એમ માન્યા પછી—જીવનના મહાન્ પ્રશ્નો ઉપર, જનમંડળના સુખસાધન ઉપર, આપણા મનની અને આત્માની ઉન્નતિ સિદ્ધ કરવા ઉપર;—તેમ જ વિદ્યાસાહિત્યના ઊંચા પ્રદેશોમાં સંચરણ કરી નિર્મળ આનંદ મેળવવા ઉપર;—અથવા તો જીવનમાં દીન બની અલ્પ અલ્પ કર્તવ્યો બજાવવા ઉપર;—એક નિષ્ઠાથી લક્ષ રાખીને મનને હેમાં રોકવું, નિમગ્ન કરવું; એટલે અનાયાસ, આપોઆપ, પેલા અત્યાચારસ્મરણ-ફલકમાંથી ભુસાઈ જશે, વિસ્મરણના અંધકારમાં વિલીન થઈ જશે. એકનો ત્યાગ અને બીજાનો સ્વીકાર કર્યાથી ત્યાગ સુદૃઢ થાયછે; ત્હેમાં વળી ત્યાગ કરેલી વસ્તુ કરતાં સ્વીકારેલી વસ્તુ ઉત્તમ હોયછે તો તે ત્યાગસ્વીકાર વિશેષ સુદૃઢ થાયછે. અહિં પણ એમ જ બનવાનું. જીવનનાં ઊંચાં લક્ષ્ય ઉપર સૂચવ્યાં ત્હેની આગળ જાત્યને મળેલા **अत्याचार** તે મહિમા વિનાના થવાના એટલે પરિણામે વિસ્મરણરૂપી ત્યાગ એ **अत्याचार**નો સંપૂર્ણ થવાનો.

તોપણ **क्षमा**નું સાધન ઘણું કઠણ છે હેમાં તો સંશય નહિં. મ્હોટા મ્હોટા **अत्याचार**નું **सहन** કરવું સ્હેલું પડેછે, અને ન્હાના ન્હાના **अत्या-चार**નું **सहन** કરવું કઠણ થાયછે એમ પણ ઘણીવાર બનેછે. ન્હાની વાતો ઉપર ધ્યાન ના આપવાનું પરિણામ એ થાયછે. એક સાધારણ અંગ્રેજી કહેવત છે કે Take care of your trifles and the great things will take care of themselves, એટલે કે—ન્હાની ન્હાની વાતો વિશે કાળજી રાખો એટલે મ્હોટી વાતો હેમની મેળે પોતાની કાળજી લેશે. આ કહેવતમાંના સત્યનો અનાદર થવાથી **क्षमा**નો પ્રચાર જીવનના નિત્યવ્યવહારમાં ન્હાના ન્હાના પ્રસંગોમાં ઓછો થાયછે. પણ એ શોચનીય

છે. નિકટનાં સંબન્ધીઓ—જેવાં કે બન્ધુ, મિત્ર, પિતા માતા, ઇત્યાદિ—તરફથી કટુવચન, અન્યાય, અસ્નેહ, ક્રોધ વગેરે ખમવાં પડેછે; હાવે પ્રસંગે **ક્ષમા**ગુણ વાપરવાની મ્હોટી ફરજ છે. નહિં તો પ્રેમમાં જ ખામી પડી ગણાય. પરંતુ હાવા જ પ્રસંગોમાં **અક્ષમા** વિશેષ જોવામાં આવેછે એ શોચનીય દશા ઉપરથી જ જણાયછે કે **ક્ષમા** એ મુશ્કેલ વસ્તુ છે. પરંતુ એ કર્તવ્ય છે, માટે હેનાં સાધન શાં તે જોવાં જોઇયે. એક સાધન મ્હોટું તો હમણાં જ ઉપર કહ્યું;—**વિસ્મરણાભ્યાસ.** બીજાં સાધન કેટલાંક તપાસિયે. એક બીજું સાધન એક ન્હાની સરખી છોકરાંની વાર્તા ઉપરથી જણાશે. એક ન્હાનાં ભાઈબ્હેન હતાં. બંનેને માએ બાગમાં રમવા મોકલ્યાં. ભાઈની પાસે માએ નવી આણી આપેલી કોદાળી હતી, તે વતે બાગમાં ક્યારા કરવા લાગ્યો, અને બ્હેનને કહ્યું 'પેલી બીજની પેટી લાવ્ય.' બ્હેન લાવી; લાવતે લાવતે અજાણતાં પેટી હાથમાંથી પડી ગઈ, એટલે ભાઈ બ્હેનની તરફ થોડીકવાર જોઈ રહ્યો. પેલી છોકરી ગભરાઈ અને રોઈ ગઈ અને ભાઈને કહ્યું "મ્હને પસ્તાવો થાય-છે પેટી ન સંભાળ્યાનો." તોપણ પેલો છોકરો જોઈ રહ્યો. છોકરી રોતી રોતી બોલી—"ભાઈ! તું મ્હારી જોડે બોલતો કેમ નથી?" છોકરાએ જવાબ દીધોઃ—"દસ હું ગણી જાઉં ત્ય્હાં સુધી મ્હારે થોભવાનો વિચાર હતો." છોકરી બોલી—"દસ ગણવા?—એટલે શું?—શા માટે ત્હારે દસ ગણવા'તા?" છોકરાએ જવાબ દીધો—"મ્હને માએ કહ્યુંછે કે કદી ત્હને ગુસ્સો આવવા જેવું થાય તો બોલતા પ્હેલાં દસ સુધી મનમાં ગણી જજે." —આ ત્ય્હારે સાધન છે. "દસ ગણવા." એટલે ક્રોધ—અક્ષમા—ની વૃત્તિ ઉત્પન્ન થવા જેવું થાય, હેવો પ્રસંગ આવે કે તરત પ્રતિદાન દેવાના પ્હેલાં જરાક વિચાર કરવા થોભવું. જો દસ ગણતાં વાર લાગે એટલો વખત પણ પ્રતિવચન—પ્રતિદાન—દેતાં થોભીશું તો તરત આપણી ભૂલ્ય માલૂમ પડશે અને **અક્ષમા**ની કૃતિ કરતા અટકીશું. ત્ય્હારે આ બીજા સાધનનું નામ **વિચારશીલતા.** ઉતાવળા તે આકળા વધારે થાયછે; ધીમા તે અક્રોધી હોયછે, આમ બહુધા નિયમ છે. વિચાર કરવાને જરાક થોભીશું તો તરત લાગશે કે—'શું આટલા ન્હાના આઘાતથી મ્હારે ક્ષુબ્ધ થવું? ગમે એટલા મ્હોટા મ્હોટા સમુદ્રના તરંગના આઘાત લાગેછે તોપણ દૃઢ ખડક કદી પણ ડગે છે?—અને એક **અક્ષમા**વચનનાં કેટલાં દૂરગામિ પરિણામ! અજ્ઞાન જનોને યોગે કેટલાં દૂરગામિ પરિણામ! એ સર્વ પરિણામનો જવાબદાર **અક્ષમાશાલિ જ્ઞાની** છે." હાવી રીતે પોતાના

ઉપર સંસારમાં સુખદુઃખ ફેલાવવા માટેની જવાબદારીનો વિચાર કરીશું તો કદી **ક્ષમા**નો ત્યાગ કરવો ઇષ્ટ નહિં લાગે.

विचारशीलता પછી બીજું **क्षमा**સાધન **प्रेमवृत्ति** છે. જો ખરી **प्रेमवृत्ति** આપણાં બન્ધુમિત્રો તરફ હશે તો તે **अक्षमा**નો પ્રવેશ થવા નહિં દે. કેમકે **प्रेम** અને **अक्षमा** એ પરસ્પરવિરોધી છે. **प्रेमवृत्ति** માત્ર ભાવપરાયણા ના રહેવી જોઇયે પણ કૃતિપરાયણા પણ થવી જોઇયે. એટલે પ્રેમયુક્ત સંભાષણ, સ્નેહયુક્ત વર્તન, સ્હામાને ક્રોધ ચઢે હેવા વૃથા ઉપહાસનો ત્યાગ, ઇત્યાદિ બીજાં ઉપસાધનો આપણી મદદે રાખીને **क्षमा**-સાધનનું વ્રત આચરવું જોઇયે. એ વ્રતમાં આપણને ખરચ કાંઇ થવાનું નથી, અને લાભ અત્યંત છે. હા; વૃથા અભિમાન—'હું શું હેનું બોલ્યું સાંખી રહું ? હું શું હેનો તાબેદાર છું ?" હેવી વૃત્તિથી થતું વૃથા અભિમાન,—ખોટો ટેક, ઇત્યાદિ મૂલ્યહીન વસ્તુઓનું ખરચ કરવું પડશે ખરું. પરંતુ શાન્ત ક્ષણે વિચાર કરતાં કો'ને એ ખરચ કરવું ખોટું લાગશે ? માટે એ કચરો ખરચીને રત્ન ખરીદવું એ લાભનો જ વ્હેપાર છે. લાભ તુમને તથા સ્હામાને બંનેને છે. એ લાભનું માપ એક ન્હાની સરખી ચાર લીટીની અંગ્રેજી કવિતામાં સારું કર્યું છે:—

Little deeds of kindness,
Little words of love,
Make this earth an Eden,
Like the heaven above.

"ન્હાની ન્હાની સ્નેહકૃતિયો, ન્હાનાં ન્હાનાં પ્રેમવચનો,—તે આ પૃથ્વીને સ્વર્ગના જેવો સુખમય બાગ બનાવેછે." હાવો સ્વર્ગરાજ્યના જેવો લાભ ત્યહારે, ક્ષણિક વૃથા અભિમાનાદિકને માટે, કોણ ખોવાને તૈયાર થશે ! આટલો જ વિચાર કરીશું તો **क्षमा**નાં આ ન્હાનાં ન્હાનાં સાધનો દૃઢ કર્તવ્યરૂપે જણાઈ આવશે. આ ન્હાનાં સાધનોનો સમાવેશ **प्रेममां** થઈ જશે. તેમ જ આપણી **अक्षमा**ની કૃતિથી સ્હામાને વ્યથા થશે તે સાથે સમભાવ થઈને **दया** ઉત્પન્ન થાય—એ વૃત્તિને પણ કેળવવાથી **क्षमा**નું સંપાદન થવું શક્ય છે. આ રીતે **दया** તે પણ **क्षमा**નું સાધન થશે. ત્યહારે **क्षमा**-નાં મુખ્ય સાધન ચાર—(૧.) **विस्मरणाभ्यास**; (૨.) **विचारशीलता**; (૩.) **प्रेमवर्तन**; અને (૪.) **दया**.

क्षमाનું સ્વરૂપ આપણે તપાસી રહ્યા. પરંતુ એ સંબન્ધમાં એક શંકા નીકળે એમ છે. **क्षमा** એ જો કર્તવ્ય છે તો પછી કોઇ લુંટારો રસ્તામાં મળે અને આપણો ધનમાલ લૂંટતાં આપણને માર મારે અથવા પ્રાણ લેવા તૈયાર થાય, તે વખતે શું **क्षमा** રાખવી? અને હેના **अत्याचार**ને શરણ થઇને મરવું ? અથવા તો કોઇ અસહાય નિર્બળ માણસને અથવા આપણા બન્ધુમિત્રને કોઇ દુષ્ટ મારવા અથવા પ્રાણ લેવા તત્પર થયો હોય તો ત્હાં પણ **क्षमा** રાખી તે અસહાયને મરવા દેવો અને આપણે જોયાં કરવું ? આમ પ્રશ્નો કોઇ પૂછશે. તો પ્રથમ પ્રશ્નનો ઉત્તર એ છે કે હેવે પ્રસંગે—એટલે લૂંટારા પ્રાણ લેવા અથવા મારવા આવે હેવે પ્રસંગે—સ્હામા થવામાં **क्षमा**ને બાધ મુદ્દલ નથી આવતો, કેમકે એ વખત સ્હામો આઘાત કરવો તે **प्रतिदान** નથી પણ આત્મસંરક્ષણની કૃતિ છે. **प्रतिदान**ને ખાતર એ પ્રત્યાઘાત દેવાનો નથી પણ માત્ર આત્મસંરક્ષણને ખાતર. ઝીણું તપાસતાં જણાશે કે **उदारता**ના હેતુમાં આ પ્રશ્નનો સમાવેશ થશે. એ પ્રત્યાઘાતને **प्रतिदान** કહો તોપણ હેનો હેતુ **अनुदारता**નો ના હોય તો પછી તે **अक्षमा** નહિં ગણાય. વાત એટલી છે કે દરેક પ્રશ્નનો તે તે પ્રશ્નના ગુણ-દોષ ઉપર નિર્ણય કરવાનો છે.—બીજા પ્રશ્નનો ઉત્તર એ છે કે—એ પ્રસંગ,—એટલે અસહાય બીજા મનુષ્યને દુષ્ટ મારતો હોય તો ત્હેને બચાવવા દુષ્ટને સ્હામો મારવો એ પ્રસંગ,—તે **क्षमा**નો વિષય છે જ નહિં. એ **अत्याचार** આપણા ઉપર છે જ નહિં. એટલે **अत्याचार**નો વિષયભૂત પુરુષ અને **सहन**નો કર્તા એ બે એક જ હોવા જોઇયે તો **क्षमा**નો પ્રસંગ આવે એ તત્વના પ્રકાશથી જોતાં આ ઉદાહરણ **क्षमा**ના વિષયનું છે જ નહિં. ઉલટું એ વખતે દુષ્ટને મારવો તતો **दया**ની કૃતિ ગણી સકાય.

આમ અનેક પ્રકારનાં ઉદાહરણો સોધી કહાય. પ્રત્યેકના ગુણદોષ ઉપર નિર્ણય કરી સકાય. પરંતુ આ જાતનાં ઉદાહરણો ઉપરથી એટલો સાર કાઢવાનો છે કે જીવનમાં બન્ધુમંડળમાં અને મિત્રમંડળમાં **क्षमा** પ્રવર્તાવ-વાના પ્રસંગ અનેકવાર આવેછે; અને લુંટારાને પ્રતિદાન કરવાના પ્રસંગ જેવા પ્રસંગ ક્વચિત્ આવેછે;—તો હેવા વિરલ પ્રસંગે **क्षमा** કરવી કે નહિં હેના તત્ત્વવિજ્ઞાની પ્રશ્નો બાંધવા ઉકેલવાને બદલે નિત્યવ્યવહારમાં આવતા ઉઘાડા પ્રસંગોમાં,—બન્ધુમિત્રો જોડેના પ્રસંગોમાં—**क्षमा**નો પ્રચાર સ્પષ્ટ રીતે ઇષ્ટ છે તો ત્હાં **क्षमा**ગુણ સંપાદન કરવો એ વિચાર વધારે લાભકારક અને વ્યવહારોપયોગી છે.

क्षमाના સ્વરૂપ વિશે બહુ કહ્યું. હવે માત્ર **क्षमा**નાં એક બે ઉત્તમ આદર્શભૂત ઉદાહરણો આપીશું. યુધિષ્ઠિરની **क्षमा** તો સર્વને જાણીતી છે. કૌરવો તરફથી જે અનેક અત્યાચાર પાંડવો ઉપર પડેલા તે પ્રત્યેક પ્રસંગે બીજા પાંડવોએ **अक्षमा**નો ક્ષોભ જણાવેલો હશે, પરંતુ યુધિષ્ઠિરે તો દરેક પ્રસંગે ઉદારભાવે સહન જ કર્યા કર્યુંછે. કદી પણ એ **क्षमा**વીરના હૃદયમાં ધીરતાના શાન્ત જળમાં એક લહરી જેટલો પણ ક્ષોભ થયો નથી; તો પછી મુખ ઉપર તો ખેદની રેખા પણ ક્યહાંથી પડે ! પરંતુ એ **अत्याचार**ના પ્રસંગમાં વધારેમાં વધારે કસોટી લેનારો પ્રસંગ દ્રૌપદીની લજ્જાને અપમાન થવાની વખતે આવ્યોછે. દ્રૌપદીવસ્ત્રાહરણ વખતે ભીમ, અર્જુન, નકુલ અને સહદેવને ક્રોધ, ખેદ, ગ્લાનિ યથાસ્વભાવ થયાં, પરંતુ નિશ્ચલ યુધિષ્ઠિર-ની **क्षमा** અક્ષુબ્ધ જ રહી. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, ઇત્યાદિ વૃદ્ધોને પણ વિષાદ થયો. પરંતુ યુધિષ્ઠિર આ મ્હોટા જીવનના યુદ્ધમાં સ્થિર જ રહ્યો. આ પ્રસંગમાં સાક્ષાત્ **अत्याचार** તો દ્રૌપદીને થયો હતો. પરંતુ કૌરવોનો ઉદ્દેશ જેટલો દ્રૌપદીને લજ્જાહાનિ કરવાનો હતો તેથી વિશેષ પાંડવોની માનહાનિ કરવાનો હતો તેથી **अत्याचार**ના મુખ્ય વિષયભૂત પાંડવો જ હતા, તેથી યુધિષ્ઠિરને કરેલો આ **अत्याचार** તે **अन्यद्वारा अत्याचार** હતો; તે છતાં, દ્રૌપદીની લજ્જાહાનિ જેવા દારુણ પ્રસંગને લીધે, **साक्षात् अत्याचार** કરતાં પણ વધારે કઠોર આઘાત એ થયો હતો. તેથી જ એ પ્રસંગ-ની **क्षमा**નો મહિમા વિશેષ દીપેછે.

બીજું ઉદાહરણ જીસસ ક્રાઇસ્ટનું લઇએ. ક્રાઇસ્ટ તે તો ઉત્તમ **क्षमा**-વીર થઇ ગયોછે. **क्षमा**નો ઉત્તમોત્તમ આદર્શ હેણે પોતાના સર્વ જીવનમાં બતાવ્યોછે. પોતાના ચરિતના આરંભમાંથી તે દારુણ વધસ્તંભ સાથે હેને રીબીરીબીને ખીલા ઠોકીને મારી નાંખ્યો અને તે અત્યાચાર અવિચલિત-ભાવે, નિશ્ચલમુખમુદ્રાએ, હેણે સહન કર્યો, ત્ય્હાં સુધી એકધારી દિવ્ય **क्षमा**નું સ્વરૂપ હેણે મૂર્તિમત્ બતાવી આપ્યુંછે. "એક ગાલ ઉપર કોઇ તમાચો મારે તો બીજો ગાલ પણ ધરવો"—એ બ્હારથી હાસ્યજનક જણાતા, પરંતુ તત્ત્વતઃ **क्षमा**નું સ્વરૂપ થોડા શબ્દમાં પૂર્ણ રીતે જણાવતા, અમૂલ્ય ઉપદેશવચનનું ઊંચામાં ઊંચું ઉદાહરણ એ ક્રાઇસ્ટે પોતે જ પોતાના અનુ-કરણીય જીવનમાં આપ્યુંછે. આપણે ક્રાઇસ્ટને ઈશ્વરી અવતાર કે ઈશ્વરનો પુત્ર કે પેગંબર કે આપણો ત્રાતા નથી માનતા; ક્રિશ્ચિયાનિટીના અનેક સિદ્ધાન્તો

આપણા સિદ્ધાન્તોથી તદ્દન જૂદા છે અને એ બંનેમાં મૂલગત ભેદ હોવાને લીધે આપણને અનભિમત છે;—આમ સર્વ છે તોપણ સત્પુરુષ તરીકે એ મહાપુરુષને આપણે યથાઘટિત માન આપિયે છિયે, એટલે આ **ક્ષમા**-વીરનું ઉદાહરણ આપવાથી આપણે ક્રિશ્ચિયન થઈ જઈશું એમ ભય લગારે રાખવાની જરૂર નથી. ક્રાઇસ્ટની **ક્ષમા**માં **સાક્ષાત્ અત્યાચાર**નાં જ ઉદાહરણ આવશે.

હવે એક જ ઉદાહરણ બીજું લઈશું. એ ઉદાહરણ ક્રાઇસ્ટની **ક્ષમા**ના ઉદાહરણથી જૂદા પ્રકારનું છે ખરું, પરંતુ એક જ મનુષ્યને વિશે પ્રેમ અને **ક્ષમા**ના નિરોધનને લીધે ગાંભીર્યમાં ઊતરતું નથી. એ ઉદાહરણ પવિત્રપ્રેમ-મૂર્તિ **સીતા**નું છે. **સીતા**ને છોડવી લાવીને રાજ્ય ઉપર બેઠા પછી લોકાપવાદને લીધે **સીતા**નો ત્યાગ કરવાનો નિશ્ચય કરીને રામે હેને લક્ષ્મણ સાથે વનમાં મોકલી દીધી તે પ્રસંગે **સીતા** શું કરે છે? વનમાં જઈ, ગંગાપાર ઉતર્યા પછી, લક્ષ્મણે દારુણ સંદેશ કહ્યા પછી, **સીતા** મૂર્છિત થઈને ઊઠી અને સ્થિર ચિત્તથી બોલી:—

§ "લક્ષ્મણ! કો'ને દોષ દઉં? સઘળો મ્હારા અદૃષ્ટનો દોષ છે; નહિં તો રાજાની કન્યા, રાજાની સ્ત્રી અને રાજાની પટ્ટરાણી થઈને કોઇયે કદી પણ મ્હારા જેવું દુઃખ ભોગવ્યુંછે? તે જાણતા હો તો કહો. મ્હેં સમજી લીધુંછે કે, આખો જન્મારો દુઃખ ભોગવવા માટે જ મ્હારો સ્ત્રીનો જન્મ થયોછે. વત્સ! છેલ્લી મ્હારી હાવી અવસ્થા થશે તે કોઇના મનમાં નહોતું. ઘણે વર્ષે આર્યપુત્રની સાથે મેળાપ થવાથી મ્હેં વિચાર કર્યો હતો કે, હવે દુઃખનો અંત આવ્યો; પરંતુ વિધાતાએ મ્હારા નસીબમાં બીજાં હજારો દુઃખ લખી રાખ્યાંછે; તે હું સ્વપ્નામાં પણ જાણતી નહોતી. હાયરે વિધાતા! ત્હારા મનમાં શું આવું જ હતું?"

આમ કહેતાં કહેતાં, જાનકીનો કંઠ બંધ થઈ ગયો. તે કેટલીક વાર સુધી એક શબ્દપણ બોલી સકી નહિં; પછી તે લાંબો નિઃશ્વાસ મૂકીને બોલી—"લક્ષ્મણ! મ્હેં આગલે જન્મ કેટલાં મહાપાતક કર્યાં હશે તે હું કહી સકતી નથી; નહિં તો વિધાતા મ્હારા નસીબમાં આટલાં દુઃખ ભોગવવાં શા માટે લખે? અરે, પણ ત્હેમાં વિધાતાનો અપરાધ શો? સહુ પોત-

---

§ સીતાવનવાસ (ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના બંગાળી ઉપરથી નારાયણ હેમચન્દ્રનું ભાષાન્તર) પૃ. ૪૪-૪૫. ઇત્યાદિ.

પોતાના કર્મનું ફળ ભોગવેછે. મ્હેં આગલે જન્મ જેવાં કામ કર્યાં હશે તેનું આ જન્મમાં ફળ ભોગવુંછું ! આગલે જન્મે મ્હેં કોઇ પતિવ્રતા સ્ત્રીનો તેના પતિથી વિયોગ કરાવ્યો હશે, તે મહાપાપથી આજ મ્હારી હાથી દુર્દશા થઇ એમ જણાયછે; નહિં તો આર્યપુત્રનું હૃદય સ્નેહ દયા અને મમતામાં પરિપૂર્ણ છે, અને હું પણ બહુ પતિપ્રાણા અને પવિત્ર છું, તે પણ તેઓ સારીપેઠે જાણેછે; તથાપિ હેવી વેળાએ હેમણે મ્હારો પરિત્યાગ કર્યોછે કે, તે કેવળ મ્હારા આગલ્યા જન્મનાં કરેલાં કર્મનું ફળ જ હોવું જોઇયે. વત્સ ! હું વનવાસથી ખેદ કરતી નથી. આર્યપુત્રની જોડે ઘણા કાળ સુધી વનવાસ ભોગવતી હતી, તે વેળાએ કોઇ દિવસ એક પળને માટે પણ મ્હારા અંતઃકરણમાં દુઃખ ઊપજ્યું નહોતું. આર્યપુત્રની જોડે આખી ઉમ્મર સુધી વનવાસમાં રહ્યાથી, મને કંઇ પણ દુઃખ થાત નહિં. ગમે તેમ હો, મ્હારા અંતઃકરણમાં એટલા માટે જ દુઃખ થાયછે કે આર્યપુત્રે મ્હારો શા અપરાધથી ત્યાગ કર્યોછે તે મુનિપત્ની પૂછશે તો તેઓને શો જવાબ આપીશ ? તેઓ આર્યપુત્રને કરુણાસાગરરૂપ જાણેછે, તેથી હું ખરું કારણ કહીશ તો તેઓ કદીપણ માનશે નહિં; તેઓ મનમાં ધારશે કે, મ્હેં કંઇ મ્હોટો અપરાધ કર્યો હશે, તેથી આર્યે મ્હારો પરિત્યાગ કર્યોછે. વત્સ લક્ષ્મણ! જો હું ગર્ભવતી ના હોત તો આ ઘડિયે ત્હમારી સમક્ષ ભાગીરથીના પવિત્ર પાણીમાં ડૂબીને પ્રાણત્યાગ કરત. હવે મ્હારે જીવવામાં કાંઇ ફળ નથી. હાવી અવસ્થામાં શું મ્હારે પ્રાણ રાખવો જોઇયે? મ્હને આશ્ચર્ય લાગેછે કે આર્યપુત્રે મ્હારો ત્યાગ કર્યોછે એ સાંભળતાં જ મ્હારો પ્રાણ નીકળી ગયો નહિં ! ખચિત મ્હારા જેવો કઠણ પ્રાણ બીજા કોઇનો નહિં હોય, નહિં તો હમણાં પણ શું નીકળી જાય નહિં ! અથવા વિધાતાએ મ્હને દુઃખ આપવાનો સંકલ્પ કર્યોછે, અને મ્હારો પ્રાણત્યાગ થવાથી ત્હેનો તે સંકલ્પ નિષ્ફળ થઇ જાય, એ વાસ્તે હું જીવતી રહીછું."

આમ ખેદ કરતી અને વિલાપ કરતી કરતી સીતા ભારે નિઃશ્વાસ નાંખી, "હાય શું થયું?" હેવું કહીને પાછી મૂર્ચ્છિત થઇને જમીન ઉપર પડી ગઇ. લક્ષ્મણ ઊછળી રહેલા શોકનો વેગ શમાવીને સીતાને શુદ્ધિમાં આણવાનો યત્ન કરવા લાગ્યો. શુદ્ધિમાં આવ્યા પછી સીતા થોડીવાર સુધી સ્તબ્ધભાવથી રહીને સ્નેહપૂર્વક લક્ષ્મણને કહેવા લાગી.—"વત્સ ! ધીરજ ધરો, હવે વિલાપ તથા પરિતાપ કરશો નહિં, સહુ નસીબને લીધે બનેછે;

મ્હારા નસીબમાં જે બનારું હતું તે થયુંછે, તે માટે હવે તમે ખેદ કરશો નહિ. શોકને રોકીને તથા મ્હારો વિચાર છોડી દેઈને, જલદીથી ત્હમે આર્યપુત્રની પાસે જાઓ. તેઓ મ્હારો પરિત્યાગ કરીને ખેદથી અસ્થિર થતા હશે, ત્હેમાં સંદેહ નથી; ત્હેમનો શોક જાય તથા ચિત્ત સ્થિર રૂહે ત્હેને માટે ત્હમે યત્ન કરજો. ત્હેમને કૂહેજો કે મ્હારો ત્યાગ કર્યોછે તેથી શોક કરવાની જરૂર નથી; આપે ડહાપણનું કામ કર્યુંછે. પ્રાણ આપીને પણ પ્રજાને ખુશી રાખવી એ રાજાનો સર્વથી શ્રેષ્ઠ ધર્મ છે; મ્હારો પરિત્યાગ કરીને આપે રાજધર્મપ્રતિપાલન કર્યું છે. હું ત્હેમનું મન જાણુંછું, તેઓએ કેવળ લોકાપવાદના ભયથી હાતું કામ કર્યુંછે, ત્હેમાં મ્હને કંઇ પણ સંદેહ લાગતો નથી. તેઓ શોક તથા ખેદનો પરિત્યાગ કરીને, પ્રશાન્ત મનથી પ્રજાનું લાલનપાલન કરે એજ હું ઇચ્છુંછું. તેઓના ચરણમાં મ્હારા પ્રણામ નિવેદન કરીને કહેજો કે,—'યદ્યપિ હું લોકાપવાદના ભયથી અયોધ્યામાંથી નીકળીછું, તથાપિ આપના અંતઃકરણમાંથી ખશી નથી. હું તપોવનમાં રહીને જન્માન્તરમાં પણ આપને પતિ મેળવું હેને માટે તપશ્ચર્યા કરીશ. આપે મ્હને ભાર્યાભાવથી છોડીછે, પરંતુ સામાન્ય પ્રજા તરીકે તો હું તજાઈ નથી. આપ સસાગરા પૃથ્વીના અધીશ્વર છો, તેથી જ્યહાં રહીશ ત્યહાં આપના અધિકાર વિનાની ખાલી જગામાં હું રૂહેવાની નથી.'"

"લક્ષ્મણ! મ્હારા નસીબમાં જે બનવાનું હતું તે તો બન્યુંછે, ત્હેને માટે હું આટલી દિલગીર થતી નથી; પણ આર્યપુત્રના મનમાં ક્લેશ ઉત્પન્ન થાય, તે વિચારથી હું અસ્થિર બનીછું. ત્હેમને વિનયપૂર્વક કૂહેજો કે—'આપ શોક છોડી દઈને આનંદમાં દિવસ ગાળજો'. મ્હારું દુઃખ હદ વગરનું થયુંછે ખરું, પરંતુ હું તેઓને કંઇ પણ દોષ આપનારી નથી; મ્હારું જે'વું નસીબ હતું ત્હેવું બન્યુંછે; એ વાસ્તે તેઓ શોક ન કરે. વત્સ! ત્હમને પણ કહુંછું કે ત્હમે સર્વદા ત્હેમની પાસે રૂહેજો; ક્ષણવાર પણ ત્હેમને વ્હીલા મૂકશો નહિં. એકલા રૂહેવાથી ત્હેમની ઉત્કંઠા તથા દુઃખ વધશે; તેઓ ખુશીમાં રૂહેશે તો હું ખુશી થઈશ. તેઓ જે'ના યોગે સુખી રૂહે ત્હેને માટે સર્વદા યત્ન કરજો." આટલી વાત કહીને, લક્ષ્મણનો હાથ પકડીને, સીતા રોતી આંખે કરુણવચનથી બોલી—"ત્હમે મ્હારી આગળ સોગન ખાઓ કે આ વિષયમાં હું કદી પણ ઉદાસીન રહીશ નહિં. તપોવનમાં રહીને જો લોકોને મ્હોએ સાંભળીશ કે આર્યપુત્ર કુશળ છે, તો મ્હારું અધળું દુઃખ દૂર થયેલું જાણીશ."

આત્મ્હારે સીતાસતીની ગંભીર **क्षमा** ! જો કદી **अक्षमा** સંભવે તો આ નિર્દોષ સતીને સંભવે. નિરંતર વનવાસની સહચારિણી પતિપ્રાણાને સગર્ભાવસ્થામાં હેના અગાધ પ્રેમનું પ્રતિદાન આખરે રામે હાવું દીધું ! એમ માનીને સીતાના મનમાં કદી ક્ષણભર **अक्षमा**ની વૃત્તી આવી જાય તો અસ્વભાવિક નહિં. તેમ છતાં એ પતિને ક્રૂર, અન્યાયી, પ્રેમહીન નથી માનતી. હેના ઉપર ક્રોધ નથી કરતી. હેના **अत्याचार**નું **उदारता**થી **सहन** કરેછે. એટલુંજ નહિં પરંતુ સીતાત્યાગદ્વારા રાજધર્મ—પ્રજારંજનરૂપી રાજધર્મ—પાળવા માટે અંતઃકરણ પૂર્વક રામની સ્તુતિ કરી છે; અને પોતાના વિયોગથી હેને ખેદ થતો હશે એમ હેને પ્રેમયુક્તજ માનીને હેના શોકની શાન્તિ કરવાનું લક્ષ્મણને આગ્રહપૂર્વક કહેછે; રામને વિયોગજન્ય દુઃખ થશે તે દુઃખમાં સમભાવ થઈને હૃદય આર્દ્ર થતાં તે દુઃખ નિવારવા માટે લક્ષ્મણદ્વારા પ્રયત્ન કરેછે; પોતાનાથી તો રામની આજ્ઞાવિરુદ્ધ થઇ પાછાં જઈ સુખી કરાય નહિ તેથી, કોઇપણ રીતે 'મ્હને ભૂલી જઈને પણ રામ સુખી થાઓ' એ મહાન્ સ્વાર્થત્યાગથી રામને શોક વીસરાવવાને લક્ષ્મણને આગ્રહ કરેછે. **प्रेमहीन निर्दयताने प्रेमदयानुं प्रतिदान** દેનારી આ ઉદાર, ગંભીર, **क्षमा** ! એ **क्षमा**નું અવલોકન કરીને આપણને કહેવો શીતલ આનંદ વ્યાપી રહે છે ! એ **क्षमा**નો શતાંશ પણ આપણાં હૃદયમાં સ્થાપીશું તો એ આનંદ સર્વથા સફલ થયો ગણવો.

क्षमाના લક્ષણમાં **उदारता** આવશ્ય ગણી છે. એ **उदारता** તે **क्षमा** અને **शान्ति** વચ્ચેનો અંકોડો છે. **अत्याचार**નું પ્રતિદાન ના દે, પણ અંદર મનમાં મૂઝાય, ધૂંધવાય, સ્હોરાય, તો તે **उदारता**થી ખમ્યું ના કહેવાય. અંતઃક્ષોભ અને **उदारता** એ બે સર્વથા સમાનાધિકરણ ના થઇ સકે, એક સ્થળે એકી વખતે ના રહી સકે. અને **शान्ति**નું ચિહ્ન એજ કે ક્ષોભ પામે નહિં. **क्षोभ**નું સ્વરૂપ એ કે પોતાને આઘાત લાગે તેથી પોતે ડગે, રુદન કરે; અને સહનનું મૂળ જોતાં જણાશે કે—"હું આ આઘાતને લાયક નથી; આ અન્યાય મ્હને ના મળવો જોઇયે; મ્હારી જોડે વધારે સારી રીતે જગતે વર્તવું જોઇયે,"—હેવા કોઇક આત્મોત્કર્ષી ભાવમાં જ અશ્રુનું ઊંડું મૂળ છે. અને હેવો ભાવ થયો એટલે બીજાના કરતાં પોતાને વિશેષ આદરને પાત્ર ગણવાની વૃત્તિ થઇ એટલે **उदारता**માં, સર્વ બન્ધુને સમાન ગણનારી **उदारता**માં **क्षति** થઇ. **अत्याचार** ખમે અને ખમતાં ખમતાં ખરું

સ્મિત રાખે ત્હારે તે **क्षमा** ખરી શોભે; **शान्ति** યુક્ત **क्षमा** ખરી થાય.

घृष्टंघृष्टंपुनरपिपुनश्चन्दनंचारुगन्धं

दग्धंदग्धंपुनरपिपुनःकाञ्चनंकान्तवर्णम् ।

"જેમ જેમ ઘસાય તેમ તેમ ચન્દન વધારે સુગન્ધ આપે છે; જેમ જેમ બાળે તેમ તેમ સુવર્ણ વધારે સુંદર વર્ણ ધારણ કરેછે."—આ પ્રકારની **शान्त क्षमा** હોય છે. વૃષ્ટિના પ્રહારમાં પણ સુન્દર કુસુમ સ્મિત-યુક્ત રહેછે. એ સ્મિત જોઇયે;—**अत्याचार** પામતાં પણ સ્મિત જોઇયે. બ્હાર સ્મિતમય ઉપવન અને અંદર જ્વાલામુખી એમ હોય તે પણ ખરી **शान्त क्षमा** નહિ. દુઃખમાં એક આંસુ પણ ના પડે ત્હારે **शान्ति** ખરી. આંસુ પડ્યું એટલે ક્ષોભ થયોજ. ત્હારે આ રીતે **क्षमा** અને **शान्ति**નો સંબન્ધ, સમાનભૂમિ છે. એ સંબન્ધ કરનાર, એ સમાનભૂમિ, તે અક્ષોભ, **उदारता** છે. **उदारता**નું મૂળ **प्रेम**માં છે એ પણ કહ્યું છે. આ રીતે **दया, क्षमा** અને **शान्ति** ત્રણેનો આંતર્વર્તી સૂત્ર **प्रेम** છે.

ત્હારે હવે **शान्ति**નો આ સંબન્ધ જોયા પછી **शान्ति**નું સ્વરૂપ સમઝવાનો પ્રયત્ન જરાક કરિયે. **समदर्शिताजनित आघाताबाध्यता, समदर्शितार्थी थयेली आघातथी अबाध्यता**;—આમ કાંઇક **शान्ति**નું લક્ષણ કરી સકાય. ત્હારે **शान्ति**ના ત્રણ અંશ—(૧.) **समदर्शिता; (२.) अघात**; અને **(३.) अबाध्यता.** પ્રથમ અંશ **समदर्शिता** લઇયે. આ વિષમવ્યાપારી જગતમાં અનેક પ્રકારના અન્યાય, અત્યાચાર, વગેરેના પ્રહાર આપણા ઉપર પડે છે; સુખ દુઃખના પ્રસંગો આવેછે; કહિં માન મળે છે તો કહિં અપમાન મળે છે; કહિં ન્યાય મળે છે તો કહિં અન્યાય મળે છે; કદી હર્ષનો બનાવ બને છે તો કદી શોકનો સમય આવે છે;—આ સર્વ પ્રકારના બનાવનો સમાવેશ **अनुकूल** અને **प्रतिकूल** એ બે વર્ગમાં થશે. હવે મનુષ્ય સ્વભાવ બહુધા હવો છે કે **अनुकूल** પ્રાપ્તિ વખતે હર્ષ પામે છે; અને **प्रतिकूल** પ્રાપ્તિ (જેમાં **अनुकूल** નાશ પણ આવી જાય છે તે) પ્રસંગે શોક પામે છે. પરંતુ એમ થવાનું કારણ એજ છે કે મનુષ્ય પોતાના હૃદયમાં **अनुकूल** અને **प्रतिकूल** બેની જુદી જુદી કિમ્મત રાખે છે; તેથી **अनुकूल**નું મૂલ્ય હોય તે કરતાં વધારે કરેછે અને **प्रतिकूल**નું મૂલ્ય હોય તે કરતાં ઓછું કરે છે. આમ વિષમ દૃષ્ટિને લીધે

अनुकूल प्रतिकूल એ બેને સમતોલ નથી રાખી શકાતાં અને ત્હેનું પરિણામ હૃદયમાં પણ ત્હેનું વિષમવૃત્તિ જ થાયછે. પરંતુ **समदर्शी** મનુષ્યની દૃષ્ટિએ **अनुकूल** અને **प्रतिकूल** બંને સમતોલ જ છે. ત્હેના વિવેકના કાંટામાં એ બંને તોળતાં એક પણ ઊંચું નીચું થતું નથી; ત્હેના હૃદયના બજારમાં **अनुकूल** અને **प्रतिकूल** બંનેનું મૂલ્ય સરખું જ છે. આમ થાય છે તો જ લાભ થાય છે. **अनुकूल**ની કિમ્મત હોય તે કરતાં વધારે ગણવાથી **अनुकूल** પ્રાપ્તિને પ્રસંગે અયોગ્ય હર્ષ થાય છે; અને નાશને પ્રસંગે અયોગ્ય શોક થાય છે. તેમ **प्रतिकूल**ની કિમ્મત હોય તે કરતાં ઓછી કરવાને લીધે **प्रतिकूल** પ્રાપ્તિને પ્રસંગે અયોગ્ય શોક થાય છે અને નાશને પ્રસંગે અયોગ્ય હર્ષ થાયછે. તેમજ **अनुकूल**ની કિમ્મત હોય તે કરતાં ઓછી કરવાથી અને **प्रतिकूल**ની કિમ્મત હોય તે કરતાં વધારે કરવાથી, માણસનું મન એક જાતનો વક્રભાવ પામી મનુષ્યદ્વેષિ જેવું થઈ જાય છે; સંપત્તિવાળા સર્વ બીજા ઉપર નિંદાવૃત્તિ આવીને દ્વેષમાન જેવું થાયછે; પોતાની વિપત્તિનો ખોટો ગર્વ થાયછે. માટે **अनुकूल** અને **प्रतिकूल** બંને તરફ એકભાવે વર્તવું તેજ **समदर्शिता. अनुकूल प्रतिकूलने विषे एकरूपता ते समदर्शिता** આમ **समदर्शिता**નું લક્ષણ થાય.

બીજો અંશ (૨.) **आघात**. એ વિશે બહુ કહેવાનું નથી. ઉપર કહેલા **अनुकूल** અને **प्रतिकूल** પ્રસંગોનો મનુષ્યના હૃદય ઉપર વ્યાપાર થાય ત્હેનું નામ આ વિષયમાં **आघात**છે. **अनुकूल प्रतिकूलनो हृदय उपर व्यापार ते आघात** આમ લક્ષણ **आघात**નું કરાય. **अनुकूल**નો પણ **आघात** કહ્યો છે તે વખતે કોઈને વિલક્ષણ વાત લાગશે. દુઃખનો તો આઘાત હોય પણ સુખનો પણ આઘાત કહેવો? એમ કોઈને લાગશે. પરંતુ **शान्ति**ના વિષયમાં જેટલે દરજ્જે દુઃખ પ્રસંગોની અસર તે આઘાત રૂપ છે તેટલે દરજ્જે સુખ પ્રસંગોનો પણ આઘાત છે. સુખ પ્રસંગથી અયોગ્ય હર્ષ થાય તો તે હર્ષનો હદપાર ઉછાળો તે આઘાત રૂપજ ગણાય. તેમ વળી અહિં **आघात**નો મૂળ ઉદ્દેશ તો **अनुकूल प्रतिकूल** બંનેની હૃદય ઉપર અસર થાય, વ્યાપાર થાય તેજ બતાવવાનો છે. એટલે દુઃખકર પ્રહાર કે સુખકર સ્પર્શ એ બંનેમાંથી એકે અર્થથી અસ્પૃષ્ટ રહેલોજ અર્થ **आघात**નો અહિં કરવાનોછે. થોડાક પ્રબળ વ્યાપાર એમ પ્રાબલ્યનો અંશ **आघात**ના અર્થમાં આવેછે. એ ખરું. અને તે તો ઉપર બતાવ્યું

તેમ **अनुकूल** અને **प्रतिकूल** બંનેમાં સમાન રીતે સંભવે છે હર્ષનો ઉછાળો અને શોકનો ઉછાળો બંને જુદા પ્રકારના પણ ઉછાળા તો સરખી રીતેજ છે. પરંતુ **शान्ति**ના વિષયમાં પરિણામે ઉછાળો નહિં પણ સંભવનીય ઉછાળો ઉદ્દિષ્ટ છેઃ—એટલે કે **अनुकूल प्रतिकूल**થી થએલી નહિ પણ થવાનો સંભવ છે હેવી અસર વિશે કહેવાનું છે. કેમકે અસર પ્રબળ થઇ એટલે તો **शान्ति** થઇ નહિં પણ ન થઇ. માટે **शान्ति**ના લક્ષણમાં **आघात**નો અર્થ તો દુઃખકર પ્રહાર કે સુખકર સ્પર્શ બંનેમાંના એકેથી અસ્પૃષ્ટ વ્યાપાર જ માત્ર એમ કરવો ઉચિત છે.

હવે ત્રીજો અંશ (૩.) **अबाध्यता** તપાસિયે. સંસારમાં **अनुकूल प्रतिकूल**ના વ્યાપારથી હૃદય ઉપર કોઈપણ પ્રકારની છાપ ના પડે હેવાં હૃદય બહુજ વિરલ; કોઈપણ પ્રકારની લહરીનું સંચલન ના થાય હેવાં હૃદય સરોવર બહુજ વિરલ. **समर्दाशता** ગંભીર થઇ હોય હેવા **शान्त** મહાત્માનાં હૃદયમાંજ એ સંભવે. હેનુંજ નામ **शान्ति**. **अनुकल प्रतिकूल**ના **व्यापार**ની ,પદપંક્તિ લગાર પણ હૃદય ઉપર ના રહે હેનું નામ **अबाध्यता**. કદી કોઇ કહેશે કે હાવી **शान्ति** તો આ જીવનમાં મનુષ્યને વિશે તો સંભવેજ નહિં; એતો અસાધ્ય દિવ્યભાવના છે. પરંતુ, યદ્યપિ આ દિવ્ય ભાવના અત્યંત ઉચ્ચ છે તથાપિ તે અસાધ્ય નથી કષ્ટસાધ્ય છે. અને આ ઉન્નત **शान्ति** સંપાદન કરવી કઠણ છે તો પણ **शान्ति**ની એક બીજી પદવી છે કે જે તેટલી અગમસાધ્ય નથી. એ પદવી એ છે કે સંસારના **आघात**થી ક્ષણ વાર તો હૃદય ઉપર જખમ થાય, પરંતુ **शान्ति**ના અમૃતલેપથી એ જખમના વ્રણ તરતજ લુપ્ત થઇ જાય; **अनुकूल प्रतिकूल**ના **व्यापार**ની પદપંક્તિ ક્ષણવાર તો હૃદય સરોવરના જલ ઉપર પડે, પરંતુ **शान्ति** ગુણે કરીને ફરી તરતજ એ જળની સપાટી એક રૂપ, સ્થિર, ગંભીર થઇ જાય. આ પદવી પણ સંપાદન કરવાને યોગ્ય છે. અને હેનો સમાવેશ ઉપર કહેલા **शान्ति**ના લક્ષણમાં થઇ સકેછે. કેમકે એ સ્થિતિ તે પણ **अबाध्यता**ના વિષયમાં આવશે. **आघात**થી સ્થાયી પરિણામ હૃદય ઉપર રહે, જખમ સુકાયા પછી પણ હેના વ્રણ રહે, તો હૃદયને **बाध**—પીડા—થઇ મનાય; પરંતુ તરત ક્ષણિક પરિણામ લુપ્ત થાય, જખમ રૂઝાઇને પ્રાણ પણ લુપ્ત થાય તો તે **अबाध्य** હૃદય જ કહેવાય. **शान्ति**ના લક્ષણમાં **अबाध्यता** શબ્દ મૂક્યો છે, **अस्पृश्यता** અથવા **अस्पृष्टता** નથી મૂક્યો.

ત્ય્હારે **शान्ति**નું આ સ્વરૂપ જોયું. સુખદુઃખાદિક દ્વન્દ્વને સમતોલ રાખનારી તુલા આ **शान्ति** છે. એ **समदर्शिता** કરતાં વિશેષ છે. માત્ર **समदर्शिता**નો પર્યાય છે એમ નથી, **समदर्शिता** તે **शान्ति**નું પ્રથમ પગથિયું છે. **समदर्शिता** હોય તો પછી **आघात**થી અચલ રહેવાય. અને **शान्ति** તે માત્ર નિવૃત્તિપર ગુણ નથી: **अबाध्यतारूप** અભાવ-સ્થિતિમાં **शान्ति**નું પર્યવસાન નથી. પ્રવૃત્તિપર ધર્મ પણ **शान्ति**નો છે. એજ **अबाध्यता**માં એ ધર્મ અંતર્લીન છે. **आघात**ના વ્રણનું વિ-રોપણ—ઉપશમન, લોપ—કરનારી શકિતમાં જ એ પ્રવૃત્તિ ધર્મ આવ્યો છે; અને એ શકિત **अबाध्यता**માં જ સમાય છે, એ હમણાંજ કહી ગયા છિએ. તેમજ **अबाध्यता**માં **आघात**ની સ્હામે એક પ્રકારનો પ્રત્યાઘાત (Resistence)—માત્ર બંને તરફ સમબલ થઇને સ્થિરતાનું પરિણામ આણનારો, પણ પ્રત્યાઘાત—આવેછે, એટલે તે રીતે પણ એક પ્રકારની પ્રવૃત્તિપર કૃતિ **शान्ति**માં આવેછે.

કોઈ કહેશે કે " હાવી સુખદુઃખાદિ દ્વન્દ્વને **समदर्शिता**થી સમતોલ રાખનારી **शान्ति**માં આનંદ શો ? માત્ર આનન્દહીન—કોઇ પણ પ્રકારના વિશેષ સંવેદનહીન—જડ સ્થિતિ એ જ **शान्ति**નું પરિણામ થશે. " પરંતુ આ શંકા **शान्ति**ની દિવ્ય શકિતના અજ્ઞાનમાં જ ઉત્પન્ન થાય છે. **प्रतिकूल**માં શોક છે, તેમ **अनकूल**માં હર્ષ છે, પરંતુ આનંદ નથી; જે કાંઈ આ-નંદ હશે તે આનંદાભાસ, આનંદનું રૂપ ધરનાર હર્ષ છે. એ હર્ષમાં શોકના સ્વર અંતર્લીન છે તે સાત્ત્વિક આનંદભોગી શાન્ત પુરૂષો જ જોઇ સકે છે. હર્ષ થયો તે એક પ્રકારનો હૃદયનો ક્ષોભ જ થયો; અને ક્ષોભમાં આનં-દનું તત્ત્વ નહિ પણ અસ્વસ્થ ચિત્તાવેગનુંજ તત્ત્વ છે. હર્ષ શોકાદિકને સમતોલ રાખતાંજ—તે વ્યાપારની સાથેજ, એ સમતોલની ક્રિયામાંથીજ—એક પ્રકારના દિવ્ય સંવેદનનું અમૃત સ્રોત નીકળે છે. હેનુંજ નામ ખરો આનંદ; એ આનંદને **शान्ति** જ પ્રસવી શકે છે; અને એ અનુભવગમ્ય જ છે. એ આનંદ તે ક્ષોભપૂર્ણ ઐહિક જીવનના સિન્ધુને અને અનંત પરકાલના તેજોમય આકાશને જોડનારી રમ્યવર્ણથી શોભિત આધ્યાત્મિક દૃષ્ટિમર્યાદા છે. એ આનંદ તે જ સ્થિરતાથી રહી સકે હેવો છે. **शान्ति**

અને સ્થિરતા એ બે એકત્ર વાસ કરનારાં તત્ત્વો છે. અશાન્તિ એ તત્ત્વમાંજ ક્ષોભ આવ્યો, અને ક્ષોભ આવ્યો એટલે સ્થિર આનંદમાં વિઘ્ન પડ્યું. માટેજ કહ્યું છે કે—

नहिं अशान्त जीव कदी शाश्वत सुख पामे.

(પ્રાર્થનામાળા, અંક ૨૭, મહીદીપ શ્લો. ૧૧, ચરણ ૨.)

આ ઠેકાણે એટલી ચેતવણી આપવાની જરૂર છે કે સુખ દુઃખાદિક દ્વન્દ્વનું સમતોલન જે ઉપર કહ્યું છે તે વૃથા વેદાન્તીના દ્વન્દ્વ **નાશથી** તદ્દન જુદું છે. દ્વન્દ્વનો **નાશ** નહિ પણ સમતોલન આપણે તો ઈષ્ટ છે. નાશ જે વેદાન્તીઓ કહે છે તે માત્ર અશક્ય જેવી જ કલ્પનાની પણ બ્હારની વાત છે અને હેમનો આનંદ તે તો આખરે અભેદજ્ઞાનથી મનાયો છે; પરંતુ અભેદજ્ઞાન એ શબ્દવિરોધ હોઇ, અભેદમાં આનંદના ભોક્તાનો લોપ જ થાય છે એટલે આનંદસંવેદન એ વસ્તુ જ ખરું જોતાં અશક્ય અને અસ્તિત્વની બ્હારની બને છે. આપણો **शान्ति**નો આનંદ તો ઉપર વર્ણવ્યો ત્હેવો છે અને હેમાં અસંભવાદિક બાધ આવતા નથી.

शान्ति માટે ત્હારે સાધન શાં તે જરાક વિચારિયે. એ સાધન **बाह्य** અને **आभ्यंतर** એમ બે પ્રકારનાં થઇ સકશે. બાહ્ય સાધન એ પ્રાણાયામ વગેરે યોગશાસ્ત્રનાં કાયિક નિયમનનાં ફાંફાં તે નહિં. **बाह्य** સાધન એટલે આ બાહ્ય જગત્‌માં જે પ્રકૃતિની શાન્ત દૃશ્યરચનાઓ છે ત્હેનું નિરીક્ષણ થાય તે. એ નિરીક્ષણથી મનને **शान्ति** સંપાદનમાં ઘણીક વાર અમૂલ્ય મદદ થાય છે. સંસારનાં દુઃખથી મન્દ, ક્ષુબ્ધ થઇને આપણે કદી શાન્ત સુંદર સમુદ્રને કિનારે શાન્ત સંધ્યાની મૂર્તિનું પાન કરિયે છિયે તો સહસા ક્ષુબ્ધ હૃદયના તરંગ ઉછળતા બન્ધ પડીને સર્વ હૃદયમાં **शान्ति**ની રેલ રેલાઇ રહે છે. આ પરિણામ થવામાં માત્ર દૃશ્યરચનાનું નિરીક્ષણ બસ નથી; એ રચના સાથે આપણા મનનો લય કરીને એ **शान्ति** પાન કરવું જોઇએ. આટલે દરજ્જે આ સાધન તે **बाह्य** સાધન મટી **आभ्यन्तर** સાધન વખતે ગણાય. પરંતુ કદી કદી એમ પણ બનેછે કે શાન્ત સૃષ્ટિરચનાના દૃશ્યનું એક ક્ષણવાર અવલોકન તે હૃદયક્ષોભને છિન્ન ભિન્ન કરી **शान्ति** પ્રવાહ ફેલાવવાને સમર્થ થાય છે. ટેનિસનનું Two Voices—"બેધ્વનિ" એ નામનું એક સુંદર કાવ્ય છે (અહિં સર્વ ઉતારિયે તો લંબાણ બહુ થાય હેવું છે) ત્હેમાં સૃષ્ટિરચનાની શાન્તિજનની શક્તિનું પ્રતિપાદન આ દૃ-

દૃષ્ટિબિન્દુથી જ કર્યું છે. જગત્‌થી કંટાળીને આત્મઘાત કરવાને તૈયાર થ-યેલા એક મનુષ્યને મધ્યરાત્રે આત્મઘાતનો પક્ષ ખેંચનાર અને હેની વિરુદ્ધ ઉપદેશ કરનાર હેવા બે ધ્વનિ રહાગરહામાં વચનબળે ખેંચે છે; પરંતુ અંતે મેડીની બારી ઉઘાડીને ઉષાકાળની મૃદુ, સુન્દર, શાન્ત, રચના જોઇને એકાએક આત્મઘાતી વિચાર બંધ પડી જાય છે. હૃદયનો સર્વ ક્ષોભ કચ્હાંનો કચ્હાં જતો રહે છે, ઊંચા નીચા ઉછળતા મોજા **शान्ति**ના પ્રવા-હમાં વિલીન થઇ જાય છે અને અવર્ણ્ય આનંદ પ્રાપ્ત થાય છે;—આમ એ એ કાવ્યનું હાર્દ છે. અને આ કંઇ માત્ર કવિતામાં કલ્પેલી અસંભાવનીય વાત નથી. એજ કાવ્ય જોઇને એક જણે બનેલો બનાવ અનુભવમાં આ-વેલો કહ્યો છે અને તે એ કાવ્યની વાર્તા જેવોજ ઘણે ભાગે છે. દુઃખથી કંટાળીને આત્મઘાત કરવાને એક પર્વતના શિખર ઉપર એ માણસ ગયો હતો અને ત્ય્હાં સહસા સૃષ્ટિની શાન્ત સુન્દર મૂર્તિયે હેના ઉછળતા આ વેગને શમાવી દીધો હતો; જાણે પડતાનો હાથ ખેંચી લેઇને રોકયો હતો. હાવે પ્રસંગે સૃષ્ટિની સુન્દર દૃશ્ય રચના તે પરોક્ષ રીતે પણ **आभ्यन्तर** સાધન નથી થતી, કેવળ **बाह्य** સાધન થાય છે.

હવે **शान्ति**નાં **आभ्यन्तर** (એટલે મનનાં અંદરનાં—માનસિક) સાધન થોડાંક જોઇએ. **समदर्शिता** એ તો **शान्ति**ના લક્ષણમાંજ કારણ-ભૂત મૂકી છે. એટલે પ્રથમ મ્હોટામાં મ્હોટું સાધન તો એજ છે. પરંતુ એ **समदर्शिता** શી રીતે મળે? અનેક રીતે એ મળવાના માર્ગ છે. પ્રથમ તો ગંભીર વિચારનો અભ્યાસ એજ મુખ્ય ઉપાય છે. એ અભ્યાસથી જગત્‌ના અનુકૂલ પ્રતિકૂલ વ્યાપારની કિમ્મત અત્યંત ઘટી જાય છે. અને ઐહિક સુખદુઃખાદિક કરતાં ઊંચા પ્રકારના પદાર્થો વિશે વિચાર કરી હેના ઉપર પ્રેમ થાય છે. તેમ બીજું એક સાધન **श्रद्धा** છે. આ ઐહિક જગત્‌ની પેલી પાર એક અનંત દિવ્ય ધામ છે,—આ જીવનની અંતે, સનાતન આનંદલોક છે; આ જીવનમાં અને આ જગત્‌માં અસત્ય, અન્યાય, કલહ, દ્વેષ, ઈર્ષ્યા ઇત્યાદિક વિજયિ થતાં ભાસે છે, પરંતુ તે ખરો વિજય નથી, અંતે—સત્ય, ન્યાય, પ્રેમ—હેનો દિવ્ય વિજય થશે;—આ પ્રકારનું **श्रद्धा**બળ હોય તો **शान्ति** સહજ મળશે; તો **श्रद्धालोके शान्ति-गुहामां विश्रान्ति** મળશે.

આ **समदर्शितानु** સાધન ઘણું કઠણ છે, એમાં સંશય નથી. ઉપરનાં સાધન શિવાય અનેક સાધન છે. **आघातथी** કદી વિચલિતભાવ ક્ષણ-વાર પણ થાય નહિં, હૃદય ઉપર ક્ષણવાર પણ એક પદરેખા પણ પડે નહિં, હેવી ઉચ્ચ **शान्तिनु** શિખર પ્રાપ્ત કરવાને તો મ્હોટા સાધનની જરૂર છે. એ સાધનનો સમાવેશ ગીતામાં એક શ્લોકમાં કર્યો છે:—

† **विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निस्पृहः।**
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

" જે પુરુષ સર્વ કામ (એટલે મળેલા **काम** તૃષ્ણાવિષયો) નો ત્યાગ કરીને (ન મળેલા કામમાં) નિસ્પૃહ, નિર્મમ (" આ મ્હારું " એ બુદ્ધિ રહિત) નિરહંકાર (હું એમ સ્વવિષયક મહત્ત્વ છોડનારો) થઇને ફરે છે તે **शान्तिने** પ્રાપ્ત કરે છે."

અર્થાત્ **काम, स्पृहा, ममत्व, अहंत्व**—એ સર્વનો ત્યાગ કર્યો એટલે **शान्ति** પ્રાપ્ત થવાની. આ ઉપરથી એમ ના સમજવું કે સુખ દુ:ખાદિભોગ ના અનુભવવા. એ તો અશક્ય છે. પરંતુ એટલુંજ કે એ ભોગને જાતે કરીને શોધવા ના જાય; જેમ આવ્યા તેમ ભોગવવા. યોગ ક્ષેમ માટે પ્રયત્ન ના કરવો.

‡ **निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान्** થવું; એટલે સુખ દુ:ખાદિ દ્વન્દ્વરહિત થવું—અર્થાત્ તે સહન કરવાં—નિત્ય સત્ત્વસ્થ થઈને એટલે ધૈર્ય ધારણ કરીને; યોગ ક્ષેમ રહિત થવું, એટલે અપ્રાપ્ત વસ્તુનું ગ્રહણ તે યોગ અને પ્રાપ્તનું રક્ષણ તે ક્ષેમ એ બંને તરફ ઇચ્છા પૂર્વક પ્રવૃત્તિ-પ્રયત્ન કરવાં નહિં; અને **आत्मवान्** એટલે આત્માને વશ રાખી પ્રમાદહીન થવું. એટલે **शान्ति**સાધન થશે. પરંતુ આ કેટલું કઠણ સાધન છે, આ જીવનમાં આ પદાર્થોનો અત્યંત લોપ થવો કેટલો કઠણ છે ! હું, મ્હારું, "મ્હારા" ઉપર પ્રેમ, અલબ્ધ મેળવવાની સ્પૃહા,—એ હૃદયમર્મ તજવા અત્યન્ત અશક્ય થાય છે, છતાં વિરલ મહાત્માઓ એ સાધન કરી શકે છે. અને તેવાને વિષે જ કહે છે કે

§ **एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।**

---

† અધ્યાય ૨. શ્લોક ૭૧.
‡ ગીતા અધ્યાય ૨ શ્લોક ૪૫.
§ ગીતા—અધ્યાય. ૨. શ્લોક ૭૨,

स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥

"આ સ્થિતિ બ્રાહ્મી સ્થિતિ—દિવ્ય ઇશ્વરી સ્થિતિ છે. એ સ્થિતિ પામ્યા પછી માણસ ફરીથી સંસાર મોહને વશ થતો નથી. અંતકાલે મરણ સમયે પણ એ સ્થિતિમાં ક્ષણ માત્ર પણ રહેવાય તો તે માણસ મોક્ષ પામે છે; તો પછી જીવનના પૂર્વ ભાગમાંથી જ તે સ્થિતિ મળે તો શું કહેવું?"

આ **શાન્તિ**ની ઉંચી ભાવના! એ ભાવના સુધી પ્હોચવું તો દૂર રહ્યું (જો કે તે ઇષ્ટ લક્ષ્ય રાખવું જોઇએ): પરંતુ આ જીવનમાં અનેક ન્હાના ન્હાના પ્રસંગો આવે કે જ્યહાં **શાન્તિ**ની બીજી પદવીની ભાવના સાધી હોય તોપણ સુખ, આનંદ, વ્યાપે. માટે સર્વ સદ્‌ભક્તોનું કર્તવ્ય છે કે એ **શાન્તિ**નો વિસ્તાર કરવો; પોતાના હૃદયમાંજ **શાન્તિ** સ્થાપવી એટલુંજ નહિ, પણ બીજાંનાં હૃદયોમાં પણ **શાન્તિ**નો પ્રચાર કરીને, સર્વ હૃદયોની **શાન્તિ** નદીઓનો પ્રવાહ એકત્ર કરી મહાન્ **શાન્તિ-સિન્ધુ** (ઈશ્વર) માં વ્હેવડાવવો. આ કેટલી ઉન્નત ભાવના! અને એ ભાવના સિદ્ધ થવામાં ભંગ કરે, પોતાના મનુજબન્ધુની **શાન્તિ** નદીમાં—સાક્ષાત્ અથવા પરંપરાએ, સ્વહસ્તે અથવા પરહસ્તે—કલહ, દ્વેષ, ઈર્ષ્યા, ઇત્યાદિના પર્વતો આડે આણીને રોકાણ કરે, **શાન્તિ** પ્રવાહનો ભંગ કરે, એ મનુષ્યને શું કહેવું! એ પાપ નહિં તો બીજું શું? એ મનુષ્યને ઇશ્વર આગળ એ બાબત જવાબ દેવો નહિ પડે? માટે આપણ સામાજિક બન્ધુઓનું કર્તવ્ય છે, કે કુટુંબમાં, મિત્રવર્ગમાં, જનમંડળમાં—સર્વત્ર **શાન્તિ** ભંગ કરનારાં કૃત્યથી દૂર રહીને **શાન્તિ**પોષક આચરણ કરી પેલી ઉન્નત ભાવના,—સર્વ બન્ધુની **શાન્તિ** નદીઓ મહાન્ **શાન્તિસિન્ધુ**માં રેડવાની ઉન્નત ભાવના સિદ્ધ કરવાનો પ્રયાસ કરવો. અને આ કાંઇ કઠણ વાત નથી. નિશ્ચય કરે તો સુસાધ્ય છે. હલકી ઇર્ષ્યા, દ્વેષ, કલહ બુદ્ધિ,—એ સર્વ છોડી દેઇને, પોતે તે દોષ દૂર કરીને, બીજાને પણ માંહિં માંહિં દ્વેષ, કલહ, વગેરે કરાવવાની રાક્ષસી વૃત્તિનો ત્યાગ કરિયે તો બસ થશે. આપણે બ્રહ્મભક્તો એટલું પણ નહિ કરી સકિયે તો આપણે બ્રહ્મભક્ત થવાને નાલાયક, નામનાજ બ્રહ્મભક્તો, કહેવાઇશું. આટલું જો કરી સકિયે તો આપણને અને મ્હારાને સર્વને સુખશાન્તિ અને શાન્તિસુખ જ થશે.

शान्ति વિષે આટલું કહ્યા પછી, **शान्त** મહા પુરુષોનાં દૃષ્ટાન્ત આપવાની જરૂર નથી. **शान्त** એ કેટલી કઠણ વસ્તુ છે, એ વિચારતાં જણાશે કે **शान्त** મનુષ્યના હાથમાં આવવા દુર્લભ થશે. પરંતુ હરિશ્ચન્દ્ર, યુધિષ્ઠિર, ક્રાઇસ્ટ ઇત્યાદિક **शान्त** મહાત્મા થઈ ગયા છે ખરા. યુધિષ્ઠિર અને ક્રાઇસ્ટનાં જીવનમાં **क्षमा**ના પ્રસંગો આવ્યા છે ત્યહાં **क्षमा**ની દિવ્યતાને **शान्ति**નાં વિશેષ દીવ્યતાએ વિશેષ દીપાવી છે. અને હેવા મહા પુરુષોએ પોતાનાં જીવનમાં બતાવી આપ્યું છે કે **शान्ति**ની ઊંચી ભાવના પણ મનુષ્યથી અસાધ્ય જ છે એ વાત ખોટી છે.

ત્યહારે આપણે **दया, क्षमा,** અને **शान्ति**નાં સ્વરૂપ સવિસ્તર તપાસ્યાં, અને પ્રત્યેકનાં પૃથક્ પૃથક્ સાધનનું પણ થાય તેટલું અવલોકન કર્યું. હવે એ ત્રણે માટે સમાન સાધન થોડાંક જોઇ લઈએ. પ્રથમ તો એજ કે શાળાગુરુએ અને ગૃહગુરુ માતાપિતાએ ત્હેમાં વિશેષે કરીને ઉત્તમ ગુરુ માતાએ, બાળકોને ન્હાનપણથીજ સમજણનો અંકુર ફૂટતાંજ દયાળુ, ક્ષમાળુ, શાન્ત થતાં શીખવવું. ન્હાનપણથી તો શું પણ—એક જણે ગંભીર અર્થ ઉદ્દેશીને કહ્યું છે તેમ—બાળક જન્મતાં પ્હેલાં લાંબી મુદતથી બાળકની કેળવણી શરૂ થવી જોઈએ. આ દેખાતા વિરોધમાં અર્થ એ રહ્યો છે કે આપણા સ્વભાવ જેવા હોય ત્હેવા આપણાં સંતાનના બંધારણમાં ઉતરે છે માટે આપણે સંતતિ થતા પ્હેલાંજ આપણામાં સદ્ગુણનો સંચય કરવો કે જેથી સંતતિ પણ સદ્ગુણી થાય. આ રીતે જોતાં બાળકમાં **दया, क्षमा, शान्ति** ઉત્પન્ન થવાને માટે આપણે જ હેમના જન્મ પ્હેલાં જ એ ગુણ સંપાદન કરવા જોઇએ. પછી બાળકના જન્મ પછી પણ આપણાં આચરણનું અનુકરણ બાળકો સ્વાભાવિક રીતે કરે છે તેથી આપણે **दया, क्षमा शान्ति**નું ઉદાહરણ આપણા આચરણમાં—બાળક પ્રત્યેના (તેમજ અન્ય પ્રત્યેના) આચરણમાં—આપવું જોઇએ. આચરણને સંબન્ધે ઉપદેશ કરતાં ઉદાહરણ વધારે પ્રબળ ચાલકશક્તિ છે; હેનું કારણ એજ કે અમૂર્ત ઉપદેશના કરતાં મૂર્ત ઉદાહરણ એ અનુકરણને માટે વધારે યોગ્ય વિષય છે; અને મનુષ્યસ્વભાવમાં અનુકરણ એ મ્હોટો પ્રબળ ધર્મ છે. માટે જો આપણે બાળકને અને બીજાને પ્રેમભાવથી રાખીશું, કટુ વચન નહિ કહિયે, અત્યાચારનું પ્રતિદાન નહિં દઈયે, ઉદારભાવે શાન્તિયુક્ત મન રાખીશું તો બાળકો પણ તે પ્રમાણે વર્તશે. મર્યાદા, આચાર, નિયમ, વગેરેના શિક્ષણને અર્થે વખતે **दया क्षमा शान्ति**નો ત્યાગ કરવો પડે ત્હેને આ નિયમ

લાગુ નથી પડતો. અને ખરું જોતાં એ **दया** વગેરેનો ત્યાગ નથી પણ ત્યાગાભાસ છે. જેમ ઈશ્વર આપણને સજા કરે છે ત્હેમાં **दया**મય હેતુ **प्रेम**મય હેતુ હોય છે તેમજ શિક્ષણદશાનાં બાળકને સંબન્ધે ગુરુની કરેલી સજા વગેરેનું સમજવું. આમ છે તોપણ એજ શિક્ષણ **दया, क्षमा,** અને **शान्ति** સાચવીને પણ આપી સકવાનો માર્ગ છે. વિસ્તાર અને અપ્રસ્તુતતા થઇ જાય માટે આ બાબતની વિશેષ તફસીલ ન આપતાં દિગ્દર્શન માત્ર કર્યું છે.

બાળકને **दया, क्षमा, शान्ति** શીખવવાને માટે ઉપર કહેલા ઉપાયની સાથે એક બીજા ન્હાનાસરખા ઉપાયની પણ સૂચના કરવી જરૂરની છે. છોકરાંની વાચનમાળામાં શુષ્ક ઉપદેશપર પાઠ જેમ બને તેમ ઓછા દાખલ કરીને આ ગુણનો પ્રેમની સાથે ઉદય થાય હેવા વાર્તારૂપ પાઠ, સત્પુરુષ ચરિતના ભાગ, ઇત્યાદિ દાખલ થાય તો શિક્ષકને એ બાબત ઉપદેશમાં ઘણું સાહાય્ય મળે. " દસ ગણવા " ની વાત પાછળ આપણે કહી ગયા ત્હેવા પાઠ વાચનમાળામાં હોય તો **क्षमा**ના સો ઉપદેશ વચન કરતાં હેવા એક પાઠથી વધારે શીઘ્ર અને દૃઢ અસર થાય.

આ **दया, क्षमा, शान्ति** વિશે જે વ્યાખ્યાન કર્યું ત્હેમાં એતો આરંભથીજ માની લેવાનું છે કે આ જનમંડળમાં વ્યક્તિધર્મને અનુલક્ષીને કહ્યુંછે;—મનુષ્યજાતિની એક વ્યક્તિયે બીજી વ્યક્તિ સાથે કેવળ મનુષ્ય સંબન્ધે શી રીતે વર્તવું તે ધર્મને ઉદ્દેશીને કહ્યું છે. તેથી કરીને રાજધર્મમાં **दया, क्षमा, शान्ति**ના અભાવ જેવું જણાય તો ત્યહાં બાધ આવશે નહિ. યુદ્ધ, રાજદ્રોહી ને શાસન, ઇત્યાદિ પ્રકાર **अदया अक्षमा**ના જેવા જણાય છે તે વાસ્તવિક રીતે ન્યાયના પ્રકાર છે એ જણાશે.

दया, क्षमा, शान्तिનાં સ્વરૂપાદિક જોયાં. હવે **दया, क्षमा, शान्ति तेथें देवाची वसाति, दया, क्षमा, शान्ति** ત્યહાં ઇશ્વરનો નિવાસ એ શી રીતે તે જોઇએ. જ્યહાં **दया, क्षमा, शान्ति** ત્યહાં ઈશ્વરનો નિવાસ એ વચનમાં આ ગુણોનો મહિમા પ્રશંસાને શિખરે ચઢાવ્યો છે; સ્તુતિનો અર્ક કરીને 'ઇશ્વરનું નિવાસસ્થાન' એ વચનમાં મુકી દીધું છે. ત્યહારે શું આ અત્યુક્તિવાળી પ્રશંસા છે ? ના. **दया, क्षमा, शान्ति** આ જીવનમાં એટલાં વિરલ છે કે એ ગુણનાં દીપ્તિમય ઉદાહરણ વખતે વખતે ના જણાતાં હોત તો આ સંસારને અંધકારમય જ કહેવો પડત. અને એ ઉદાહરણ

નીકળી આવવા છતાં પણ સંસારને બહુધા નિષ્ઠુર, નિર્દય, એમજ કહેવાની વૃત્તિ વિશેષ થાય છે. કારણ એજ કે આ દિવ્ય ગુણો વિરલ છે. ઉદાહરણ એક બે લઇયે. ‡"એક વાર પવન ઘણા જોરમાં વાતો હતો; તે વખતે બે છોકરા નિશાળે જતા હતા, રસ્તામાં હેમને એક ડોસો મળ્યો, તે બિચારો ચાલી પણ મુશ્કેલીથી સકતો હતો. હેની પાસે થઇને છોકરા ગયા તેજ વખતે પવનથી બુઢ્ઢાની ટોપી ઉડી ગઈ, અને રસ્તામાં પવનથી દોડવા લાગી; પણ બુઢ્ઢાથી પાછળ દોડી સકાયું નહિં. "છોકરાઓ! જરા ઊભા રહો. અને મ્હારી ટોપી ઉચકીને લાવો. નહિં તો એ મ્હારી ટોપી જશે."—આમ બુઢ્ઢો બોલ્યો. પણ છોકરા તો એમને એમ ઊભા રહ્યા અને ફક્ત હસવા લાગ્યા. ટોપી પવનમાં આમ તેમ ઉડતી જોવામાં ખૂબ મઝા પડે છે એમ જ હેમને તો લાગ્યું. આ સંધિયે એજ નિશાળે જનારી એક ન્હાની છોકરી આવી. બુઢ્ઢો હેને કહે તે પ્હેલાં તો એ તરત દોડી અને ટોપી ઉચકી લીધી, અને બુઢ્ઢાને પાછી આપી; અને આપતા પ્હેલાં સારી પેઠે ટોપી ઉપરની ધૂળ લોહી નાંખી. "ભલી છોકરી! અશક્ત બુઢ્ઢા ઉપર દયા કરવા માટે ત્હારો પાડ માનું છું."—એટલું બુઢ્ઢો બોલીને ચાલ્યો.—

આ ઉદાહરણ કલ્પિત હશે. તોપણ આ જગત્‌ની સામાન્ય સ્થિતિનો નમૂનો હેમાં યથાસ્થિત બિમ્બિત થયો છે. પેલા નિર્દય છોકરા જેવાં માણસો જગત્‌માં સેંકડો મળશે; પેલી પ્રેમ દયાભૂષિત છોકરી જેવાં ક્વચિત્‌જ જડશે. **દયા**ની વિરલતા જણાવવા માટે આ વાતની કલ્પિતતા કાંઇ આડે આવે એમ નથી. શાથી કે જગત્ છે જ હેવું.

બીજું એક ખરેખરું બનેલું ઉદાહરણ લઈએ.—એક વાર પ્રસિદ્ધ કવિ વર્ડ્સ્વર્થ રસ્તામાં જતો હતો. તે વખતે એક અત્યંત વૃદ્ધ અને કેવળ અશક્ત પુરુષ એક ઝાડનું મૂળ કુહાડી વતે ખોદવાને બહુ મથતો હતો, પરંતુ કયમે કર્યું ખોદાતું ન્હોતું. આ જોઇને તરુણ જોરાવર વર્ડ્સ્વર્થે ડોસા કનેથી કુહાડી લઇ લઇને એક ઘામાં મૂળીયું ઉખેડી નાંખ્યું. તે વખતે અશ્રુપૂર્ણ નયનથી એ ડોસાએ આભાર માન્યો. ત્હેને લીધે હૃદયમાં વિચારની ઊર્મિ ઉઠી આવતાં વર્ડ્સ્વર્થ કહે છેઃ—

‡ Royal Readers No. 1 p. 68. A Good Little Girl.

" I have heard of hearts unkind,
kind deeds with coldness still returning;
Alas! the gratitude of man,
Hath oftener left me mourning.

"પ્રેમનાં કૃત્યનો નિષ્ઠુર ઉદાસીનતાથી બદલો આપનારાં હૃદયો વિશે મ્હેં સાંભળ્યું છે; અરેરે! મનુષ્યના ઉપકારપ્રદર્શને હાવી અનેક વેળાએ મ્હને શોકમય વિચારમાં નિમગ્ન કરી નાંખેલો છે."

આ વિચારનું પરંપરાસૂત્ર એમ છે કે આ ડોસાએ આટલા સાધારણ મદદનાકૃત્ય માટે અશ્રુપૂર્ણ નયને ઉપકાર કેમ માન્યો? હેમાં ઉપકાર માનવાનું શું હતું? સામાન્ય મનુજબન્ધુનો પરસ્પર ધર્મ આટલો ન્હાનો સરખો બજાવવામાં ઉપકાર તે શેનો? અને તેથી વળી આંખમાં આંસુ શું કામ? સર્વનો ઉત્તર એજ કે એ ડોસાને અનેક જણે ઉપેક્ષા કરી હશે. તેથી આ કૃત્યથી હેને આવી આવી ઉપકાર વૃત્તિ થઈ. આ દયાનો ભંગ કરનારી દુનિયામાં હાવાં અનેક અશક્તની ઉપેક્ષા થાય છે. આમ વિચારને લીધે કવિના મનમાં ગ્લાનિ થઇ કે "અરે! શું આટલી ન્હાની દયાકૃતિ—ના, બન્ધુ તરફની કર્તવ્યની કૃતિ—પણ જગત્‌માં નથી થતી?"— આ ઉદાહરણ જણાવે છે કે **दया** આ જગત્‌માં વિરલ છે.

એજ પ્રમાણે **क्षमा शान्ति** પણ વિરલ છે. બન્ધુ બન્ધુમાં, મિત્ર મિત્રમાં સર્વત્ર જરાક જરાકમાં **अत्याचार** અને ત્હેનું **अनुदारता युक्प्रतिदान**, હૃદયના ક્ષોભ, પગલે પગલે જણાયછે. મ્હોટા પ્રસંગોમાં તો શું પણ ન્હાની ન્હાની વાતોમાં પણ **अक्षमा** અને **अशान्ति** પ્રબળ થાયછે. **क्षमा** અને **शान्ति** તો કોકજ સ્થળે જડેછે. માટે **दया, क्षमा,** અને **शान्ति** વિરલ છે; તેથીજ કરીને **अदया, अक्षमा, अशान्ति** તે જગત્‌નો અંશ, અને **दया क्षमा** અને **शान्ति** તે દિવ્ય અંશ, બ્રહ્મનો અંશ. માટે જ **दया क्षमा शान्ति** ત્ય્હાં ઈશ્વરનો નિવાસ.

दया વિરલ છે. લઢ્ઢા ખાખીને, વૃથા પુષ્ટ નિરક્ષર બ્રાહ્મણને જમાડનારા ઘણા મળશે; ખોટા અનાચારી ગુરુને ધન ધાન્યથી સર્વે રીતે તૃપ્ત કરનારા ઘણા નીકળશે, કીડીઓનાં દર દાણાયો પૂરનારા, ગરધડાને ખાતાં છોડાવનારા, અનેક હશે;—પણ ખરા ભૂખથી મરનારા અસહાયને

અન્ન આપનારા, રોગ પીડિતનું દુઃખ ઓછું કરતાં કરતાં પ્રાણ આપનારા Father Damien (ફાધર ડેમિયન) અને હેતું અનુકરણ કરવા નીકળેલી યુવતીઓ જેવા કોકજ જડશે. માટે કહું છું કે **दया** વિરલ છે. જગતમાં કુટુંબમાં પણ—એક એક ઉપર કટુવચન, અપ્રેમદૃષ્ટિ, વગેરેથી અકૃપા કરનારાં અનેક મળશે; પણ સ્નિગ્ધદૃષ્ટિ, મધુર વાક્ય, વગેરેથી એક એકના જીવનને અમૃતમય કરનાર ક્વચિત્જ હશે. માટે કહું છું કે **दया** વિરલ છે. આજ રીતે **क्षमा** અને વિરલ છે, એ ઉપર કહ્યું છે. વિરલ છે. માટેજ દિવ્ય છે, દિવ્ય છે માટેજ વિરલ છે. માટેજ એ ઈશ્વરનું નિવાસસ્થાન છે.

दया क्षमा शान्ति તે અસુન્દર વદન ઉપર દિવ્યસૌન્દર્ય બિછાવે છે, સુન્દર દિવ્યતા બિછાવે છે. ગમે ત્હેવાં સુન્દર સ્ત્રી પુરૂષ હોય, પણ **दया क्षमा शान्ति**થી દીપિત આત્મા હૃગનો ના હોય તો એ સૌન્દર્ય તે વિરૂપતાજ છે; એ કાયિક તેજ તે અંધકારજ છે. ધન ખૂબ હોય, વિદ્યા ખૂબ મેળવી હોય. બોલવામાં વ્યવહારમાં કુશલ હોય, અક્કલમાં તીવ્ર હોય,—પણ જો તે મનુષ્યમાં **दया क्षमा शान्ति** ના હોય તો એ સર્વ શક્તિ અને સંપત્તિનું તેજ તે અંધકાર છે; અને એ શક્તિ અને સંપત્તિથી હીન કોઇ હોય પણ **दया क्षमा शान्ति**થી શોભિત હોય તો તે મનુષ્ય,—ગરીબ, અશિક્ષિત, અકુશલ છતાં,—દિવ્ય તેજથી લિપ્ત છે. આ માટેજ **दया क्षमा शान्ति** તે દિવ્ય ગુણ ગણાયા છે અને **दया क्षमा शान्ति** ત્હાં ઈશ્વરનો વાસ મનાયો છે. જો **दया क्षमा शान्ति**નો પ્રચાર પ્રતિપદે થાય, તો તેથી વિરુદ્ધ દુર્ગુણનું દળ પાછું હઠી જગત્ ક્હેતું દિવ્ય તેજથી દેદીપ્યમાન સુખસ્થાન થાય! કુટુંબમાં, મિત્ર વર્ગમાં, જન મંડળમાં—સર્વત્ર સ્વર્ગરાજ્ય થાય! ત્હાં ઈશ્વર વસે. માટેજ **दया क्षमा शान्ति** ત્હાં દેવનો નિવાસ. અને જે ક્ષણે **दया क्षमा शान्ति**થી વિમુખ થયા તેજ ક્ષણે ઈશ્વરથી વિમુખ આપણે થયા સમજવા.

दया ત્હાં ઇશ્વર નિવાસ એ તત્ત્વ આપણે વળી બીજી દૃષ્ટિથી જોઇયે. શાક્ય મુનિની અગાધ **दया**નું ફળ ગંભીર **प्रेम**માંજ હતું તે આપણે જોયું **दया**નું બીજ **समभाव**માં અને **समभाव** તે **प्रेम** પ્રવૃત્તિ એમ પણ

આપણે જોઇ ગયા. એ **પ્રેમ** અનિમિત્ત માનવો પડશે એમ પણ કહી ગયાછિયે. તે કેમ તે જરાક જોઇએ. કોઇપણ પરકીય મનુષ્યની સ્થિતિ ઉપર **સમભાવ** થાય તો તે **પ્રેમ** વિના સંભવે નહિં. **तद्रूपानुभव** થાય તોપણ **પ્રેમ** વિના **સમભાવ** જનિત **आर्द्रता** થાય નહિ. ત્યારે આ સર્વનો બીજભૂત **પ્રેમ** કહાંથી આવ્યો ? હેનું મૂળ જડવું અશકય જેવુંજ છે. પરિચય, સંબન્ધ, મમતાદિ કારણોને લીધે **પ્રેમ** થાય છે એમ કહી કહેવાગાં આવે તોપણ તે ઉત્તર સંતોષ કારક નથી. કેમકે તેથી **પ્રેમ** ઉત્પન્ન શું કામ થવો જોઇએ ? તેમજ જ્યહાં એ કારણો નથી હોતાં ત્હાં પણ **પ્રેમ** જન્મે છે. **શાકય** મુનિનુંજ ઉદાહરણ જુવો. અગાધ**પ્રેમ** હેના હૃદયમાં ઉદ્ભવ પામ્યો, પરંતુ તે **પ્રેમ**નો વિષય કોણ ? અપરિચિત, અજાણ્યાં, સર્વે મનુજબન્ધુ. ત્હારે **પ્રેમ**ને અનિમિત્તજ ગણાવો જોઇએ. એ મતથીજ **ભવભૂતિ** કવિએ કહ્યું છે કે

नखलुवहिरुपाधीन् प्रीतयःसंश्रयन्ते ॥

"બાહ્ય ઉપાધિ ઉપર પ્રેમ આધાર નથી રાખતો" અને કદી પરિચયાદિક બાહ્ય ઉપાધિનો સંબન્ધ સ્વીકારિયે, તોપણ બારીક તપાસથી જણાશે કે એ ઉપાધિનો **પ્રેમ** સાથેનો સંબન્ધ કાર્યકારણ ભાવનો નથી, પરંતુ એ માત્ર પૂર્વવર્ત્તિ **પ્રેમ** બીજનું પોષણ કરીને અંકુર ઉત્પન્ન થવાની અનુકૂલ સામગ્રી બને છે. માટે બીજ રૂપ **પ્રેમ** તો મનુષ્યના આત્માના બંધારણમાંજ રહેલો દિવ્ય અંશ—દિવ્ય અમૃત બિન્દુ—છે એમ નિશ્ચય ઉપર આવ્યા વિના માર્ગ નથી. **दया**ના સ્વરૂપનું, અને **दयाक्षमा शान्ति**ને ગ્રથિત કરનાર સમાન સૂત્ર પ્રેમ છે એમ કહ્યું છે તેથી) **क्षमा** અને **शान्ति**નું પણ દૂરમાં દૂર નિદાન દિવ્ય અંશમાં, દિવ્ય ગુણમાં, ઇશ્વરમાંજ છે. માટેજ **दया क्षमा शान्ति** ત્હાં ઇશ્વરનો નિવાસ છે.

બાહ્ય જગતની દૃશ્ય રચનાની શાન્તિ તે આભ્યંતર **शान्ति**ની પોષક છે એમ પાછળ આપણે કહી ગયા છિયે. માનસિક **शान्ति**માં જેમ ઇશ્વર નિવાસ છે તેમ બાહ્ય જગતની **शान्ति**માં પણ ઇશ્વર નિવાસ છે. જે વખતે નિઃશબ્દ મધ્ય રજનીમાં જળ સ્થળને ચંદ્રની કૌમુદી વિશેષ નિ‍ર્મળ કરે છે, આકાશના તારા પૃથ્વીનાં વૃક્ષ નદી પર્વત સર્વ એકાગ્રચિત્તે

જાણે કાંઈ અવર્ણ્ય કરતાં હોય તેમ લાગે છે તે વખતે એ સર્વ બાહ્ય **શાન્તિ**માં અંતર્વર્તિ કોઈ ગૂઢ દિવ્ય તત્ત્વ આપણા અંતરનુભવમાં નથી આવતું ? તેમજ શાન્ત સંધ્યા સમયે ગંભીર ઘોષથી સિન્ધુ પોતાના તરંગ મન્દ મન્દ પછાડે છે, આકાશમાં ઉગ્રતેજ રવિ વિલુપ્ત થઈને મન્દ સુંદર રંગથી **શાન્તિ**ના વિજયલેખ લખાય છે,—તે વખતે પણ સર્વત્ર વ્યાપેલું દિવ્ય તત્ત્વ આપણા આત્માને જાણે આનંદમય સ્પર્શ કરતું નથી લાગતુ? એજ ત્હારે **શાન્તિ**ની અંદર—બાહ્ય જગત્‌ની અંદર—વસનારું દિવ્ય સ્વરૂપ;—અને તેથીજ **શાન્તિ** ત્હાં ઈશ્વરનો નિવાસ.

આ ઉપરથી એમ ના ધારવું કે બાહ્ય જગત્‌ની ભવ્ય મૂર્તિમાં ઈશ્વરનો વાસ નથી. ભયંકર ગર્જન, ઝળહળતી વિદ્યુત્, તોફાનમાં ઉછળતો ગહ્વ સિન્ધુ—ઈત્યાદિ ભવ્ય રૂપમાં ઇશ્વરનું ભવ્ય સ્વરૂપ અંતર્વર્તિ રહેલું છે એટલુંજ નહિ, પણ ગંભીર આત્મ સંયોગથી જણાશે કે એ ભવ્યજગત્‌નાં દૃશ્યોમાં પણ અંદર અંતઃપ્રવાહે તો સ્થિર ,સનાતન શાન્તમૂર્તિ ઇશ્વર જ છે; માત્ર એ તરત જડે નહિ.

આ બાહ્ય **શાન્તિ**નો પ્રસંગ આભ્યંતર **શાન્તિ**ની સંબન્ધિની એ છે માટે જ આવ્યો. હવે ત્હારે આભ્યંતર **શાન્તિ**માં ઈશ્વર નિવાસ શી રીતે છે તે જાઈયે. એક મરાઠી પદ કહેછે—

संसार हे दुःखसदन, नव्हेचिते शान्तिस्थान ।
शान्ति सुख व्हावें जरी आनंद धामाचल ॥

" આ સંસાર દુઃખનું ઘર છે; એ શાન્તિનું સ્થાન ન હોય. શાન્તિ સુખ જોઈતું હોય તો આનંદધામે ચાલય. "

હાનું તાત્પર્ય એમ નહિ કે આ જીવનમાં **શાન્તિ** છે જ નહિં; અને **શાન્તિ** જોઈયે તો **આનંદધામ** પરકાલમાં જવું પડે. **આનંદધામ** કંઈ મૃત્યુની પેલી પારય જ છે એમ નથી. આ જીવનમાં પણ એ **આનંદધામ** ઇશ્વરનું દર્શન થાય. આ જીવનમાં જ એ આનંદધામની સમીપ રહીને સંસારના અશાન્તિ જનક ક્ષોભથી મનુષ્ય અસ્પૃષ્ટ, અબાધિત રહે તો ત્હેને **શાન્તિ** આ જીવનમાં પણ મળે. તાત્પર્ય કહેવાનું માત્ર એટલું જ છે કે આનંદધામ ઇશ્વર અને **શાન્તિ** એ બે એકત્ર રહી સકે છે, અને આનંદધામ ઈશ્વર અને સંસાર—ક્ષોભાકુલ સંસાર, તે પરસ્પર વિ-

રોધી છે. આજ સંસારનો ખાસ સ્વભાવ—ક્ષોભ પૂર્ણ સ્થિતિ—**શાન્તિથી** વિરોધી છે; અને બાકીનો ઇશ્વરી દિવ્ય ભાગ તે **શાન્તિને** અનુકૂલ છે. આ રીતે **શાન્તિ** ત્યહાં ઇશ્વરનો નિવાસ છે.

શાન્તિ તે શું એ ક્ષણવાર વિચારિયે. સર્વ કલહ, દ્વેષ, ક્લેશ, ઈર્ષ્યા, ક્ષોભ—સર્વનું અત્યંત મધુરતાની—આનંદની—અમૃતલહરીમાં વિલીન થઇ જવું, ડૂબી જવું તે **શાન્તિ**. હા ! તે સ્થિતિમાં ઇશ્વરનું આધ્યાત્મિક પ્રત્યક્ષ કહેવું થવાનું ! તે **શાન્તિ**ના જ્યોત્સ્નાસિન્ધુમાં ઓતપ્રોત અંતર્વર્તિ વ્હેતું ઇશ્વરનું દિવ્ય સ્વરૂપ એકાગ્ર ધ્યાનયોગથી અનુભવાશે. માટેજ **શાન્તિ** એ ઇશ્વરનું નિવાસ સ્થાન છે.

દયાક્ષમાશાન્તિ હોય ત્યહાં ઇશ્વરનો નિવાસ.—એટલે **દયાક્ષમાશાન્તિ** એ ઇશ્વરી ગુણ છે તેથી ઇશ્વર ત્યહાં હોય; અને **દયાક્ષમાશાન્તિથી** ભિન્ન દશા તે દૈવી સ્થિતિ નથી તેથી ત્યહાં ઇશ્વરનો વાસ ના હોય. હાનો અર્થ ઈશ્વરના સર્વવ્યાપકત્વને બાધક નથી. કેમકે સસ્તિત્વ તો ઇશ્વરનું સર્વત્ર છે પરંતુ **દયા** વગેરેથી હીન મનુષ્યને તે સ્થિતિમાં એ અસ્તિત્વનું જ્ઞાન ના થવાનું. એટલે તેની દૃષ્ટિએ તો ઇશ્વર અજ્ઞાત જ છે, એટલે દરજ્જે અસ્તિત્વ નથી. એ રીતેજ **દયા ક્ષમા શાન્તિ**થી રહિત સ્થળમાં ઇશ્વરનો વાસ નથી એમ કહેવાય. બીજી રીતે ના સંભવે. **દયા** વગેરેથી રહિત મનુષ્યને મન ઇશ્વરનું અસ્તિત્વ અનસ્તિત્વ જેવું જ છે. ઇશ્વરનું અસ્તિત્વ તે માનુષજ્ઞાન સંબન્ધે તો મનુષ્યના જ્ઞાનથી સ્વતન્ત્ર નથીજ. એટલે જ્યહાં એ જ્ઞાન થઇ ના શકે હેવી અદેવી સામગ્રી હોય, ત્યહાં ઈશ્વરનો વાસ નથી જ વસતો એમ કહેવાય. પરંતુ વળી આ તત્ત્વવિવેચનનો અર્થ ભાવનાવાદી (Idealist) જેવો કે અદ્વૈતવાદી જેવો લેવાનો નથી. ઇશ્વર તો **દયા ક્ષમા શાન્તિ**હીન સર્વ કાળમાં હોયજ, પણ **દયાક્ષમાશાન્તિ**હીન તેને દેખે ક્યહાંથી. તેથી તે દ્રષ્ટાને સંબન્ધે તો ઇશ્વર ત્યહાં નહિ છતાં વાસ્તવિક રીતે તો નિરન્તર સ્થાયી ઇશ્વર ખરોજ; જ્ઞાતાને સંબન્ધે માત્ર નહિ. જ્ઞેય જ્ઞાતાથી સ્વતન્ત્ર તો ખરો જ. એક જ્ઞાતા ના જુવે તેજ વખતે બીજો જ્ઞાતા જોતો હોય; ઉદાહરણ તરીકે; હું આ પુસ્તકને જોતો હોઉં તે આંખ્યો મીચું અથવા

પુસ્તક મ્હારાથી દૂર મોકલ્યું માટે તે વખતે બીજા જોનારને પક્ષે, તેમજ પોતાના સ્વતન્ત્ર અસ્તિત્વને પક્ષે પણ, શું તે અસ્તિત્વમાંથી લુપ્ત થયું? નહિ જ. હવે જૂદી જૂદી વ્યક્તિગત આત્મા તે જૂદા જૂદા વ્યક્ત આત્મા એમજ આપણે માનિયે છિયે, એટલે સર્વવ્યક્તિગત એકજ આત્મા છે એમ ગણીને વળી જ્ઞેય તે જ્ઞાતાથી સ્વતન્ત્ર નથી એમ ગણાય. આ તત્ત્વજ્ઞાનમાં વિશેષ ઉતરવું અહિં અપ્રાસંગિક અને અનાવશ્યક છે. તાત્પર્ય માત્ર એટલું કે दया क्षमा शान्तिथी વિરુદ્ધ સ્થળકાળમાં ઈશ્વર નથી એમ નથી, પરંતુ એ ગુણો દૈવી અને એથી વિરોધી સ્થિતિ કરતાં એ સ્થિતિમાં વિશેષે કરીને ઈશ્વરનો વાસ ગણ્યો છે.

આથી પણ વધારે ઊંડો અર્થ આ ઇશ્વર નિવાસના અભંગનો છે. સર્વ दया क्षमा शान्तिનું પરતમ નિદાન—દૂરમાં દૂર મૂળ—ઇશ્વરના દિવ્ય સ્વરૂપમાં છે. તેથી જ્હાં दया क्षमा शान्तिનો વ્યાપાર હોય ત્હાં એ ઈશ્વર હોય જ. તેમ વળી આપણી તરફ ઇશ્વર दया क्षमा અને शान्ति રાખે એ જ્ઞાન અને ઇચ્છા આપણામાં ઉત્પન્ન થાયતો જ આપણે પણ ખરી दया क्षमा અને शान्ति કરી સકિયે, મેળવી સકિયે. તેમ વળી જે दया क्षमा शान्ति ના રાખે તે ઇશ્વર કને दया क्षमा शान्तिનો હક કેમ કરી સકે? એ दया क्षमा અને शान्तिના નિદાન ભૂત મહા સિન્ધુમાંથી જ આપણી दया क्षमा અને शान्तिનાં સ્રોત નીકળે છે.

दयामय, क्षमामय, शान्तिमय એ ઇશ્વરનાં ત્રિપુટ સ્વરૂપનું પૂર્ણું નિરીક્ષણ કર્યાથી આપણામાં એ ગુણના અલ્પાલ્પ અંશ આવશે.

આ સર્વ વિચારો સાથે જોડતાં જણાશે કે જ્યાંહાં दया क्षमा અને शान्ति ત્હાં ઇશ્વરનો નિવાસ એ વચનનો અર્થ ગંભીર છે.

આ વચનનો મહિમા પૂર્ણ સમઝીને, હે દયા સિન્ધુ પરમાત્મા! હમે ત્હારાં નિર્બળ બાળકો दया क्षमा शान्तिનું સંપાદન કરવાને સમર્થ થઇયે હેવી હમારી ઉચ્ચઆહિણી આશા છે. બુદ્ધ જેવી અગાધ दया, ક્રાઇસ્ટ જેવી ગંભીર ક્ષમા અને शान्ति—એ તો હમારા અલ્પબળ આત્માના સામર્થ્યની બ્હાર હશે. પરંતુ જીવનના નિત્ય વ્યવહારમાં ન્હાના ન્હાના પ્રસંગોમાં પણ આ ગુણોનો પ્રચાર કરી સકિયે, બન્ધુ મિત્ર સર્વને પ્રેમ વ-

તનથી, અત્યાચાર સહનથી, સમદર્શિની શાન્તિથી સેવીને સર્વદા સુખ વૃદ્ધિ જગતુમાં કરિયે, કદી કટુ વચન ના બોલિયે, કટુ વચનનું કદી પ્રતિદાન ના દઈએ, સંસારના ન્હાના મ્હોટા આઘાત ખમતાં ક્ષોભ ના પામિયે—આટલી પણ જો સિદ્ધિ થાય તો હે મહાન્ પિતા ! હમે પોતાને કંઇક કૃતાર્થ થયા માનીશું. તું તો **दया क्षमा शान्ति** નો પૂર્ણ સિન્ધુ-છે—એ સિન્ધુમાંથી હમારાં હૃદયમાં થોડાં થોડાં બિન્દુનો પ્રવાહ થશે તો હમે પોતાને ધન્ય ગણીશું. હે દયાસિન્ધુ ! જે સમયે બન્ધુમિત્ર સર્વે હમારો ત્યાગ કરશે, હમારી તરફ નિર્દય વ્યવહાર કરશે, હમારાં પ્રેમ કૃત્યોનો પણ બદલો નિષ્ઠુરતાથી આપશે તે સમયે પરમબન્ધુ તું કદી પણ હમને તજીશ નહિ એ બળથી હમારામાં ધૈર્ય રહે અને હૃદય ક્ષોભ ના પામતાં પ્રેમ, **दया, क्षमा**, અને **शान्ति**થી પૂર્ણ રહે હેવું સદ્ભાગ્ય હમને નિરંતર આપજે !

તથાસ્તુ.

—०()०—